
# સાચો મિત્ર



માઈકલ એસ. ક્રિશ્ચિયન

IBG92 39

# સાચો મિત્ર

(બાળ વાર્તા)

માઈકલ એસ. ક્રિશ્ચિયન

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી
સાહિત્ય સેવાસદન,
એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

◆ સાચો મિત્ર

◆ *પ્રકાશક :*
**ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી**
સાહિત્ય સેવાસદન,
એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : ૬૪૪૫૨૮૧

◆ *લેખક :*
**માઈકલ એસ. ક્રિશ્ચિયન**

◆ **પ્રથમ આવૃત્તિ :** જુલાઈ, ૨૦૦૦

◆ **પ્રત :** ૧૦૦૦

◆ **કિંમત :** રૂ. ૨૫/-

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

◆ *મુદ્રક :*
**જેન્સન કોમ્પ્યુટર્સ**
એ-૪, બેથલેહેમ ફલેટ, પટેલવાડી, ખોખરા મ્યુ. સ્નાનાગાર સામે,
મણિનગર (પૂર્વ), અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૧૬૨૪૪૧

# પ્રકાશકનાં બે બોલ

ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી શ્રી માઈકલ એસ. ક્રિશ્ચિયન લિખિત "સાચો મિત્ર" પુસ્તક બાળ દોસ્તોના હાથમાં મૂકતાં આનંદ અનુભવે છે. બાળ સાહિત્યની ખોટ દૂર કરવા એક સંનિષ્ઠ પ્રયત્નના ભાગરૂપે આ બાળવાર્તાનું પુસ્તક પ્રસિદ્ધ થઈ રહ્યું છે તેનો અમને આનંદ છે અને આ પુસ્તકના લેખકને અમે ખાસ અભિનંદન આપીએ છીએ.

વિવિધ આક્રમક માધ્યમોની ભારે અસરવાળા વાતાવરણમાં આપણા બાળકો અને યુવાનો ખ્રિસ્તી સેવા અને મિશનરી દર્શન વિષે સજાગ બને તે દષ્ટિબિંદુ સાથે આ વાર્તા લખવાનો લેખકે પ્રયત્ન કર્યો છે.

અત્યારની વિષમ પરિસ્થિતિ અને આ સંજોગોમાં મિશનરી સેવા કરવી કેટલી મુશ્કેલ છે, તે સમજાવવાનો તેમજ આ સેવા દ્વારા મળતા આનંદ અને આશિષો પ્રત્યે ધ્યાન દોરવામાં આ પુસ્તક સફળ રહ્યું છે.

જંગલ વિસ્તારમાં દુશ્મનાવટ ધરાવતી બે જાતિમાં મિશનરી સેવાના પ્રયત્નોને પરિણામે એક યુવાન પ્રભુની પાસે આવ્યો અને જે

પરિણામો આવ્યા તે વિશે આ પુસ્તક વાંચવું જ રહ્યું.

આ પુસ્તકના પ્રકાશન માટે શ્રી મોઝીસભાઈ કે. ચૌહાણ (યુ.એસ.એ.) તરફથી તેમના પિતાશ્રી સ્વ. ખાનદાસભાઈ ધૂળાભાઈ તથા માતૃશ્રી સ્વ. લક્ષ્મીબહેન ખાનદાસભાઈની સ્નેહ સ્મૃતિમાં રૂ.૧૦,૦૦૦/- નું ઉદાર દાન પ્રાપ્ત થયું છે તે બદલ શ્રી મોઝીસભાઈ કે. ચૌહાણ તથા સમગ્ર પરિવારનો હૃદયના ઊંડાણથી આભાર માનીએ છીએ.

આ પુસ્તક બાળકોને માટે આશીર્વાદ અને પડકારનું કારણ બનો તેજ અભ્યર્થના.

જુલાઈ-૨૦૦૦ **રેવ. નિકોલસ પરમાર**

*સેક્રેટરી,*

ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી

આ પુસ્તક 'સાચો મિત્ર' અમારાં પિતા-માતાને અર્પણ કરીએ છીએ.



**પિતા : ખાનદાસ ધૂળાભાઈ**

**માતા : લક્ષ્મીબાઈ ખાનદાસ**

વડોદરામાં સને ૧૮૯૫ આસપાસ હાલમાં જે ટ્રેઈનિંગ કંપાઉન્ડ ઓળખાય છે ત્યાં ખ્રિસ્તી ધાર્મિક સેવા અંગેની તાલીમશાળામાં તેઓ બન્નેએ તાલીમ લીધી. બાદ ગ્રામ્ય મંડળીઓ પર પાળક તથા સરકટ પાળક તરીકે લગભગ ૩૫ વર્ષની સેવા બાદ નિવૃત્તી મળી.

માતા સરકટ પાળક પત્ની તરીકે સેવામાં સહભાગી હતા.

*મોઝીસ કે. ચૌહાણ*

# લેખકના બે બોલ

પોતાની કલમે લખાયેલ વાર્તાનું પુસ્તક જોવાનો હરખ કોને ન હોય ! હોઠો ઈશ્વરપિતાની સ્તુતિથી અને હૃદય આભારે ઊભરાય છે ત્યારે મારા જેવા નાચીજને ટ્રાક્ટ સોસાયટીએ આપેલ આ માન માટે તેને વીસરી જાઉં તો નગુણો જ કહેવાઉં ને !

હજી ગયા વર્ષે જ બહાર પડેલ "શરણાગતિ" અને "ઓરિસ્સાની પ્રજ્વલિત શહાદત" પછી "સાચો મિત્ર"નું પ્રથમ પ્રૂફ મારા હાથમાં આવ્યું ત્યારે તે મારા માટે એક સુખદ આશ્ચર્ય હતું. પણ તેની પાછળ મારા સદાના શુભેચ્છક એવા ટ્રાક્ટ સોસાયટીના સેક્રેટરી રેવ. નિકોલસ પરમાર સાહેબ તથા કારોબારી સભ્યોનો છલકાતો પ્રેમ જ નજરે ચઢે છે.

મહદ્ અંશે ખ્રિસ્તી જગતને તારણની વાત ૧ કોરિંથી ૧:૧૮ પ્રમાણે મૂર્ખતા જ લાગે છે પણ અમો તારણ પામનારાંઓને દેવનું સામર્થ્ય છે. ખ્રિસ્તી સાહિત્યમાંથી તારણ અને ખ્રિસ્તી જીવનના સત્યોની બાદબાકી થઈ જાય તો પછી તેની જગતના સાહિત્યની સરખામણીમાં વિશિષ્ટતા શી રહે ? એ તારણની વાતની શંકા જતા જ નાકનું ટેરવું ચઢાવનાર પણ આ વાર્તામાંનાં તારણના સંદેશને રસપૂર્વક વાંચશે તેમાં કોઈ શક છે જ નહીં. વળી તારણ પામનારાંઓને પણ વિવિધ અને વિપરીત સમય સંજોગોમાં કેવું વર્તન કરવું તેના સોનેરી ઉદાહરણ પણ આ વાર્તાના પાત્રોમાં સહજ મળી આવે છે. અને તેથી જ આ વાર્તા તારણનો માર્ગ ચીંધનાર અને વિષમતામાં સહાયક માર્ગ દર્શાવનાર "સાચો મિત્ર" બની રહે તેવી અપેક્ષા તથા પ્રાર્થના છે.

**માઈકલ એસ. ક્રિશ્ચિયન**

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | અદ્‌ભુત બચાવ | ૧ |
| ૨. | આત્મા જીતાયો | ૯ |
| ૩. | કેદમાં.. | ૧૫ |
| ૪. | વકીલાત | ૨૧ |
| ૫. | બલિદાન | ૨૭ |
| ૬. | સાચો મિત્ર | ૩૪ |
| ૭. | નવી યોજના... નવા વિચાર | ૩૯ |
| ૮. | કાળી રાત... કાળી યોજના | ૪૩ |
| ૯. | ખાડો ખોદે તે પડે.. | ૪૯ |
| ૧૦. | વણસેલી પરિસ્થિતિ | ૫૫ |
| ૧૧. | અજબ યુદ્ધ | ૬૨ |
| ૧૨. | મુક્તિ | ૬૭ |
| ૧૩. | પડકાર | ૭૩ |
| ૧૪. | તાવનો પરાજય | ૭૮ |
| ૧૫. | દુશ્મનને પ્રેમ | ૮૩ |
| ૧૬. | શત્રુના હાથમાં... | ૮૯ |
| ૧૭. | ફરીથી ભૂવો ? | ૯૬ |
| ૧૮. | ભૂવાને મદદ | ૧૦૪ |
| ૧૯. | તારનાર ને મારનાર | ૧૧૧ |
| ૨૦. | નબાટાની મદદ | ૧૧૭ |
| ૨૧. | મિત્ર ક્યા ? | ૧૨૩ |
| ૨૨. | ભૂવો છટક્યો | ૧૩૦ |
| ૨૩. | ઈશ્વરની અનોખી રીત | ૧૩૫ |

# ૧ અદ્‌ભુત બચાવ

એનો ચહેરો તમતમી ગયો હતો. મોંમાંથી ફીણ બહાર આવતાં હતાં. તેની છાતી તો ધમણની જેમ ચાલતી હતી. તેના પગ જોર ગુમાવી બેઠા હતા અને લથડતાં હતાં. જેમ જેમ તે ઝડપ વધારવા પ્રયત્ન કરતો હતો તેમ તેમ તેની પરિસ્થિતિ બગડતી જતી હતી. તેની આંખો ફાટી ગઈ હતી અને ભયથી ભરપૂર હતી. તેનું હૃદય તો એટલા જોરથી ધક્ ધક્ થતું હતું જાણે હમણાં જ કૂદીને બહાર નીકળી આવશે. તેણે દોડવાનો છેલ્લો એક મરણિયો પ્રયત્ન કર્યો અને પછી અચેતન થઈને તે પડી ગયો તેની આંખોની આસપાસ અંધકાર છવાઈ ગયો.

તે નબાટા હતો. આફ્રિકાના ગાઢ જંગલમાં વસતી અનેક આદિવાસી જાતિઓમાંથી તેની એક સીકુ જાતિ હતી. અને પ્રણાલિકાગત રીતે તેની જાતિને કિવલુ જાતિ સાથે વંશપરંપરાનું વૈર હતું. સામી જાતિનો જો કોઈ એકલદોકલ મળી જાય તો તેનો ઘડો લાડવો કરી નાંખવામાં બીજી જાતિના માણસને કોઈ જ ખચકાટ કે શરમ લાગે જ નહિ ને ! આવી ભયંકર તથા ખૂન્નસવાળી સીકુ જાતિના મુખીનો દીકરો તે

નબાટા. નબાટા આજે જંગલમાં એકલો જ નીકળ્યો હતો. એક ખાસ જગાએ તેણે બોરડીઓનું ઝુંડ જોયું હતું. અને જો કે તે ઝુંડ દુશ્મન ગામની દિશામાં હતું તો પણ નબાટાએ ત્યાં જવાનો નિર્ણય કરી લીધો હતો. તેને થયું કે કિવલુ લોકોના ડરથી શું સીકુ જાતિના મુખીનો દીકરો પોતાનો નિર્ણય બદલી નાંખે ? ના, તે તો કદાપિ નહિ બને. તેણે તો જંગલ દેવતાના સમ ખાઈને નક્કી કર્યું કે પોતે ત્યાં જશે જ અને ટોપલો ભરીને બોર લઈ આવશે. જ્યારે પોતાના પિતાને આ પરાક્રમની ખબર પડશે ત્યારે શું તેમની છાતી ગજગજ ફૂલશે નહિ શું ? પોતે કોઈથી ગાંજ્યો જાય તેમ નથી. અને બસ તે નીકળી પડયો. પોતાની શારીરિક શક્તિ અને બળના ગુમાનમાં તેણે પોતાની આ યોજના વિષે કોઈને ખબર પણ આપી નહિ.

પોતાના મનપસંદ સ્થળે આવીને તેણે જોયું તો તેની કલ્પના પ્રમાણે જ સુંદર પાકાં બોરનાં ઝુમખા જાણે પવનના સપાટે લળી લળીને તેને આમંત્રણ આપી રહ્યાં હતાં. ખુશીથી ઝૂમતાં તેણે તો ફટાફટ બોર વીણીને ટોપલામાં ભરવાના શરૂ કરી દીધાં તેના જાડા કાળા હોઠ પણ ગોળ થઈ ગયા અને તેમાંથી મસ્તીભરી સીટી વાગવા લાગી. પરંતુ આ તેની ભૂલ હતી તેની મસ્તીભરી સીટીના અવાજને વહેતો પવન ધક્કા મારતો જંગલમાં શિકારે નીકળેલા કિવલુ જાતિના બે આદિવાસીઓ સુધી લઈ ગયો. તેઓ પણ કુતૂહલતાવશ આ બાજુ આવ્યા. તેમણે જોયું તો સીકુ જાતિના મુખીનો દીકરો તેમના ઈલાકામાં આવીને મોજથી બોર ચોરી રહ્યો હતો. તે જોતાં જ તેમની આંખોમાં ખૂન્નસ ઊભરાઈ આવ્યું. તેમાંના



તે જેવો ઢળી પડયો

એકે તો અડસટ્ટે જ નિશાન લઈને ભાલાનો ઘા કર્યો. સન્ન કરતો ભાલો આવ્યો પણ નિશાન ચૂકને કારણે નબાટાના ખભાને છરકતો વાગ્યો. નબાટા ચમક્યો અને ક્ષણમાત્રમાં ભયને પારખી ગયો. તેની મોજ તો હવામાં ક્યાંય બાષ્પીભવન થઈ ગઈ અને તેણે તો મૂઠીઓ વાળીને ગડગડતી મૂકી. પરંતુ પેલા બે જણ હાથમાં આવેલો શિકાર છટકવા દેવા માંગતા ન હતા. તેમણે તો તેનો પીછો પકડયો. ભયભીત નબાટા જીવ લઈને નાસતો હતો. પોતાની મૂર્ખાઈ હવે તેને સમજાઈ ગઈ હતી. પરંતુ એ વિષે વિચાર કરવાનો હમણાં સમય ન હતો. અત્યારે તો પ્રાણ બચાવવાની જ પડી હતી.

તે જેવો ઢળી પડયો તેવો જ સામેથી એક તેની જ ઉંમરનો બીજો છોકરો આવતો દેખાયો. તેણે આ નબાટાને જોયો અને તેની પાછળ લાગેલા આદિવાસીઓના પગલાંનો અવાજ સાંભળ્યો. પળમાત્રમાં તે આખી પરિસ્થિતિ સમજી ગયો. એક વિચાર તો તેને આવ્યો કે ભલેને આ દુશ્મન જાતિના મુખીનો છોકરો મરી જાય તેને શું ? પરંતુ ત્યાં જ તેને મિશનેરી સાહેબના શબ્દો યાદ આવ્યા. "ઈસુએ કહ્યું છે કે તમે તમારા શત્રુને પ્રેમ કરો." અને તરત જ તેણે પેલા છોકરાને ખભા પર ઊંચકી લીધો અને તેને લઈને પાસેની ઝાડીમાં ચૂપકીથી સરકી ગયો. થોડી જ વારમાં તો પેલા છોકરાએ પોતાની જાતિના બે લોહી તરસ્યા વનવાસીઓને ધસી આવતા જોયા. તેઓ સડસડાટ ત્યાંથી પસાર થઈ ગયાં તોપણ પેલો કિશોર ત્યાં જ ચૂપચાપ બેસી રહ્યો તે જાણતો હતો કે હજી ભય પૂરો થયો નથી. થોડી જ વારમાં પેલા બે વનવાસીઓ પાછા આવતા

જણાયા. શિકાર હાથમાંથી છટકી જવાને કારણે તેઓ નિરાશ તથા છંછેડાયેલા હતા. તેઓના પગલાંનો અવાજ જ્યારે બંધ થયો ત્યારે પેલો કિશોર ઊભો થયો.

તેણે નબાટાને ફરીથી પોતાના ખભા ઉપર લઈ લીધો અને નજીકમાં જ તેણે જોયેલા પાણીના વહેળા તરફ તે ગયો. તેણે નબાટાના ઘાને ધોઈને સાફ કર્યો અને નજીકમાંથી કોઈ વનસ્પતિ લાવીને તેની ઉપર લગાડી દીધી. પછી નબાટાના ચહેરા પર પાણીના થોડા છાંટા નાંખ્યા. ધીમે ધીમે નબાટાની આંખો ખૂલી પણ તેણે જે જોયું તેથી તો તે વળી પાછો બેભાન થઈ ગયો અને પેલા કિશોરના હાથમાં જ ઢળી પડયો. કેમ કે જે જાતિના આદિવાસીઓ તેના પ્રાણ લેવાને તેની પાછળ પડયા હતા તે જ જાતિના મુખીનો પુત્ર તેની સામે હતો. તે જોઈને જ તે પાછો ભય તથા બીકનો માર્યો બેહોશ થઈ ગયો હતો. કિવલુ જાતિનો કિશોર તે સમજી ગયો. આ વખતે તેણે તેને ભાનમાં લાવવાનો પ્રયત્ન કર્યો નહિ પરંતુ તેણે તેને એમ જ રહેવા દીધો અને થોડે દૂર જઈને મિશનેરીએ તેને શીખવાડયા પ્રમાણે તે ઘૂંટણે પડયો અને પ્રાર્થના કરવા લાગ્યો.

ફરીથી નબાટાની આંખો ખૂલી તો શત્રુ તેની ઉપર હુમલો કરતો ન હતો. પણ થોડે દૂર ઘૂંટણે પડી કાંઈ બબડતો લાગ્યો. તેની બંધ આંખો જોઈ નબાટાને થયું છટકી જવાની આ સારી તક છે. તે ઊભો થવા જતો હતો ત્યાં તેણે પેલાના મુખમાંથી તેનું નામ સરતું સાંભળ્યું. નબાટા થોભી ગયો. તેણે વિચાર્યું કે અશક્ત શરીરે તે દોડીને દૂર જઈ શકવાનો નથી. વળી જો આ મને મારી નાંખવા માગતો હોત તો તેણે કામ ક્યારનું

પતાવી દીધું હોત. માટે ભાગવામાં મઝા નથી. આંખો બંધ રાખીને તેણે શો તમાશો થાય છે તે જોવાનો નિર્ણય કર્યો તેણે કાન સરવા કર્યાં તો તેને સંભળાયું, "પ્રભુ ઈસુ, તમારા શિષ્ય પીતરે જ્યારે તમારા દુશ્મન માણસનો કાન કાપી નાખ્યો હતો ત્યારે તેને શું તમે સાજો કર્યો ન હતો ? તે જ પ્રમાણે મારી જાતિના માણસોએ આ નિર્દોષ નબાટાને ઘાયલ કર્યો છે. તમે તેને સાજો કરી દો...."

થોડીવાર પછી તે નબાટાની પાસે આવ્યો અને તેણે નબાટાના હાથની નાડી તપાસી. નબાટાએ આંખો ખોલી તો પેલા કિશોરના મુખ પર સ્મિતનાં ફૂલો ખીલી ઊઠયાં. નબાટાએ પણ તેવા જ સ્મિતનો પડઘો પાડયો. પેલા કિશોરનું નામ મીલુ હતું. તેણે પૂછયું, "કેમ છે હવે દોસ્ત ?" નબાટાએ હળવેથી ઉત્તર દીધો, "હવે સારું લાગે છે, પણ એક વાતની નવાઈ મને છે. હું તો તમારી દુશ્મન જાતિનો છું. તેં મને કેમ બચાવ્યો?"

"પ્રભુ ઈસુ," મીલુએ આંખો બંધ કરી ડૂબી જતાં કહ્યું, "અમારા ગામમાં એક પરદેશી ગોરા સાહેબ આવ્યા છે. તેઓ પ્રભુ ઈસુ વિષે ખૂબ જ સુંદર વાતો કહે છે. તેમણે જ બાઈબલમાંથી પ્રેમ વિષે અમને શીખવ્યું છે. ઘણા મારા જાતિભાઈઓએ ખ્રિસ્ત ઈસુનો અંગત તારનાર તરીકે સ્વીકાર કર્યો છે. અને માનીશ ભાઈ, તેમનાં જીવનો તદ્દન બદલાઈ ગયાં છે. દારૂને તો હવે તેઓ અડતાં પણ નથી અને લડાઈ ઝગડા પણ તેને લીધે અદ્રશ્ય થઈ ગયેલાં છે."

"તે પ્રભુ ઈસુ કોણ છે ? શું તે જંગલ દેવતાથી પણ મહાન છે ? પણ તેને અને આપણે શું ? તે તો ગોરાઓનો જ દેવ નથી શું ?" નબાટાએ ઘણાં બધાં પ્રશ્નો એક સામટા પૂછી નાખ્યાં.

મીલુએ નબાટાનો હાથ પકડતા કહ્યું, "તેં તો ઘણા બધાં પ્રશ્નો પૂછી નાખ્યાં દોસ્ત. તે બધાંનો ઉત્તર તને હું આપીશ પણ આજે નહીં. આજે તારે આરામની જરૂર છે. તને વાગેલા ઘામાંથી કેટલુંક લોહી વહી ગયું છે અને હજી તું પૂરેપૂરો ભયમુકત નથી. કદાચ, કોઈ મારી જાતિના એવા લોકો આવી ચડે કે હું પણ તને બચાવી ન શકું માટે ચાલ તને તારા ગામની નજીક મૂકી જાઉં પછી તો તું હિંમત રાખીને ચાલ્યો જજે."

નબાટા આભારવશ નજરે મીલુની સામે તાકી રહ્યો. કિવલુ જાતિની ક્રૂરતા અને દુષ્ટતા જાણે તેના ચહેરા પરથી કોઈએ સાબુથી ધોઈ ન નાંખી હોય તેમ તેનો ચહેરો ખૂબ જ સરળ તથા નિર્દોષ લાગી રહ્યો હતો. એક અજબ પ્રકારની શાંતિ તથા આનંદની ચમક તેના ચહેરા પર હતી, જે નબાટાના હૃદયને જાણે કે સ્પર્શી રહી હતી. પ્રભુ ઈસુએ તેના જીવનમાં આવીને કરેલા બદલાણનું તે પરિણામ હતું જ્યારે છૂટા પડવાનો સમય આવ્યો ત્યારે નબાટાએ મીલુનો હાથ પકડી દબાવતાં કહ્યું, "દોસ્ત મીલુ, આજે તેં મારો પ્રાણ બચાવી મારા પર મોટો ઉપકાર કર્યો છે. હું તારા પ્રભુ ઈસુ વિષે વધુ જાણવા ચાહું છું શું તું મને તે વિષે નહીં જણાવે ?"

મીલુએ પણ તેના પ્રેમનો પ્રત્યુત્તર આપતાં નબાટાનો હાથ

ચૂમી લેતાં કહ્યું, "જરૂર મિત્ર, આવતે વખતે આપણે ફરીથી મળીશું ત્યારે તો તે વિષે ઘણી વાતો કરીશું અને હું તારે માટે એક પુસ્તક પણ લેતો આવીશ બસ ત્યારે આવજે.." કહેતાં તે પાસેની ઝાડીમાં અદ્રશ્ય થઈ ગયો.

નબાટા થોડીવાર તેની પાછળ જોતો ઊભો રહી ગયો અને પછી પોતાના ગામના રસ્તે વળી ગયો.

# ૨ આત્મા જીતાયો

“છપાક્” કરતો અવાજ થયો અને વૃક્ષની ડાળી પરથી એક કિશોર પાણીમાં ડૂબકી મારી ગયો. તે ખૂબ મોજમાં જણાતો હતો. અને કેમ ન હોય ? તે તો નબાટા હતો આજે ઘણો ખુશ હતો કેમ કે કેટલાંય દિવસો પછી આજે તે ઘરમાંથી બહાર નીકળી શક્યો હતો. જો કે ઘેર પથારીમાં પડયાં-પડયાં તેને થતું હતું ક્યારે તે બહાર જાય અને મીલુને મળીને તેની સાથે પ્રભુ ઈસુના પ્રેમ વિષે વાત કરે. કિવલુ જાતિના મુખીના દીકરાની સીકુ જાતિ સામેની દુશ્મનાવટ કેમ કરીને ઓગળી ગઈ એ એક મોટો પ્રશ્ન તેના મનમાં હતો. તરવાની ખૂબ જ મોજ માણ્યા પછી નબાટા બહાર આવ્યો અને પાછો વળવાને બદલે ત્યાં જ ઊગેલા ઘાસમાં બેસી ગયો. થોડીવાર પછી તે ત્યાં જ આડો પડયો અને વીતી ગયેલા થોડા દિવસોના બનાવો વિષે ફરીથી વિચારવા લાગ્યો.

કડડડ... સુકી ડાળીના કચડાવાનો અવાજ આવ્યો અને નબાટા ચમકી ગયો. આ વખતે તે બેધ્યાન ન હતો. તે સાવધ થઈ ગયો અને કાન સરવા કરીને સાંભળવા લાગ્યો. કોઈ જંગલી હિંસક પશુ હોય અથવા વળી પાછો કોઈ દુશ્મન હોય

તો ? આ વખતે નબાટા બેદરકાર રહેવા માંગતો ન હતો. તે દિવસે પણ જો મીલુ ન હોત તો ? વળી તેના વિચારો પ્રભુ ઈસુની આસપાસ ઘુમરાવા માડયાં. પરંતુ સાથે સાથે તેના સજાગ મને એ પણ નોંધ્યું કે જે અવાજ આવતો હતો તે થોડીવાર તો સંભળાયો પણ હવે તદ્દન બંધ પડી ગયો હતો. તેણે વિચાર્યું કોઈ તેની બાજુ આવતું હતું ખરું પરંતુ તે માર્ગ બદલીને બીજી દિશામાં ચાલ્યું ગયું છે. આ વિચારે તેના તંગ બનેલા સ્નાયુઓ થોડા હળવા થયા અને વળી પાછો તે આડો પડીને વિચારવા લાગ્યો કે હવે મીલુ તેને ક્યાં અને કેવી રીતે મળશે ?

વિચારોમાં નબાટા ડૂબી જાય તે પહેલાં તેનાથી થોડે દૂર જ એક ઝાડ પરથી ધબાકો સંભળાયો અને નબાટા કાંઈ પણ કરી શકે તે પહેલાં તો કોઈ તેની પાસે દોડી આવ્યું હતું અને તે તો કિવલુ જાતિનો કિશોર જ, અરે ! મીલુ જ હતો. નબાટાના હોઠોમાંથી ચીસને બદલે આનંદનો ચિત્કાર સરી પડયો. તે કૂદીને બેઠો થયો અને મીલુને ભેટી જ પડયો. "અરે મીલુ, હું તારા જ વિચાર કરતો હતો. તું અહીં ક્યાંથી ?" ઉતાવળે નબાટા પૂછી બેઠો.

"નબાટા, તારી આ જગાએ મોજ માણવાની ટેવ છે એ મને ખબર છે. અને જેવો તું સાજો થઈશ એવો તરત જ અહીં આવવાનો છે એ મને ખાત્રી જ હતી." મીલુએ આંખમાં ચમક સાથે કહ્યું.

"એમ ? ત્યારે તું તો પૂરો જાસૂસ નીકળ્યો ભાઈ."

નબાટાએ મીલુનો હાથ પકડતાં વળી પાછો પ્રશ્ન કર્યો, "પણ તો પછી તેં કદી પણ મારા પર હુમલો કેમ ન કર્યો ? આપણી જાતિઓ વચ્ચે તો વંશપરંપરાગત વૈર ચાલ્યું આવે છે. તારા હાથમાં આવેલી તક તે કેમ ખોઈ દીધી ?"

"નબાટા, જ્યારે પ્રભુ ઈસુ આપણાં હ્રદયમાં આવે છે ત્યારે તે સર્વ જૂના અને ભૂંડા સ્વભાવને લઈ લે છે અને એક નવો સ્વભાવ આપણને આપે છે. તેણે જ મને તારા માટે પ્રેમ આપ્યો છે. તો હવે હું તારી તરફ શત્રુતા કેવી રીતે બતાવું ?"

"અરે હા, તું તો મને કોઈ પુસ્તક આપવાનો હતો ને ? કેમ લાવ્યો છે કે નહીં ?" નબાટાએ ઉઘરાણી કરતાં કહ્યું. "અને પ્રભુ ઈસુ વિષે તો મને વધુ કહે."

"હા નબાટા, તારે માટે હું તે પુસ્તક લાવ્યો છું. પેલી ઝાડીમાં મેં તે સંતાડી છે." આંગળી બતાવતાં મીલુએ કહ્યું. "ચાલ, આપણે ત્યાં જઈએ." બંને ત્યાં પહોંચ્યા એટલે મીલુએ તે પુસ્તક કાઢીને નબાટાના હાથમાં મૂક્યું. સુંદર ચિત્રો સાથેની તે તો "યોહાનની સુવાર્તા" હતી નબાટાની ખુશીનો પાર ન રહ્યો. તેણે સુંદર ચિત્રો તથા સુંવાળા પાનાંઓ પર હાથ ફેરવતાં કહ્યું. "આભાર દોસ્ત. આ જોવાની મને ઘણી જ ઈચ્છા હતી પણ હવે તું એ તો કહે કે આ બધું શું છે ?"

"નબાટા, જ્યારે મિશનેરી અમારા ગામમાં આવ્યો અને પ્રભુ ઈસુ વિષે પુસ્તકો આપીને અમને બાઈબલની વાર્તાઓ કહેતો હતો ત્યારે હું માત્ર કુતૂહલતાવશ ત્યાં જઈને બેસતો અને સાંભળતો. ઈસુ અને મારે કશી જ લેવા દેવા ન હતી.



જ્યારે મિશનેરી અમારા ગામમાં આવ્યો અને પ્રભુ ઈસુ વિષે પુસ્તકો આપીને અમને બાઈબલની વાર્તાઓ કહેતો હતો ત્યારે હું માત્ર કુતૂહલતાવશ ત્યાં જઈને બેસતો અને સાંભળતો.

ગોરાના દેવને અને મારે શું ? એક દિવસ જ્યારે હું આ બાજુ રખડવા આવ્યો ત્યારે મેં તને આવતો જોયો. આપણી જાતિઓ વચ્ચેની દુશ્મનાવટને તો તું જાણે છે. મેં તારો પીછો કર્યો. મારી હાજરીથી તદ્દન અજાણ એવો તું તો નિશસ્ત્ર હતો. મોકો તો સારો હતો પરંતુ કોણ જાણે કેમ મેં મારો વિચાર બદલ્યો અને ચૂપકીથી પાછો ચાલ્યો ગયો. તે સાંજે મિશનેરીએ ઈસુના મરણ સંબંધી વાર્તા કહી. તેના શત્રુઓને તેણે કેવી રીતે ક્ષણમાં માફી આપી અને આપણે પણ જ્યારે તેના શત્રુ સમાન હતા ત્યારે જ તેણે પોતાનું નિષ્કલંક બલિદાન આપણા પાપોને સારુ આપ્યું. વળી તેણે ઘણાંઓના પાપોની માફીને સારુ પોતાનું રક્ત વહેવડાવી દીધું. જો આપણે આપણાં પાપ કબૂલ કરીએ તો ઈસુ આપણા પાપ માફ કરવાને વિશ્વાસુ તથા ન્યાયી છે એવું સમજાવી તેમણે ઈસુને પોતાના તારનાર તરીકે સ્વીકારવા માટેનું પ્રેમી આમંત્રણ આપ્યું ત્યારે તો મારાથી રહેવાયું નહિ. મેં તરત જ મારો હાથ ઊંચો કરીને બતાવ્યો અને જ્યારે મિશનેરી સાથે આંસુસહિત પ્રાર્થના કરી ત્યારે જાણે કે મારા હૃદય પરથી એક બોજ ઢળી પડયો. મારા હૃદયમાં એક અજબ પરિવર્તન આવ્યું. તમામ પ્રકારની દુષ્ટતા તથા શત્રુતા ક્યાંય જતી રહી અને મારું હૃદય પ્રેમ, શાંતિ તથા આનંદથી ઊભરાવા માંડયું. દોસ્ત નબાટા, શું તું પણ એ પ્રેમ, શાંતિ તથા આનંદ પ્રાપ્ત કરવા ચાહે છે ? શું તું પાપોની ક્ષમા પામવા ચાહે છે?"

આશ્ચર્યચકિત આંખે મીલુની કથા સાંભળતા નબાટાએ હકારમાં માથું ધૂણાવ્યું એટલે મીલુએ તરત જ તેને ઘૂંટણે પડવા કહ્યું. બંનેએ સાથે મળીને પ્રાર્થના કરી. થોડીવાર પછી જ્યારે

તેઓ ઘૂંટણેથી ઊઠયાં ત્યારે બંનેના હૃદય અકથ્ય આનંદથી ઊભરાતા હતા. ત્યારપછી તો તેમણે ઈસુ વિષે ઘણી જ વાતો કરી. જ્યારે છૂટા પડવાનો સમય આવ્યો ત્યારે મીલુએ નબાટાનો હાથ પકડી પેલું પુસ્તક યાદ અપાવતાં કહ્યું. "આમાંથી તું દરરોજ વાંચજે અને પ્રાર્થના કરવાનું ભૂલતો નહીં." નબાટાએ મીલુનો હાથ સહેજ દબાવ્યો અને પછી તેને ચૂમી લીધો જાણે કે તે પાકું વચન આપતો ન હોય ?

ફરીથી તેઓનું મિલન કેવા સંજોગોમાં થશે એની તો બંનેને ખબર જ ક્યાં હતી ? બંને ખૂબ જ જલ્દી ફરીથી મળવાના હતા.

# 3 કેદમાં

પ્રભુને સારુ એક આત્માને જીતી શક્યો તેના આનંદમાં મગ્ન એવો મીલુ પોતાના કૂબા તરફ પાછો જઈ રહ્યો હતો. તે ખૂબ જ સાવધાનીથી માર્ગ કાપી રહ્યો હતો. જંગલમાં સાવધાની ખૂબ જ જરૂરી છે કેમ કે આ તો આફ્રિકાનું જંગલ. કઈ પળે મોત કોઈ જંગલી પશુના રૂપમાં કે શત્રુના રૂપમાં હૂમલો કરી દે તે કાંઈ કહેવાય નહીં. જો જરા જેટલા પણ બેદરકાર રહ્યા તો ખલાસ. ખેલ ખતમ થઈ જતાં વાર ન લાગે. હવે ઝાડી પૂરી થઈને થોડું ખુલ્લું મેદાન આવતું હતું.

મીલુને કોણ જાણે કેમ પણ કશાક અમંગળની ગંધ આવી. તેના સ્નાયુઓ તંગ બની ગયા. એકદમ જ આગળ વધતાં પહેલાં ચોકસાઈ કરી લેવા તે કેડીની નજીક આવેલા વૃક્ષ તરફ સરક્યો. અને ચપળતાથી અવાજ ન થાય તેમ ઉપર ચઢી ગયો. તેણે મેદાન તરફ નજર કરી તો તેને પોતાને જે લાગણી થઈ હતી તેની પાછળનો હેતુ સમજાઈ ગયો. તેના ગામની દિશામાંથી મિશનેરી ખભે એક થેલો ભરાવીને આવી રહ્યો હતો. પરંતુ તેને માથે ભય હતો. તેની પાછળ જ સીકુ જાતિના બે આદિવાસીઓ બિલ્લીપગે આવી રહ્યા હતા. તેમના ગંદા



તેની પાછળ જ સીકુ જાતિના બે આદિવાસીઓ બિલ્લીપગે આવી રહ્યા હતા.

કાળા ચહેરા પર લુચ્ચાઈભર્યું સ્મિત રમતું હતું. મીલુને પળમાત્રમાં તેમની કાળી દાનત સમજાઈ ગઈ. તેઓ મિશનેરીને લૂંટી લેવા માંગતા હતા. તેઓ તેની ખૂબ જ નિકટ આવી પહોંચ્યા હતા. એકે તો તેના હાથમાં રહેલો દંડૂકો મિશનેરીના માથા પર મારવા માટે ઊગામ્યો પણ ખરો. મીલુ કોઈ પણ પ્રકારે ચેતવણી આપે તે પહેલાં તો પ્રહાર થઈ ચૂક્યો હતો અને બેધ્યાન મિશનેરી ઢગલો થઈને જમીન પર ઢળી પડયો. તેના હાથમાંથી થેલો છૂટી ગયો. પેલા બંનેએ એકબીજાની સામે સૂચક સ્મિત કર્યું અને થેલો લેવા માટે આગળ વધ્યા.

મીલુનું લોહી તપી ગયું. વીજળીની ઝડપે તેણે પોતાની નાની કામઠી પર તીર ચઢાવ્યું અને સનનનન... કરતું નિશાન લઈને જવા દીધું. થેલો લેવાને લંબાવેલા હાથ પર જ જઈને તે વાગ્યું. ઊઈઈઈ... કરતો એક આદિવાસી તો ત્યાં જ ગુલાંટ ખાઈ ગયો. જ્યારે બીજો તો મૂઠીઓ વાળીને નાઠો અને મેદાનના બીજે છેડે આવેલી ઝાડીમાં અદ્રશ્ય થઈ ગયો મીલુ ઝાડ પરથી નીચે ઉતરીને ઝડપથી આગળ વધ્યો. તેણે જોયું તો બેહોશ મિશનેરીની પાસે જ સીકુ આદિવાસી પણ અચેતન પડયો હતો. તેણે તેની નાડી તપાસી જોઈ તો તે મંદ ગતિએ ચાલુ હતી. ઘામાંથી લોહી વહેવાને કારણે તથા ભયને કારણે તે બેભાન થઈ ગયો હતો. મીલુએ બંનેને ત્યાં જ રહેવા દઈ નજીકના વહેળાની વાટ પકડી અને તેના ખભે ભરાવેલી નાનકડી ભોટકીમાં પાણી ભર્યું તથા એક ઘા ઉપર બાંધવાની વનસ્પતિ તોડી. પાછા આવીને તેણે પ્રથમ તો પેલા

આદિવાસીના હાથ પરનો ઘા ધોઈ તેને વનસ્પતિ બાંધી પણ એટલામાં પાણી ખલાસ થઈ ગયું તેથી તે પાણી ભરવા પાછો ગયો.

પરંતુ અહીં તે થાપ ખાઈ ગયો. બંને જણની સેવા કરવામાં તથા મિશનરી વિષેની ચિંતામાં તે અસાવધ થઈ ગયો. પેલા બીજા શત્રુ વિષેનો વિચાર જ તેના મગજમાંથી નીકળી ગયો હતો. ઝાડી સુધી દોડયા પછી પેલાને ખ્યાલ આવ્યો કે કોઈ તેનો પીછો તો કરતું નથી તો પછી શા માટે ભાગવું ? તે અટકી ગયો અને થોડીવાર રાહ જોયા પછી તે પાછો ફર્યો. રસ્તામાં કોઈને પણ ન જોવાથી તેને થોડી હિંમત આવી ગઈ. તે ઘટના સ્થળે આવીને બધી પરિસ્થિતિ સમજે તે પહેલાં તો મીલુના પાછા ફરવાનો અવાજ આવ્યો. તે એકદમ જ ઊંચા ઘાસ નીચે સંતાઈ ગયો. તેના હાથમાં રહેલા દંડૂકા પર તેની પકડ મજબૂત થઈ ગઈ અને તરાપ મારવાને તૈયાર ચિત્તાની જેમ તેનું એકેએક અંગ તંગ હતું. થોડીવાર પછી તેને મીલુ દેખાયો. તેને જોતાં જ તેની આંખોમાં ઝેર ઊભરાયું. વળી એક નાનકડો છોકરો તેના જેવા બે જણને બીવરાવી ગયો. એ વિચારે તો તેના ખુન્નસનો ગુણાકાર થઈ ગયો.

નવી પરિસ્થિતિથી તદ્દન અજાણ એવો મીલુ તો પાણીની નાની ભોટકી હાથમાં રાખી મિશનેરીની બાજુમાં બેસી ગયો. પરંતુ શત્રુ ત્યારે તો પહોંચી ગયો હતો. જેવો મીલુ પાણી હાથમાં લઈને મિશનરીના મુખ પર છાંટવા જાય છે ત્યાં જ "ઠાફ" કરતો દંડૂકાનો પ્રહાર તેના મસ્તક પર પડયો. બિચારો

મીલુ ! મિશનેરીને ભાનમાં લાવવાને બદલે પોતે જ ભાન ગુમાવીને ઢળી પડયો.

વિજયનું ખંધુ સ્મિત કરીને પેલાએ મીલુના હાથમાંથી દડી પડેલી પાણીની ભોટકી ઉઠાવી અને પોતાના બેભાન સાથીની આંખો પર છાંટવા લાગ્યો. થોડીવારે પેલાએ આંખો ખોલી પણ તે દરમ્યાન પેલા આદિવાસી જેનું નામ કરાટા હતું. તેણે પોતાના સાથીના હાથ પર બાંધેલો પાટો જોઈ લીધો હતો. અરે ! આ તો કેવો શત્રુ છે ? પહેલાં ઘા કરીને પછી પાટો બાંધે છે ! ગમે તે હોય. તેને તેના કૃત્યની સજા મળવી જ જોઈએ. આટલું નાનું ટેણીયું થઈને અમને બીવરાવવા આવ્યું હતું. આજે તેને ખબર પડી જશે કે સીકુ જાતિ કેટલી બળવાન છે. અને તેથી સામે બાથ ભીડવાનું શું પરિણામ આવે છે. ત્યાં તો પેલો સાથી આંખો ખોલી અને કણસતો બેઠો થયો. તેણે પોતાના મિત્રના હાથમાં પાણીની ભોટકી તથા શત્રુઓને બેભાનપણે પડેલા જોયાં. તે ઊભો થયો અને કહેવા લાગ્યો.

"આભાર કરાટા, હવે શું વિચાર છે ?"

કરાટાએ બંને શત્રુઓ સામે આંગળી ચીંધતા કહ્યું, "આ બંનેને આપણે આપણા ગામ લગી ખેંચી જઈએ અને મુખીને સોંપી દઈએ. મુખી ખુશ થશે અને ઈનામ આપશે. શું વિચાર છે તારો ?"

"ઉત્તમ છે મિત્ર, પણ આ ગોરીયાના થેલાનું શું કરીશું?" બીજાએ પ્રશ્ન કર્યો.

"એને હમણાં આટલામાં ક્યાંક સંતાડી દઈએ અને પછી તક મળતાં જ આવીને લઈ જઈશું ?"

બંનેએ મળીને એક ખાડો ખોદ્યો અને તેમાં પેલો થેલો દાટી દીધો પછી બંનેએ બેઉ કેદીના હાથ-પગ બાંધી દીધા અને ખભે ઊઠાવી ગામમાં લઈ ગયા. મુખીના ઘર આગળ આવીને તેમણે તેઓને બહાર જ રાખીને મુખીને જણાવ્યું કે પોતે બે મોટા શિકાર પકડી લાવ્યા છે અને તેમને હવાલે કરે છે. મુખીએ તેમને ઈનામ આપ્યું અને બંને કેદીઓને જુદી ઝૂંપડીમાં પૂરી દેવાનો હુકમ કર્યો.

તે સાંજે તો પૂરા ગામમાં પેલા બંને આદિવાસીઓના પરાક્રમની વાત ફેલાઈ ગઈ અને આજે રાત્રે જંગલ દેવતા સમક્ષ પેલા ગોરીયાનું બલિદાન દેવામાં આવશે એવી જાહેરાત પણ બધાને પહોંચી ગઈ.

# ૪ વકીલાત

આ બધી જ પરિસ્થિતિથી તદ્દન અજાણ એવો નબાટા તો પોતાના કૂબાના એક ખૂણામાં બેસીને પોતાના મિત્રે આપેલી "યોહાનની સુવાર્તા" વાંચવામાં તથા તેમાં આવેલા ચિત્રો જોવામાં તલ્લીન હતો. પ્રભુ ઈસુના જીવન તથા શિક્ષણથી તે ખૂબ જ પ્રભાવિત થઈ ગયો હતો. તેને ખાસ કરીને આ વચન ખૂબ જ સ્પર્શી રહ્યું હતું - "પોતાના મિત્રને સારુ પ્રાણ આપવો તેથી ઉત્તમ પ્રેમ કોઈનો નથી." - "જે આજ્ઞાઓ હું તમને આપું છું તે જો તમે પાળો તો તમે મારા મિત્ર છો." (યોહાન ૧૫:૧૩-૧૪) ઓહ ! કેવો અજાયબ તેનો પ્રેમ. આપણ પાપીઓને સારુ તેણે વધસ્તંભ પર પ્રાણ આપીને પોતાનો અનુપમ પ્રેમ સિદ્ધ કરી દીધો છે. તેવો જીવંત પ્રભુ મીલુના જીવનને પણ પ્રેમથી ઊભરાતું કરી જ દે તેમાં શી નવાઈ ! પોતે પણ તેના જ પ્રેમની આજ્ઞાઓને અનુસરશે એવી દઢ ગાંઠ મનમાં બાંધીને ઊભો થયો ત્યાં તો ઢમ.. ઢમ.. ઢમ... ઢોલનો નૃત્યનાદ તેના કાને પડયો. આ શું ? આ તો જંગલ દેવતાને બલિ ચઢાવતી વખતે જે ઉજાણી અને નૃત્ય થતાં તેના ઢોલનો અવાજ હતો. કોણ છે એ દુર્ભાગી જે આજે અકારણ મોતને ભેટશે ? નબાટા તરત જ બહાર દોડયો અને



આ તો જંગલ દેવતાને બલિ ચઢાવતી વખતે જે ઉજાણી અને નૃત્ય થતાં તેના ઢોલનો અવાજ હતો.

જોયું તો એક ગોરા મિશનેરીને તેના જાતિ ભાઈઓ નાનકડા મેદાનમાં વચ્ચે ઊભા કરેલાં થાંભલે બાંધી રહ્યા હતા. તેના ગામનું સ્ત્રીવૃંદ એક મોટા કડાયામાં ઊકળતા પ્રવાહીમાં ઉમેરવા માટેનું મીશ્રણ તૈયાર કરી રહી હતી. જંગલ દેવતાની ભયંકર તથા બીહામણી વિશાળ મૂર્તિની નજીક ભૂવાના ચાકરો સાફસૂફી કરી રહ્યા હતા. જ્યારે તેણે પૂછ્યું કે આ બધું શું છે? ત્યારે તેને બંને કેદીઓ વિષે તથા તેમની સજા વિષે કહેવામાં આવ્યું. નબાટાનું મુખ એકદમ પડી ગયું પોતાનો મિત્ર કેદમાં? તે તરત જ જ્યાં મીલુને કેદ રાખવામાં આવ્યો હતો ત્યાં દોડી ગયો. મીલુ ત્યારે પ્રાર્થના કરી રહ્યો હતો. તેના ચહેરા પર કોઈ પ્રકારની અશાંતિ કે ભયના ચિહ્ન હતાં નહીં. મુખીના પુત્ર તરીકે નબાટાને કોઈએ રોક્યો ન હતો. તે બંને એકલાં જ હતાં.

થોડી વારે જ્યારે મીલુએ આંખો ખોલી ત્યારે નબાટાને સામે ઊભેલો જોઈ તેણે સ્મિત ફરકાવ્યું પરંતુ નબાટા તેનો ઉત્તર સ્મિતથી વાળી શક્યો નહિ. તેની આંખોમાં અશ્રુ ઊભરાતા હતાં. “મીલુ,” ભરાયેલા સ્વરે તેણે પૂછ્યું, “કેવી રીતે આ બન્યું ?” મીલુએ સર્વ હકીકત જણાવી નબાટાને તેણે પ્રાર્થના કરવાનું જણાવ્યું. ત્યાંથી નીકળીને નબાટા સીધો પિતાજીના કૂબા તરફ વળ્યો.

તેના પિતા તથા ભૂવો બંને આજના બલિ વિષે ચર્ચા કરતા હતા. નબાટા ત્યાં જઈને ઊભો રહ્યો એટલે તેના પિતાએ તેને કરડા અવાજમાં પૂછ્યું “કેમ ?”

નબાટાએ જીવનમાં પ્રથમ વખત પિતાના કઠોર સ્વરથી થડક્યા વિના સામે પૂછ્યું. "પિતાજી, આ હત્યા શા માટે? શા માટે વિનાકારણ લોહી વહેવડાવવું પડે છે?"

તેના પિતા કાંઈ કહે તે પહેલાં ભૂવાએ વાતનો દોર હાથમાં લઈ લેતા પૂછ્યું, "શું સીકુ મુખીનો દીકરો જંગલ દેવતાની પૂજાના વિધિઓથી અજાણ છે કે આજે આમ પૂછે છે?"

"ના, એ વિધિઓ હું બરાબર જાણું છું પણ મારે એ પૂછવું છે કે શો અપરાધ છે આ મિશનેરીનો જેને કારણે તેણે આમ પ્રાણ ખોવા પડે ?"

"અપરાધ?" ભૂવાએ તેના હાથમાં રહેલા દંડને પસવારતા કહ્યું, "તેનો અપરાધ એ છે કે આપણી ભૂમિ પર તે એક વિદેશી દેવને પ્રગટ કરે છે અને આપણી પ્રજાને વટલાવે છે."

"પણ એમાં ખોટું શું કરે છે ? તેનો પ્રભુ ઈસુ જીવનોને બદલી નાંખે છે. વ્યસનો અને લતોથી છોડાવી માણસને પ્રેમાળ બનાવે છે." નબાટાએ દલીલ કરી.

"બદલી નાંખે છે?" આંખમાં ચમક સાથે ભૂવાએ સમજાવવાનો પ્રયત્ન કર્યો. "અરે નમાલા કરી નાંખે છે એમ કહો. દારૂ ન પીવે તો માણસ કેવી રીતે કહેવાય ? શું પશુઓ દારૂ પીવે છે? જો અન્ય કબીલાઓ સાથે યુદ્ધ ન કરીએ તો પછી આપણી વીરતા શા કામની ? તેમની સુંદર સ્ત્રીઓને પત્ની બનાવવાની તક જ ન રહે ને ? જંગલદેવતાની પૂજા ન

કરીએ તો તે રૂઠી ન જાય ? આપણું ધનોતપનોત ન નીકળી જાય ? તું જ કહે."

નબાટાએ તેની અયોગ્ય વાતો પર ધ્યાન ન દેતાં પિતાની સામે જોઈ કહ્યું, "પિતાજી, આ માણસનો ઉપકાર તમારા પર છે. તેણે જો કિવલુ જાતિમાં ઈસુના પ્રેમનો સંદેશ આપ્યો ન હોત તો આજે તમે તમારી સામે તમારા પુત્રને જોઈ શક્યા ન હોત. યાદ છે એ દિવસ જ્યારે હું આ ખભા પર ભાલાનો ઘા લઈને લગભગ બેહોશ હાલતમાં ગામના પાદરે આવ્યો હતો..?" તેણે તે દિવસની વાત પિતાજીને જણાવી. તેના પિતાજીની લાગણી બદલાઈ પરંતુ મિશનેરીને છોડવામાં આવશે તો ગામમાં અને જાતિમાં તેનું મહત્ત્વ ઘટી જશે. એ પામી ગયેલા ભૂવાએ નજીક પડેલો ભાલો ઉઠાવી ભોંયમાં જોરથી ઘા કરતાં કહ્યું,

"મુખી, તારા નાદાન છોકરાની વાતો માનીને તું જો મિશનેરીને છોડી દઈશ તો જંગલ દેવતા રૂઠશે અને સમગ્ર કબીલાનું નિકંદન નીકળી જશે અને એ માટે જવાબદાર હોઈશ તું."

ભૂવાનો બદલાયેલો ચહેરો તથા જંગલ દેવતાના કોપના ભયથી મુખી તો કાંપી ઊઠયો. તેણે માથું ધૂણાવી જાણે કે નબાટાની વાત ખંખેરી કાઢી અને ભૂવાએ ધરેલા પાત્રમાંથી કોઈ તીવ્ર વાસવાળું પીણું પીધું પછી તો તેના પણ રૂપરંગ બદલાઈ ગયા. નબાટા સમજી ગયો. એ તો ઉગ્ર પ્રકારનો દારૂ હતો. તેના પિતાએ "ધાડ" દઈને એક તમાચો નબાટાના ગાલ


ઉપર લગાવી દીધો અને કહ્યું, "મૂરખ, સીકુ જાતિના મુખીનો દીકરો કિવલુ જાતિના માણસોથી ડરીને નાસતો હતો એવી વાત કોઈને કહીશ નહિ અને ચાલ્યો જા અહીંથી તેં તો મારી આબરૂ પર પાણી ફેરવ્યું જા."

# ૫ બલિદાન

નબાટાનો ગાલ ચમચમી ઊઠયો હતો અને આંખોમાં આંસુ ધસી આવ્યા હતાં પરંતુ એ આંસુ મારને કારણે ન હતાં. પોતાનો પ્રાણ બચાવનાર મીલુ તથા મિશનેરીને તે કોઈ પણ રીતે સહાય કરી ન શક્યો તે નિષ્ફળતાના એ આંસુ હતાં. નિરાશ ચાલે તે બહાર આવ્યો અને વધસ્થાન તરફ ચાલ્યો. એક અંધારા ખૂણામાં તે બેસી ગયો.

ઢોલ તો હજી ઢમ...ઢમ... ઢમ વાગે જતો હતો. ત્યાં સળગી રહેલી આગ રાત્રિના અંધકારને વધુ બીહામણો બનાવી રહી હતી. એ આગની આસપાસ સીસમ જેવા કાળા આદિવાસીઓ દારૂના નશામાં નાચી રહ્યા હતા. વિશાળ જંગલ દેવતાની મૂર્તિની નજીક ભૂવાનો ચાકર એક મોટા છરાને ઘસીને ધાર કાઢી રહ્યો હતો. નબાટાએ જોયું તો બંધનાવસ્થામાં રહેલો મિશનેરી આ બધું જોઈ ન તો કાંપતો હતો કે ન તો નિરાશ હતો. તેના ચહેરા પરથી એક અજબ શાંતિ તથા સ્થિરતા ચમકતી હતી. નબાટાને થયું જ્યારે પ્રભુ ઈસુને વધસ્તંભે જડવા લઈ જતા હશે ત્યારે તે પણ શું આવા જ દેખાતા હશે ?

ત્યાં તો મુખી અને ભૂવો બંને આવી પહોંચ્યા. તેમને



**બંધનાવસ્થામાં રહેલો મિશનેરી આ બધું જોઈ ન તો કાંપતો હતો કે ન તો નિરાશ હતો. તેના ચહેરા પરથી એક અજબ શાંતિ તથા સ્થિરતા ચમકતી હતી.**

જોઈને સીકુ આદિવાસીઓના નૃત્યમાં એક નવો જ રંગ ઉમેરાયો. ઢોલનો અવાજ વધુ તીવ્ર બનતો જતો હતો. પૂજાની સામગ્રી જ્યાં ગોઠવવામાં આવી હતી ત્યાં ભૂવો ઘૂંટણે પડીને બેસી ગયો અને જાણે કે મંત્રોચ્ચાર કરતો હોય તેમ બબડાટ કરતાં એક એક વસ્તુને અડતો હતો અને મૂકી દેતો હતો. મુખી પોતાના સ્થાને ચૂપચાપ બેસીને જલદ શરાબના પ્યાલાને પેટમાં ઠાલવી રહ્યો હતો.

અચાનક જ ભૂવો સડાક દઈને ઊભો થઈ ગયો. તેના ઊભા થવાની સાથે જ મુખીએ તેના હાથમાંનું પાત્ર નીચે મૂકી દીધું. ઢબૂકતો ઢોલ શાંત પડી ગયો અને નાચગાનમાં મશગૂલ સીકુ આદિવાસીઓ પણ થંભી ગયા. ઘડી પહેલાંનો શોરબકોર એવો તો શાંત થઈ ગયો જાણે કે જોરથી ચાલતા રેડિયોની સ્વીચ કોઈએ ઓફ કરી દીધી ના હોય. ચોતરફ સન્નાટો છવાઈ ગયો. પરંતુ ઘડી પહેલાના ઘોંઘાટ કરતા આ શાંતિ વધુ ભયાનક જણાતી હતી. પેલા ભૂવાના ચહેરા પરથી નિર્દયતા જાણે પરસેવો થઈને ટપકતી હતી. તેણે પોતાનો જમણો હાથ ઊંચો કર્યો. મુખીએ તે જોતાં જ ભૂવાના ચાકરને ઈશારો કર્યો. તેણે દોડીને ભૂવાના હાથમાં ખડગ પકડાવી દીધું.

ભૂવો તેની મક્કમ ચાલે વેદી તરફ ચાલ્યો. તેના બે સાથીઓ પેલા મિશનેરીને પકડીને વેદી તરફ ઘસડવા માંડયાં, મિશનેરીના મુખમાંથી દર્દનો ઊંહકારો કે નિસાસો પણ નીકળતો નથી. તેના ચહેરા પરથી તો શહીદ સ્તેફનના મૃત્યુ સમયે આવેલો પ્રકાશ ચમકી રહ્યો હતો. મુખી તેના વર્તનથી ચકિત હતો. ભૂવો પણ વિસ્મીત હતો. આવા સમયે તેમણે

માણસોને રડતા, ચીસો પાડતાં અને ભયથી બેશુદ્ધ થતાં જોયાં હતાં. પરંતુ અહીં એક માણસ એવો હતો જેને મૃત્યુની લેશમાત્ર બીક ન હતી. નબાટાને તેની હિંમતને માટે માન થઈ આવ્યું. ત્યાં તેણે મિશનેરીની છેલ્લી પ્રાર્થના સાંભળી. "ઓ પ્રભુ, તું તેઓને માફ કર કેમકે તેઓ શું કરે છે તે તેઓ જાણતા નથી."

ભૂવાનો છરો ચમક્યો અને ક્ષણવારમાં તો મિશનેરીનું મસ્તક ધડથી અલગ થઈ ગયું. લોહીનો ફૂવારો ઊડયો તે ભૂવાએ તેના બીજા હાથમાં રહેલાં પાત્રમાં ઝીલી લીધો. પછી તે લોહીનો વિકરાળ દેખાતા જંગલ દેવતાની લટકતી લાંબી જીભ પર અભિષેક કર્યો. નબાટા આંખો મીચી ગયો. હવે પછીની આજની મિજબાનીમાં તે ભાગ લઈ શકે તેમ ન હતો. મિજબાનીની મોજ માણીને વિદાય થતા સીકુ આદિવાસીઓ હજી આવતી કાલે પણ આવી જ મિજબાની મળવાની છે તેવા આનંદમાં પોતપોતાને ઘેર વળી રહ્યા હતા. સૌથી મોટો ભાગ મુખી તથા ભૂવાનો હતો. તેઓ ખૂબ જ રસપૂર્વક વહેંચણી કરી રહ્યા હતા. પરંતુ છોડે દૂર અંધકાર ઓઢીને બેઠેલા નબાટાને આ કોઈ જ પ્રક્રિયામાં કશો જ રસ ન હતો.

પોતાના પ્રાણને બચાવી અજાયબ તારનાર સાથે ઓળખાણ કરાવનાર મીલુને તે કોઈ પણ રીતે અને ભોગે બચાવવા ચાહતો હતો. અચાનક તેને યાદ આવ્યું કે મીલુએ તેને પ્રાર્થના કરવાનું શીખવ્યું હતું. તરત જ તે ઘૂંટણિયે પડયો અને પછી ભાંગ્યાતૂટયાં શબ્દોમાં પ્રભુ ઈસુને મીલુનો પ્રાણ બચાવવા માટે વિનંતી કરવા લાગ્યો. જ્યારે તેણે "આમેન"

કર્યું ત્યારે તેણે જોયું તો સઘળું સૂમસામ હતું. તે ઢીલા પગલે ઊભો થયો અને પોતાના કૂબા તરફ વળ્યો.

બીજા દિવસની પ્રભાતે નબાટા ઊઠયો અને નિત્યક્રમથી પરવારી તેણે મીલુએ આપેલ પુસ્તક લીધું અને દેવના વચનની અજાયબ સંગતમાં જાણે કે ખોવાઈ ગયો. આની આ જ ચોપડી તેણે ગઈકાલે વાંચી હતી. પરંતુ આજે તે નવી જ લાગતી હતી. કેટલીકવારનાં વાંચન પછી તે ઘૂંટણિયે પડીને પ્રાર્થના કરવા લાગ્યો. ત્યારે જ એક વિચાર તેના મગજમાં ચમક્યો. પ્રાર્થના પૂરી કર્યા પછી તે તેના પિતાજીની પાસે પાછો ગયો અને વાતચીતનો આરંભ કર્યો.

"બાપુ, શું તમારા દીકરાનો પ્રાણ જેણે બચાવ્યો છે તેને તમે મારી નાંખશો?" "નબાટા, તું હજી કાચો છે. દુશ્મનને ક્યારે પણ તક ન આપવી જોઈએ. તેણે કોઈ યોજના ઘડીને જ તને બચાવ્યો હશે." "પરંતુ શું તમે તેને મરવા દેશો?" "મારા ભોળા દીકરા, શત્રુ ઉપર કદી વિશ્વાસ કરાય નહિ તે ગમે તેવી મીઠી મીઠી વાતો કરે પણ આપણે ભોળવાવું નહિ તે તો વળી શત્રુ મુખીનો દીકરો છે. તેને છોડી મૂકવાની મૂર્ખાઈ તારો બાપ કદાપિ કરશે નહિ. નબાટા તું જઈ શકે છે. મારે હજી ઘણાં કામ છે." કહી તેના પિતાએ તો વાત પર પૂર્ણવિરામ મૂકી દીધું.

નબાટા ત્યાંથી નીકળીને મીલુની ઝૂંપડી તરફ વળ્યો. તેણે નોંધ્યું કે ભૂવાના બે ચાકરો ઝૂંપડીનો પહેરો ભરી રહ્યા હતા.

મુખીના દીકરા તરીકે તેમણે નબાટાને રોક્યો તો નહિ પણ તેની ઉપર તેમની નજર તો હતી જ.

"મીલુ." નબાટાએ સાદ દીધો. બંધનાવસ્થામાં પડેલા મીલુએ આંખોના ઈશારાથી તેને આવકાર્યો. નબાટા તેની નજીક ગયો અને રુદનભર્યા સ્વરે બોલ્યો, "મીલુ, મિશનેરી તો ગયા. અફસોસ છે મને. હું તેમને બચાવી શક્યો નહિ."

"નબાટા" મીલુએ પણ એવા જ સ્વરે કહ્યું. "મિશનેરી ગયા એતો રાત્રે વાગતા ઢોલનો નાદ મને કહી ગયો હતો. અને આજે હું પણ જઈશ. દોસ્ત, મરણ એ જ અંત નથી. પરંતુ એક સમય આવશે. જ્યારે આપણે સૌ એકબીજાને ફરી મળીશું."

"ઓહ ! પરંતુ કેવું અજાયબ કાર્ય તેમનું હતું ? તે તો હવે અટકી જ ગયું ને ? "ના રે ના એ તો શેનું અટકે ? તું છે ને ? હવે પ્રભુ ઈસુના પ્રેમનો સંદેશ બધાને વહેંચવાની જવાબદારી તારી છે દોસ્ત." "ના મીલુ, જો હું એક વાત તને કહેવા આવ્યો છું. આજે બપોરે હું ફરીથી અહીં આવીશ તને હું બંધનમુક્ત કરીશ તું મારો વેશ લઈને નીકળી જજે." "તો પછી તારું શું નબાટા ? એ નહીં બને તારી જાતિની ભયંકરતા હું જાણું છું. તેઓ જો જાણશે તો તારો જીવ લઈ લેશે. વળી ગઈકાલે તેં મારી તથા મિશનેરીની વકીલાત કરીને ભૂવાની સાથે શત્રુતા વહોરી લીધી છે. એ મેં તેના ચાકરોની વાતચીત પરથી જાણ્યું છે."

"મીલુ, જો દોસ્ત અત્યારે ચર્ચા કરવાનો કે વાદવિવાદ

કરવાનો કોઈ અવકાશ નથી જો પ્રભુ ઈસુએ પોતે જ નથી કહ્યું કે, મિત્રને સારુ પ્રાણ આપવો તે કરતાં મોટો પ્રેમ કોઈ નથી ? તો શા માટે મને અટકાવે છે ? જો હું અત્યારે જાઉં છું અને બપોરે આવીશ કેમ કે ત્યારે બહાર અવરજવર તથા વસ્તી ઓછી હોય છે અને પ્રભુ તને સહાય કરશે." એટલું કહી તે ઊભો થયો અને મીલુનો એક પણ શબ્દ સાંભળ્યા વિના રવાના થઈ ગયો.

થોડે દૂર જઈને નબાટાએ પાછળ વળીને જોયું તો તેની ધારણા સાચી હતી. ભૂવાના બંને ચાકરો મીલુની ઝૂંપડીને તપાસી રહ્યા હતા. તે મનમાં હસ્યો અને પોતાના કૂબામાં જઈ આરામથી એક જગા ખોળી કાઢી ત્યાં બેસીને સુવાર્તાના વાંચનમાં ખોવાઈ ગયો.

# ૬ સાચો મિત્ર

નવી પરિસ્થિતિમાં શું કરવું તે મીલુને માટે ગૂંચવણભર્યો પ્રશ્ન હતો. નબાટા તેના નિર્ણયમાં મક્કમ હતો. તો શું મારે તેને મરવા દેવો ? એ કેટલું ઉચિત કહેવાય ? તેણે પ્રાર્થના દ્વારા પ્રભુની આગળ આ પ્રશ્ન મૂક્યો. અને ત્યારે જ તેને એક વિચાર આવ્યો અને શાંત મને તેણે પ્રભુની આ ઈચ્છા ગ્રહણ કરી લીધી.


બપોરે નબાટા જ્યારે મીલુની ઝૂંપડી તરફ વળ્યો ત્યારે ભૂવાના ચાકરોની નજર તેની ચોકી કરી રહી હતી તે તેણે નોંધી લીધું પણ તેની પરવા કર્યા વિના તે આગળ વધીને મીલુ પાસે પહોંચી ગયો. બંનેએ વેશભૂષા બદલી લીધી. મીલુને સ્થાને નબાટા બંધનમાં હતો. નબાટા બહાર નીકળી ગયો પછી ભૂવાના ચાકરો ઝૂંપડીના દ્વાર પાસે આવ્યા અને નબાટાએ પોતાનું મુખ જમીન સરસું કરી દીધું. પોતાનો શિકાર છટકી ગયો નથી તેની ખાત્રી થતાં બંને આનંદ કરતા પાછા વળી ગયાં. નબાટા બંધ આંખે પ્રાર્થના કરતો હતો. હવે શું થશે ?

એ રાત્રે જાણે કોઈ સીનેમાના દશ્યનો રીટેક લેવાતો હોય તેમ સીકુ ગામનાં જંગલદેવતાની ભયાનક મૂર્તિની સમક્ષ

ગઈકાલ રાતનું દ્રશ્ય પુનઃ એક વાર ખડું થઈ ગયું હતું. ઢમ...ઢમ...ઢમ.. ઢોલનો ધ્વનિ ગૂંજી રહ્યો હતો. માણસખાઉ આદિવાસીઓનું દારૂના નશામાં થતું નૃત્ય, ભૂવાના સાગરીતનું ખડગનું પથ્થર પર ઘસવું બધું જ એમનું એમ હતું. ફેર હતો માત્ર બલિનો. ગઈકાલે એક ગોરો માણસ મસ્તક ઊંચું કરી પ્રાર્થના કરતો હતો તેના સ્થાને એક કાળો છોકરો છાતી પર મસ્તક ઢાળીને ઊભો હતો. થોડી જ વારમાં મુખી તથા ભૂવો પણ આવી ગયાં. બંનેએ પોતાનું સ્થાન લીધું. ગઈકાલની જેમ જ મંત્રો ગણગણીને ભૂવો ઊભો થયો. ઢોલ બંધ, નાચ બંધ. કેટલાંકની શ્વાસોશ્વાસની સ્વાભાવિક ક્રિયા પણ બંધ.

હાથમાં પકડેલા છરા સાથે ભૂવો આગળ વધ્યો અને બલિની નિકટ પહોંચ્યો. તેના તંગ સ્નાયુઓ સાથેનો હાથ ઊંચો થયો અને ચકચકિત છરો ચમક્યો. પરંતુ ત્યારે જ એક ધારદાર ઘેરો અવાજ નીરવ શાંતિને ચીરતો આવ્યો - **“થોભો.”**

બધાં જ ચમકી ગયાં. મેદાનના એક છેડે એક ઊંચો પહાડી આદિવાસી દેખાયો. તે સંપૂર્ણ શસ્ત્ર સજ્જ હતો અને સિંહની જેવી તેની ચાલ રૂઆબદાર હતી. નજીક આવતાં જ બધાંએ તેને ઓળખ્યો. અરે, આ તો કિવલુ જાતિનો સરદાર. ભૂવો તરત જ સમજી ગયો કે કિવલુ આદિવાસીઓએ તેમને ઘેરી લીધા છે અને બલિના ઉત્સવની ઊજવણીમાં તેઓ ઊંઘતા જ ઝડપાયા છે. પરંતુ ત્યાં જ વીજળીના ઝબકાર જેવો એક વિચાર તેના દુષ્ટ મગજમાં ચમક્યો. પોતાનો ધારદાર છરો બલિના ગળા પર મૂકતાં તેણે રાડ પાડી, “એટલે જ રહેજો કિવલુ સરદાર નહીં તો તમારો પ્યારો પુત્ર હમણાં જ...” તે ધૂર્ત



"પકડી લો એ મૂરખાને."

માણસે પોતાનું વાક્ય ત્યાંથી જ સમેટી લીધું અને આગળ પોતાના ચાકરોને ઈશારો કરતાં બોલ્યો, "પકડી લો એ મૂરખાને."

કિવલુ સરદારની કૂચ અટકી નહીં પરંતુ ત્યારે જ એક તીર સનનન... કરતું ભૂવાના હાથમાં એ રીતે વાગ્યું કે તેનો છરો નબાટાને માત્ર થોડી જ ઈજા કરીને નીચે પટકાઈ પડયો. ભૂવો પણ એકબાજુ પડીને કણસવા લાગ્યો.

પછી નબાટાના બંધનો કાપી તેને બધા સમક્ષ લાવતાં સરદારે બુલંદ અવાજે કહ્યું, "વૈરના અગ્નિમાં અંધ બનેલા તથા દારૂના નશામાં ભાન ભૂલેલા લોકો, જરા જુઓ, તમે કોને બલિ તરીકે વધેરી રહ્યા છો ?"

મુખીના હૃદયમાંથી એક આહ અને વસ્તીના મુખમાંથી સિસકારો નીકળી ગયો. ત્યારે જ ફરીથી કિવલુ સરદારનો સ્વર ગુંજી ઊઠયો "પથ્થરની આ નિર્જીવ મૂર્તિ સમક્ષ વર્ષોથી આપણે શત્રુઓના બલિદાન આપ્યાં છે પરંતુ તેથી આપણને શું પ્રાપ્ત થયું છે ? એ માનવ હત્યાઓએ તમારાં અને મારાં પાપોમાં માત્ર ઉમેરો કરવા સિવાય કાંઈ જ કર્યું નથી. પરતુ ભલું થજો એ સદ્દગત મિશનેરીનું જેણે પ્રેમના પરમેશ્વરનો પરિચય આપણને કરાવ્યો. જીવતા દેવની સમક્ષ નિર્દોષ રજૂ થવાને પાપોની ક્ષમા પ્રાપ્ત કરવાનો માર્ગ આપણને બતાવ્યો. જીવનોને ધરમૂળથી બદલી નાખનાર ઈસુની ઓળખ તેમણે અમને કરાવી અને તમને પણ કરાવવાને તમારી પાસે તે આવ્યો પરંતુ તમે તેને મારી નાંખ્યો. તે ન આવ્યો હોત તો

આજના જેવો મોકો મળતાં જ અમે તમારી આખી જાતિનું નિકંદન કાઢી જ નાખ્યું હોત."

ત્યારે જ બધાંએ પૂછયું, "તો અમે હવે શું કરીએ ?"

"તમે બધાં પશ્ચાતાપ કરો અને ખ્રિસ્તના પ્રેમનો સ્વીકાર કરો. જૂની દુશ્મનાવટ ભૂલી, આવો આજથી આપણે એક નવી જીંદગીનો આરંભ કરીએ" કહેતા કિવલુ સરદાર સીકુ જાતિના મુખીને ભેટી પડયો. બંધનમુક્ત નબાટા પણ મીલુને ભેટી પડયો બંને જાતિઓની દુશ્મનાવટ તે દિવસે મરણ પામી અને ઈસુના પ્રેમનો જયજયકાર હવામાં ગૂંજી રહ્યો.

નબાટા સમજી ગયો કે આ બધાની પાછળ મીલુ જ હતો તેણે જ આ મહાભારે પરાક્રમનું કાર્ય કર્યું હતું તેણે મીલુનો હાથ દબાવતાં કહ્યું "આભાર દોસ્ત."

મીલુએ પ્રેમથી તેના ખભે હાથ મૂકતાં કહ્યું, "ના...ના... દોસ્ત, જો તેં ખરેખર જ પ્રાણ દેવાની તૈયારી ન બતાવી હોત તો આ શક્ય જ ન હતું દેવના વચનમાં ઈસુએ જે કહ્યું છે તે પ્રમાણે જ થયું."

# ૭ નવી યોજના... નવા વિચાર

**ના**નકડા સરોવરનું પાણી તેમાં લાગતી થાપટોને કારણે આંદોલિત હતું. બે વિભિન્ન જાતિના કિશોરો તરવાનો આનંદ માણી રહ્યા હતા. એકમેકની જાતિ વચ્ચે ચાલી આવતી દુશ્મનાવટને કારણે બંને મિત્રો હોવા છતાં પણ ખુલ્લેઆમ મળી ન શકતા હતા. પરંતુ ખ્રિસ્ત ઈસુના પ્રેમની સુવાર્તાના પ્રકાશે દુશ્મનાવટના અંધકારના ભયને દૂર ભગાવી મૂક્યો હતો. આજે બંને જાતિના લોકો એકબીજાના પ્રાણના શત્રુ ન હતા પરંતુ તેઓ એકમેકનો ખભેખભો મિલાવી પ્રેમના ગીતો ગાઈને આનંદ મનાવતા હતા. વિદેશી મિશનેરીનું બલિદાન એળે ગયું ન હતું પણ પથ્થરના દેવતાના ચરણોમાં વહેલું તેનું રક્ત કોઈ નવો જ રંગ લાવ્યું હતું. તેના રક્તે તો બીહામણા પથ્થરના દેવતાનો સઘળો ભય દૂર કરીને તેને નિર્જીવ પથ્થર સાબિત કરી દીધો અને જીવતા પરમેશ્વરના પ્રેમના રાજ્યને સ્થાપિત કરી દીધું હતું. ખ્રિસ્ત ઈસુમાં મળેલી સ્વતંત્રતાને કારણે બંને મિત્રોનું મિલન આનંદમય હતું.

લાંબો સમય પાણીની મોજ માણ્યા પછી બંને બહાર

આવ્યાં. કપડાં સૂકવવાનો તો પ્રશ્ન જ ન હતો. આફ્રિકન આદિવાસીઓ એક માત્ર લંગોટ જ પહેરે છે.



*એક મોટા પથ્થર પર બેસીને બંનેએ થાક ઉતારવાનું નક્કી કર્યું.*

એક મોટા પથ્થર પર બેસીને બંનેએ થાક ઉતારવાનુ નક્કી કર્યું ત્યાં જ તેમના તીરકામઠાં પણ પડયાં હતાં.

"મીલુ, તે દિવસે તેં ગજબ યોજના કરી અને મને છોડાવ્યો. ખૂબ ખૂબ આભાર તારો." નબાટાએ એ વિતેલા દિવસોને યાદ કરતાં કહ્યું.

"ઊંહ," મીલુએ મોં મચકોડતા કહ્યું "મેં તો કાંઈ જ કર્યું

નથી એ તો પ્રભુએ જ મને વિચાર આપ્યો અને વળી જ્યારે મારા પિતા પાસે પહોંચીને મેં વાત કરી ત્યારે તે પણ વિના આનાકાનીએ મને સાથ દેવા તૈયાર થઈ ગયા. અમે તો જેવું વધ-નૃત્ય શરૂ થયું કે તરત જ આવી ગયા હતાં. પરંતુ મારા પિતાએ બધાંને યોગ્ય સમય સુધી રાહ જોવા માટે કહ્યું, અને પછીની વાત તો તું જાણે છે."

"વારું દોસ્ત, પ્રભુના માર્ગ ખરેખર ન્યારા હોય છે નહિ ? તો વળી સીકુ અને કિવલુ જાતિની દુશ્મનાવટોનો કદીક અંત આવશે એવો સ્વપ્નેય વિચાર કર્યો હોય તો કોઈ ગાંડાં જ ગણે ને ?"

"તે માટે ઈશ્વરપિતાને ધન્યવાદ હો. પરંતુ આટલું જ પૂરતું નથી મિશનેરી જે આજ્ઞાને માન આપીને આપણી વચ્ચે આવ્યા હતા તે જ આજ્ઞા આપણે પણ પાળવાની છે. આફ્રિકાના જંગલોમાં માત્ર બે જ જાતિઓ નથી પરંતુ સેંકડો ગામો અને જાતિઓ છે. તેમના સુધી હજી ખ્રિસ્ત ઈસુના પ્રેમની સુવાર્તાનો સંદેશ પહોંચ્યો નથી. તેમને કોણ કહેવા જશે ? તેમની વચ્ચેની દુશ્મનાવટને કોણ મીટાવશે ? શું કોઈ નવો મિશનેરી આવે ત્યાં સુધી આપણે રાહ જોઈશું ? હાથ જોડીને બેસી રહીશું ? બોલતાં બોલતાં મીલુની હાથની મૂઠી વળી ગઈ હતી. અને એક નવો જ ચહેરો નબાટા જોઈ રહ્યો હતો."

"પણ આપણે તે કામ કેવી રીતે કરી શકીએ ? આપણને કાંઈ મિશનેરીની જેમ ભાષણો કરતાં થોડું આવડે ?" નબાટાએ પ્રશ્ન કર્યો.

"એ તો ખરું, પણ આપણે સાક્ષી તો આપી શકીએ ને ? ખ્રિસ્તે આપણાં જીવનમાં કેવી રીતે શાંતિ તથા આનંદ આપ્યાં છે તે ન કહી શકીએ ?" મીલુએ ઉત્તરના બદલે પ્રશ્ન જ કર્યો.

"તો કેવી રીતે કામ શરૂ કરીશું ?" મીલુની વાત સમજી જતાં નબાટાએ નવો પ્રશ્ન કર્યો.

"તે માટે આપણે પ્રભુને જ પૂછીએ." હવે મીલુ ઘૂંટણે પડયો અને નબાટા પણ તેને અનુસર્યો. કેટલોક સમય પ્રાર્થનામાં રહ્યા પછી વળી બંનેએ વિચાર વિનિમય કર્યો અને મિશનેરીના થેલામાં પડેલી સુવાર્તાઓ લઈ બીજે દિવસે નજીકનાં ગામમાં સુવાર્તા માટે જવાનો નિર્ણય કર્યો. ફરીથી ટૂંકી પ્રાર્થના કરીને બંનેએ એકબીજાની વિદાય લીધી.

બંને કિશોરોના જવાનો પગલાંનો અવાજ બંધ થયો કે એક મોટા પથ્થર પાછળથી એક આદિવાસી બહાર આવ્યો. તે તો કરાટા હતો, જેણે મિશનેરી તથા મીલુને બંદી બનાવ્યા હતા. તે ભૂવાનો જાસૂસ હતો. તેણે છૂપાઈને બંનેની વાતચીત સાંભળી હતી. તેના ચહેરા પર વિચિત્ર પ્રકારનું લૂચ્ચું સ્મિત હતું જે તેના કાળા ચહેરાને વધુ ગંદો બનાવતું હતું. તે ત્યાંથી નીકળીને ભૂવાની પાસે જઈ રહ્યો હતો.

# ૮ કાળી રાત.. કાળી યોજના

કાળી રાતની ચાદર ઓઢીને માનવ વસ્તી ઊંઘ લઈ રહી હતી. વનસ્પતિ પણ જાણે કે ઘેરી ઊંઘનાં ઝોલાં ખાઈ રહી હતી અને સ્તબ્ધ હતી. સીકુ અને કિવલુ જાતિના લોકો નિદ્રાવશ હતા. પરંતુ જંગલનું વાતાવરણ નીરવ ન હતું. નિશાચર પ્રાણીઓ માટે તો જાણે કે દિવસ ઊગ્યો હતો. આહારની શોધમાં તેઓ લાગેલા હતા અને તેમના પરિશ્રમને કારણે જંગલ જીવંત હતું. તળાવ કિનારે પાણી પીવા આવનાર પ્રાણીઓના કવચિત આગમન સિવાય શાંતિ હતી. આવા સમયે એક કાળો આદિવાસી જાગૃત હતો. ઠંડા પડી રહેલા અંગારાને ફૂંકો મારીને પુનઃ સળગાવવાની પ્રવૃત્તિમાં તે રત હતો. તે તો ભૂવો હતો. પોતાની જાતિના દુશ્મન સરદાર તથા તેના પુત્રના હાથે મળેલી હારને કારણે તે ઘૂંધવાયેલો હતો. પોતાના સરદારનો પુત્ર પણ ફૂટેલો જ તો હતો નહિ તો હાથમાં આવેલો શિકાર એમ છટકી શેનો જાય ? વળી ગોરાઓના દેવનો સ્વીકાર થવાથી તેના અનુયાયીઓની સંખ્યામાં ઓટ આવવાની સાથે જ તેનું વર્ચસ્વ પણ ઘટી ગયું હતું. અને આ વાત તો તેને પોષાય તેમ જ ન હતી. ભલે બહાર અંગારા ઠંડા પડી ગયા હતા. પરંતુ તેના અંતરમાં વૈરનો અગ્નિ તો



કાળી રાતની ચાદર ઓઢીને માનવ વસ્તી ઊંઘ લઈ રહી હતી.

દાવાનળની જેમ ભડકી રહ્યો હતો. બદલો... બદલો એ જ તેના ભીતરનો અવાજ હતો અને એ માટે કોઈનું રક્ત વહેવડાવવું પડે તો પણ તેને વાંધો ન હતો. આ માટે જ તેણે કરાટાને સાધ્યો હતો અને નબાટા તેમ જ મીલુની જાસૂસી કરવાનું કાર્ય તેને સોંપ્યું હતું. કોઈ પણ રીતે તેના માર્ગના આ બંને કાંટાઓને દૂર કરવા માટે તે કટિબદ્ધ હતો. પરંતુ એવી કોઈ તક તેના હાથમાં આવતી ન હતી અને તેથી જ તે ધૂંધવાતો હતો હવે શું થાય

ત્યાં જ રાત્રિની નીરવતામાં તેને કાને કોઈનો પગલાંનો અવાજ પડયો. તરત જ તે સતેજ થઈ ગયો. બાજુમાં પડેલો ભાલો તેણે ઊઠાવી લીધો. તેના સ્નાયુઓ તંગ બની ગયા. તેની ચકોર બુદ્ધિએ નોંધ્યું કે કોઈ મનુષ્યના પગલાંનો અવાજ તેની જ દિશામાં આવી રહ્યો હતો. ભૂવાએ તરત જ નજીકમાં પડેલી એક શિલાની આડશ લઈ લીધી. કોણ હશે ? દોસ્ત હશે કે દુશ્મન ? આ તો આફ્રિકન જંગલ. અહીં પળે પળની સાવધાની અને સાવચેતી જરૂરી છે.

આવનાર વ્યક્તિ જ્યારે અંગારા પાસે આવ્યો ત્યારે જ ભૂવાએ તેને ઓળખી લીધો. તે તો કરાટા હતો. તેને જોઈને તે આડશમાંથી બહાર આવ્યો. કરાટા પણ અસાવધ ન હતો ચપળતાથી તે સહેજ ખસી ગયો. અને ભૂવાને ઓળખતાં જ તેના પગમાં પડયો. ભૂવાએ તેને ઊભો કરતાં કહ્યું, "કરાટા આટલી રાત્રે અહીં કેમ આવ્યો ? શું કોઈ ખાસ સમાચાર છે?"

"જંગલ દેવતાનો જય હો ગુરુજી, તમારા શત્રુનો અંત

પાસે આવી ગયો છે. માછલું સામે ચાલીને જાળમાં આવી રહ્યું છે." કરાટાએ સમાચાર આપ્યાં.

"ના હોય ! શું બકે છે તું ?" ભુવાએ પોતાનો અવિશ્વાસ જાહેર કર્યો.

"ગુરુજી, સાચું કહું છું. પેલા બંને મૂર્ખ છોકરાઓ હવે તેમના ગોરીયા પ્રભુનો પ્રચાર કરવા માટે બાજુના ગામમાં જવાના છે. તે ગામના લોકો વિષે મારે તમને કહેવાનું હોય ? તેઓના ઘાતકીપણા વિષે તો તમે જાણો જ છો. તેઓ સગાભાઈનો પણ ભરોસો કરી શકતા નથી. તો આ બે છોકરડાઓનું શું ? ચપટીમાં તેમને ચોળી નાખશે. બસ, ન રહેગા બાંસ ન બજેગી બાંસુરી. આપણો રસ્તો સાફ." કરાટાએ ભાષણ માંડયું.

"બસ બસ હવે," ભૂવાએ તેને અટકાવતાં કહ્યું, "તારી લાંબી વાતો મારે સાંભળવી નથી. આપણી જાતિ પણ ક્યાં શૂરવીર નથી. પરંતુ પેલા મિશનેરીની ચોપડીઓમાં જ કાંઈ જાદુ છે. આપણાં લોકો જ તેની પાછળ ફરી ગયાં નથી ? આજે જંગલ દેવતા નૈવેદ્ય વિના ભૂખ્યા થયા છે તેમને તો ભોગ જોઈએ છે ભોગ."

"ગુરુજી, તમે કહો તો હમણાં જ તેમનો ખાતમો બોલાવી દઉં." કરાટાએ આજ્ઞા માંગી.

"દીકરા," ભૂવાએ કરાટાને ખભે હાથ મૂકતા કહ્યું, "જો કોઈ જાણી ગયું કે મુખીપુત્રની હત્યા તારે હાથે થઈ છે તો પછી તારી શી દશા થાય તેનો વિચાર કર્યો છે ખરો ?"

"તો તો ગુરુજી," કરાટાએ કંપી જતાં કહ્યું, "પરંતુ તેની યોજના પણ મારી પાસે છે." ભૂવાએ માત્ર કરાટાનો હાથ જ દબાવ્યો.

"ગુરુજી, આવતી કાલે જે ગામ તેઓ જવાના છે તે ગામ જતાં રસ્તામાં એક ખાડો આવે છે. ગઈ કાલે જ તેમાં એક વાઘ સપડાયો છે મેં મારી જાતે જ તેને જોયો છે. તે ભૂખ્યો અને રઘવાયો છે. જો તે બંને સાથે ન હોય તો તેઓમાંથી એકને તો હું જંગલ દેવતાનો ભોગ બનાવી દઈશ."

"આપણા મુખીના દીકરાને રોકી લેવો એ મારું કામ છે. પણ બીજા શા સમાચાર છે ?" ભૂવાએ પૂછયું.

"ગુરુજી, બીજું નવીનમાં તો મુખી અને અન્ય ચાર જણાંને તાવ આવ્યો છે તેમાંના બે તો કદાચ આજની રાત માંડ કાઢે તેમ છે. તે સાંભળી ભૂવાની આંખમાં એક અજબ ચમક આવી. તેણે કરાટાનો હાથ પકડી લેતાં કહ્યું, "એમ જ હોય તો દીકરા આવતી કાલ આપણી છે. આપણી જાતિને આવતી કાલે એક નવો મુખી મળવાનો છે તેનું નામ છે, કરાટા. હા, પણ પેલા છોકરા મીલુનું કામ પતાવવાનું તારા હાથમાં છે."

"એ માટે તમે બેફિકર રહો ગુરુજી," કરાટાના સ્વરમાં ઉત્તેજના હતી, "કરાટાનો કોઈ જ દાવ કાચો હોય નહિ."

"તો પછી જા. તારું કામ પતાવીને વહેલો પાછો આવજે મુખીપદ તારી રાહ જોતું હશે" કહી ભૂવાએ કરાટાને પોતાની નજીક ખેંચ્યો અને તેના કાનમાં તદ્દન ધીમા અવાજે કાંઈ કહ્યું. કરાટાએ હકારમાં ડોકું ધૂણાવ્યું અને પછી લાંબો થઈને ભૂવાના

પગમાં પડયો. ભૂવાએ તેને માથે હાથ મૂક્યો. પછી બંને જણા સાથે જ ગામ તરફ વળ્યા બંનેના મનમાં આવતી કાલના સોહામણા સ્વપ્નાં હતાં. રાત થોડી ને વેશ ઝાઝા હતા.

પવિત્રશાસ્ત્ર બાઇબલ કહે છે કે, "કાલે શું થશે એની તમને ખબર નથી." (યાકૂબ ૪:૧૪). શું મીલુ તથા નબાટા સુવાર્તા માટે જઈ શકશે ? શું ભૂવો નબાટાને રોકી રાખવામાં સફળ થશે ? શું કરાટા મીલુનો નાશ કરવામાં સફળ થશે ખરો ? સીકુ જાતિનો નવો મુખી કોણ હશે ? શું મુખી મરી જશે ? ભૂવાની યોજના સફળ થશે ? આ પ્રશ્નોના જવાબ તો રાત્રિનાં અંધકારની પાછળ છુપાયેલી સવાર જ આપી શકે ને?

# ૯ ખાડો ખોદે તે પડે

રાત્રિના અંધકારે જે સંતાડી દીધું હતું તેને પ્રગટ કરવાને સૂર્ય આકાશે ચઢયો ત્યારે સૌ પોતપોતાની યોજનાને પૂર્ણ કરવા માટે કામે લાગી ગયા હતા. ભૂવાએ કરાટાને મુખી થવા માટેના સ્વપ્નની જે દોર આપી હતી તેને આશરે કરાટા આજે જુદા જ પ્રકારના મૂડમાં હતો. તેને સોંપાયેલું કાર્ય તેણે ચીવટથી તેમ જ ઝડપથી કરવાનું હતું માટે તેણે સઘળી તૈયારી તથા ગણત્રી ખૂબ જ કાળજીથી કરી હતી. જે સ્થળે મીલુ તથા નબાટા મળવાના હતા તેની મુલાકાત તેણે રાત્રે જ લીધી હતી. અને તેનું બરાબર અવલોકન કરીને પોતાની રીતે તેણે એક અદ્દ્ભુત યોજના કરી હતી. તેને સાધનમાં જરૂરી હતાં માત્ર એક મજબૂત વેલો તથા એક સખત દંડૂકો અને તે પ્રાપ્ત કરવામાં તેને કોઈ ખાસ પ્રયત્ન કરવો પડયો નહીં. પરોઢ થતાં જ તે નિયત વૃક્ષ પર આવીને ચઢી ગયો. ત્યાં તેણે વેલો તથા દંડૂકો કમર પર લટકાવી દીધાં. જેથી સમય આવે તે હાથવગા જ હોય. બસ, હવે તો મીલુ આવે એટલી જ વાર હતી.

આ તરફ મીલુ પણ વહેલી પરોઢે ઊઠી ગયો હતો. તેણે નિત્યક્રમથી પરવારી દેવના વચનમાંથી થોડો ભાગ વાંચ્યો અને

પછી પ્રાર્થનાને માટે તે ઘૂંટણે પડયો. સમય સરતો ગયો અને મીલુ તો પ્રાર્થનામાં લીન હતો. જ્યારે આમેન કરીને તે ઊભો થયો ત્યારે તો સમય થઈ ગયો હતો. તેણે મિશનેરીએ લાવેલ પેટીમાંથી સુવાર્તાઓ કાઢી અને એક નાના ઝોળામાં તે ભરી લીધી. તેને થયું કે નબાટા તો તેના કરતાં વહેલો પહોંચી ગયો હશે માટે તેણે નિયત સ્થાને પહોંચવા માટે થોડી ઉતાવળ કરી, પરંતુ તેના આશ્ચર્ય વચ્ચે તેણે જોયું તો તે સ્થળે નબાટા હાજર ન હતો. મીલુએ નબાટાને આવવાની કેડી પર નજર દોડાવી પણ ત્યાં નબાટાના કોઈ જ ચિહ્ન જણાતા ન હતા. મીલુએ વિચાર્યું, નાહક ઉતાવળ કરી. નબાટા તો હજી આવ્યો નથી થોડી વધુ પળો પસાર થઈ ગઈ પણ નબાટાના કોઈ એંધાણ દેખાયાં નહી. હવે મીલુના મનમાં પ્રશ્નો ઊભા થવા લાગ્યા. નબાટા કેમ આ આવ્યો નહીં હોય ? ભૂલી ગયો હશે ના, એવું તો ન બને. તો પછી બીજા ગામના ક્રૂર લોકોની વચ્ચે જતાં તે ડરી તો નહીં ગયો હોયને ! પણ આવું તો શી રીતે બને ! મુખીનો દીકરો ડરપોક હોય ખરો ! તો વાત શું હશે ? કોઈ વિપત્તી તો તેના શિરે નહીં આવી પડી હોય ! એમ હોય તો હવે પોતે શું કરવું ? શું પાછા જવું ? કે પછી નબાટાના ગામે જવું કે પોતે એકલાએ જ ખ્રિસ્તની સુવાર્તાને સારુ આગળ વધવું ? પ્રશ્નો ઘણાં હતાં અને મીલુ એકલો હતો. તે મૂંઝાયેલો હતો. આ મૂંઝવણમાં રહીને એક વાર તે આ જંગલમાં અનિવાર્ય એવી સાવચેતીને વીસરી ગયો.

વૃક્ષ ઉપર બેઠેલા કરાટાએ મીલુની પરિસ્થિતિ જોઈ. તેણે તેને મૂંઝાયેલો જોયો અને ઘા કરવા માટેની ઉત્તમ તક જોઈ



*વૃક્ષ ઉપર બેઠેલા કરાટાએ મીલુની પરિસ્થિતિ જોઈ.*

ખૂબ જ સાવધાની તથા ચપળતાથી વૃક્ષના થડ તરફ સરક્યો. એક બે વાર તેનાથી સહેજ અવાજ થઈ તો ગયો પરંતુ પ્રશ્નોનો ઉત્તર ગોતવામાં ગૂંથાયેલા અસાવધ મીલુને તેનો ખ્યાલ જ આવ્યો નહીં. વૃક્ષની નીચે આવીને કરાટાએ દંડૂકો હાથમાં લઈ લીધો એક નિઃશબ્દ ચૂમી ભરીને તે મીલુ તરફ ધસી ગયો. વર્ણન કરતાં વાર લાગે પણ ક્ષણમાત્રમાં જ તે બની ગયું. કરાટા જેવો ધસ્યો તેવો જ મીલુ ચમક્યો અને તેની તરફ ધસતા કરાટાને જોઈ પળમાં તે તેના ઈરાદાને પારખી ગયો. સામો વાર તો કરી શકે તેમ ન હતો તેથી તેણે માત્ર બચાવનો જ પ્રયત્ન કર્યો. પણ તે ઘણો મોડો હતો. તે સરકી જાય તે

પહેલાં તો કરાટાનો દંડૂકો તેના માથાને પહોંચી ગયો હતો. "ઠાક" કરતો અવાજ થયો. બીજી પળે તો મીલુનો અચેતન દેહ જમીન પર હતો. કરાટાનું ગંદુ સ્મિત વિજયની ખુશાલી દર્શાવતું હતું. મુખી બનવાની સીડીનું પ્રથમ પગથિયું તે ચઢી ચૂક્યો હતો. તેનો શત્રુ ભોંયભેગો થઈ ગયો હતો તોપણ મંઝિલ દૂર હતી. પેલો નબાટા આવી પહોંચે તે પહેલાં તેણે કામ પતાવવાનું હતું અને તે પણ પાછળ કોઈ જ નિશાની છોડયા વિના તેણે ઝડપથી કમરેથી વેલો છોડયો અને મીલુના હાથ પગ બાંધી દીધાં. મીલુને ખભે ઊઠાવી તેણે થોડે દૂર આવેલી ઝાંડીમાં સંતાડયો અને તે પાછો ફર્યો.

વૃક્ષ નીચે આવી તેણે પોતાના કૃત્યના નિશાનોને મીટાવી દીધાં. જો તેમ ન કરે અને નબાટા આવીને તે નિશાનને આધારે શોધ કરે તો કરાટાની પોલ ખૂલી જાય અને મુખીપદને બદલે જંગલ દેવતાનો ભોગ બનવાનો વારો આવે. કદાચને આ ઈસુના સુ રેલા ભક્તો તેનો બલિ ઈસુને પણ ચઢાવે તો નવાઈ નહીં. ખૂબ જ ચોકસાઈથી કરાટાએ ઝાડીમાંથી મીલુનો બેભાન દેહ ઊઠાવ્યો અને પેલી ખાડી તરફ આગળ વધ્યો જ્યાં પૂરાયેલો વાઘ ભક્ષના અભાવમાં ધૂંધવાયેલો હતો.

ઝડપથી ડગલાં માંડતા કરાટાના મનમાં વિચારો પણ એ જ રીતે દોડી રહ્યા હતા. નબાટાને મીલુ સુધી પહોંચતો રોકવામાં ભૂવો સફળ થયો અને પોતે પણ તેને જ કારણે મીલુને સપડાવવામાં સફળ થયો છે. પણ ભૂવો તેને મુખીપદે કેવી રીતે પહોંચાડશે ! આ પ્રશ્નનો ઉત્તર તેની ટૂંકી બુદ્ધિ આપી શકતી ન હતી. મૂંઝાયેલા કરાટાએ માથું ધૂણાવી વિચારોને

ખંખેરી નાખ્યાં. હવે તો તેને ધૂંધવાયેલા અને ભૂખ્યા થયેલા વાઘની ગર્જના પણ સંભળાવા લાગી હતી. તેણે વિચાર્યું, એ બધું તો ભૂવાએ કરવાનું છે. મારે શું ? મારે તો બસ મુખીપદ જોઈએ. આ ટેણીયાને વાઘમામાના મુખમાં નાંખી દઉં એટલે મારું કામ સમાપ્ત.

જ્યાં વાઘ સપડાયો હતો તે ખાડી પાસે આવીને કરાટાએ મીલુને નીચે ઉતાર્યો. થોડીપળ પોરો ખાધા પછી તેણે મીલુના બંને પગ પકડયા, જોર કરીને તેને ઘૂમાવ્યો અને "જય જંગલદેવતા"ની રાડ નાંખીને મીલુને ખાડામાં ફેંક્યો. "ધબાક" કરતો બેહોશ મીલુ ખાડામાં પડયો. અચાનક ધબાકો થવાથી વાઘની ગર્જનાથી જંગલ ગાજી ઊઠયું. કરાટા પણ ખાડાના કિનારે ઊભો કાને હાથ દઈ ગયો. અત્યાર સુધી અનેક આશંકા-કુશંકાથી ઊભરાતું તેનું મન શાંત પડયું અને નવી આશાની ખુશી સાથે તેણે પાછા જવા માટે પગ ઉપાડયા.

પણ આ શું ?

કરાટાની આશા અને આનંદ પળ માત્રમાં ઊડી ગયા. અનાયાસે જ વાઘની ગર્જના સાથે તેની ચીસ ભળી ગઈ. આગળ જવાને ઉપડેલા તેના પગ પાછા પડવા માંડયાં. કરાટાની નજરે મોત જોઈ લીધું હતું? મુખીપદના દીવા સ્વપ્નોમાં રાચતા કરાટાએ સાવધાની ખોઈ દીધી હતી. એક વિશાળકાય અજગરે તેનો પીછો કર્યો હતો. તેની હિલચાલને અસાવધ કરાટા કળી શક્યો નહીં અને હવે જ્યારે તેને ભયનો ખ્યાલ આવ્યો ત્યારે તે કાંઈ જ કરી શકે તેમ ન હતો. વશીકરણ

કરતી અજગરની આંખો કરાટાની તરફ મંડાયેલી હતી. કરાટાના મુખમાંથી હવે તો ચીસ પણ નીકળતી ન હતી. ભાંગેલા પગલે તે પાછળ ખસી રહ્યો હતો. મુખીપદનું સ્વપ્ન તો સૂર્યપ્રકાશે ઝાકળ અદ્રશ્ય બને તેમ ઊડી ગયું હતું, સાક્ષાત મૃત્યુ તેની તરફ ધસી રહ્યું હતું.

જે કિનારેથી તેણે મીલુને ખાડામાં ફંગોળ્યો હતો ત્યાં જ તે પણ અંદર પડયો અને એવું થયું કે અંદર છંછેડાયેલા વાઘની સામે જ તે પડયો વાઘની એક જ થપાટે તેના ગળાની ચીસને બહાર આવવા ય ન દીધી ને કરાટાનો અંત આવી ગયો. પણ મીલુનું શું ?

# ૧૦ વણસેલી પરિસ્થિતિ

રાત્રિના અંધકારમાં થયેલી ગુપ્ત ગૂફતેગોથી તદ્દન અજાણ એવો નબાટા ઊંઘ ખંખેરી ઊભો થયો ત્યારે ઘણાં પ્રકારની વિપરીત પરિસ્થિતિઓ તેની રાહ જોઈને જાણે કે તેને દબાવી દેવા માટે લાઈનમાં ઊભી હતી. આછા ઉજાસને આંખોમાં ભરીને નબાટાએ આંખો મીચી દીધી અને પ્રાર્થનાને સારુ તેના ઘૂંટણ નમી પડયા.

થોડીવારે ઊભો થઈને તે સીધો પોતાના પિતાની પથારી પાસે ગયો. તેમના કપાળે તેણે હાથ મૂક્યો તો તાવને કારણે તે ધગધગતું હતું. સ્પર્શથી સહેજ સચેત થયેલા મુખીએ આંખ ઉઘાડીને તેને જોવાનો પ્રયત્ન કર્યો. પરંતુ કોઈ તેની આંખને બળપૂર્વક દાબી દેતું હોય તેમ તે બંધ થઈ ગઈ. નબાટાના ચહેરા પર ચિંતા લીંપાઈ ગઈ, તેણે એક ઊંડો શ્વાસ લીધો અને "ઈસુ" નામના ઉચ્ચારણ સાથે તેણે તે છોડી દીધો. તે નિત્યકર્મને માટે બહાર આવ્યો. તેણે જોયું તો બહાર ખાસી ચહલપહલ હતી. જો કે પ્રભાતના આવા સમયે તે થોડી વિસ્મયજનક તો હતી જ; પરંતુ તેણે તે તરફ કાંઈ ધ્યાન આપ્યું નહિ. થોડે દૂર બે આદિવાસીઓને તેની તરફ આંગળી ચીંધી



તેણે જોયું તો તેની ઝૂંપડીના દ્વાર આગળ લગભગ અડધું ગામ જમા થયું હતું.

કોઈ ગરમાગરમ ચર્ચા કરતાં પણ તેણે જોયાં. પિતાની માંદગીની ચિંતામાં તેણે તે દૃશ્ય જોયું ન જોયું કર્યું અને મોં ધોવા માટે ચાલ્યો ગયો અને પરવારીને પાછો પોતાની ઝૂંપડીમાં આવીને પિતાની સેવામાં લાગી ગયો. માતાએ તૈયાર કરેલ કાવો તેણે લાકડાની ચમચી દ્વારા પિતાના મુખમાં રેડયો જે મુખીએ હળવે હળવે પેટમાં ઊતાર્યો. પિતાને પીવડાવીને પછી પોતાને માટે તૈયાર કરેલો કટોરો તેણે હોઠે અડાડયો ત્યાં જ ઝૂંપડીના દ્વાર પાસેથી તેણે ભૂવાની રાડ સાંભળી.

"ક્યાં છે મુખી ? બહાર આવી લોકોને જવાબ આપ." હોઠે લગાડેલો કટોરો નીચે મૂકીને નબાટા બહાર આવ્યો. તેણે જોયું તો તેની ઝૂંપડીના દ્વાર આગળ લગભગ અડધું ગામ જમા થયું હતું. કેટલાંકના માથાં ભયજનક રીતે હલતાં હતાં. તેઓ હાથમાં ભાલાં સાથે યુદ્ધની તૈયારી કરીને આવ્યો હતા. એક તરફ પાંચથી છ આદિવાસીઓ ટૂંટિયું વાળીને તાવમાં ધ્રૂજતા હતા.

"ગામલોકો, સાંભળો," પોતાનો ભાલો ઊંચો કરતાં ભૂવાએ કહ્યું, "તમારો આ નમાલો મુખી કિવલુ જાતિના મુખીની શેહમાં આવી ગયો છે તેણે આપણી સદાકાળની દુશ્મન જાતિની સાથે સુલેહ કરીને એક મોટી ભૂલ કરી છે, એટલું જ નહિ પણ એક પરદેશી દેવને ગ્રહણ કરીને તેણે મહાન જંગલ દેવતાનું અપમાન કર્યું છે. સેવા-પૂજા અને નૈવેદ્ય વિનાના જંગલ દેવતા આજે રૂઠયાં છે તેણે મને સ્વપ્નમાં કહ્યું છે, કે આ મુખીને કહી દે કે પોતાના કૃત્યનો પસ્તાવો કરે અને આજ સાંજ સુધીમાં મને નૈવેદ્ય ધરાવે નહીં તો તેને લાગેલા તાવમાંથી

તે કદાપિ ઊભો થશે જ નહિ અને આજે તો ગામના પાંચ-છ જણને માટે જ મેં તાવ મોકલ્યો છે. પણ મારો ક્રોધ તપશે તો ગઈ કાલે જેમ નેરા તાવમાં તડપી તડપીને મરી ગયો તેમ જ ગામનો એક એક જણ મરવાનો છે. શું તમે બધા કમોતે મરવા ચાહો છો ?" "ના, ના, અમારે મરવું નથી. અમે જંગલદેવતાને ભોગ ચઢાવીશું" ટોળામાંથી અવાજો આવ્યાં. નબાટા શું કરવું તેની દ્વિધામાં હતો. ત્યાં તેની પાછળથી તેના ખભા પર તેના પિતાનો હાથ પડયો. તાવને કારણે તે ઊના લોઢા જેવો હતો. બારણામાં ઊભેલા મુખીએ હિંમત કરીને ત્રાડ નાખી.

"મૂર્ખ ભૂવા, કોણે કહ્યું કે જંગલ દેવતાનો કોપ ભડક્યો છે ? તે તારા ભેજાની ઉપજ છે. શું દરવર્ષે આ ઋતુમાં તાવની બીમારી ફેલાતી નથી ? જે પથ્થરની પૂજા કરીને તું અમને છેતરતો રહ્યો તે ત્યારે શા માટે કોપે ભરાતો હતો ?"

"અભિમાની મુખી, તું મારું નહીં પણ જંગલ દેવતાનું અપમાન કરી રહ્યો છે તારા પાપને કારણે આજે એક ગામ ઊજડી જવા બેઠું છે ત્યારે તું પસ્તાવો કરવાને બદલે પ્રશ્નો કરે છે ?" અને પછી ટોળા તરફ ફરીને તેણે કહ્યું, "ગામલોકો, આ મુખીને હજી પણ એક તક હું આપીશ. જો મારી વાત ખોટી હોય અને જંગલ દેવતા કોપાયમાન ન હોય તો મુખી તેના ઈસુને નામે પોતાનો તથા આ તાવથી પીડાતા પાંચ જણાનો તાવ ઊતારી દે. જો તે તેમ નહિ કરે તો આજે રાત્રે જંગલદેવતાનો ભોગ બનવા તે તૈયાર થઈ જાય. અમે નવો મુખી શોધી લઈશું. બોલો તમારે શું કહેવું છે ?"

"બરાબર છે, બરાબર છે." ટોળામાંથી અવાજો ઊઠયા, "પરદેશી દેવ ઈસુનું ભજન અમે તો જ કરીશું જો તે અમને બચાવે, નહીં તો આપણો મુખી નવો હશે."

"મુખી, સાંજ પહેલાં અમે પાછા આવીશું. તારા ઈસુને ખબર પહોંચાડી દે જે નહીં તો મરવાને તૈયાર રહેજે." કહી ભૂવાએ પોતાનો ભાલો ઈરાદાપૂર્વક મુખી તરફ હલાવ્યો અને દમામદાર ચાલે ત્યાંથી ચાલી નીકળ્યો. તેની પાછળ જ ટોળાના પેલા હથિયારધારી આદિવાસીઓ ચાલી નીકળ્યાં. પેલા માંદા લોકો તો ત્યાં જ પડી રહ્યા કોઈ તેમની સામે પણ જોતું ન હતું. નબાટાએ પોતાના માણસો દ્વારા તેમને મહેમાનો માટે અલગ રાખવામાં આવેલી ઝૂંપડીમાં લેવડાવ્યાં. સમયને જોતાં હવે તો તે મીલુ પાસે સુવાર્તા માટે જઈ શકે તેમ ન હતું કેમ કે સમય ઘણો વ્યતીત થઈ ગયો હતો અને ભૂવા સાથેની વાતચીત દરમ્યાન તેના પિતા વધુ નબળા પડી ગયેલા લાગ્યા. તે રીતસર ઢળી જ પડયા હતા, તેમની તબિયત વધુ ચિંતાજનક બની હતી. આવા સમયમાં તે પ્રાર્થના સિવાય બીજું કાંઈ જ કરી શકે તેમ ન હતો. અને બીજું કરે પણ શું ? તેના ઘૂંટણો ફરી પાછા ઈશ્વરપિતા સમક્ષ નમેલાં હતાં અને તે પ્રાર્થના કરી રહ્યો હતો ત્યારે તેને યાદ આવ્યું કે સુવાર્તામાં ઈસુએ કેવી રીતે કાપરનાહુમના માંદા છોકરાને સાજો કર્યો હતો. તો શું તે ચમત્કારી પ્રભુ આજના સમયમાં તેના પિતા તથા તેના લોકોને સાજાપણું બક્ષી શકશે નહિ ? પ્રભુ તેમ કરશે જ એવા વિશ્વાસ સાથે તે ઘૂંટણો પરથી ઊભો થયો.

સાંજ થવા આવી મુખીનો તાવ ઊતર્યો જ નહી. પેલા બીજા

દર્દી પણ એમ જ હતા. નબાટાની આંખો પ્રાર્થનાને માટે બંધ તથા મસ્તક ઝૂકેલું હતું. ઝૂંપડી પાસે ગામલોકોનું ટોળું જમા થવા લાગ્યું હતું. કેટલાંકના મનમાં આનંદ હતો તો કેટલાંક ચહેરા કોઈ ગુપ્ત ખુશીમાં મરકતા હતા. કેટલાંકના ચહેરા પર તમાશો જોવાની જિજ્ઞાસા હતી. આજે ટકરાવ બે માણસો જ એટલે કે ભૂવા તથા મુખીનો ન હતો પણ ખરું દ્વંદ્વ તો જંગલદેવતા તથા ઈસુ ખ્રિસ્ત વચ્ચે હતું. બંનેમાંથી કોણ મહાન છે તેની કસોટી અને પરિણામ હતું.

થોડીવારમાં નશામાં ઝૂમતો ભૂવો ભયંકર ચહેરા સાથે ભાલો ઝૂલાવતો આવી પહોંચ્યો. તેની ગણતરી સાચી પડી હતી. લગભગ તમામ ગામલોકો તેની વાણીના પ્રભાવમાં આવી ગયા હતા. તેની જાતિમાં તેનું પ્રભુત્વ પાછું ઉપસી રહ્યું હતું. સમયનો લાભ ઉઠાવવામાં તે ચૂકે તેમ ન હતો. મુખી તથા ગામલોકોની માંદગીની સીડી બનાવીને તે પોતે ઉપર ચઢવા ચાહતો હતો. તેણે કરાટાની પાછા ફરવાની ગણત્રી પણ કરી લીધી હતી.

"હા.. હા.. હા... હા.." અટ્ટહાસ્ કરતાં ભૂવાએ પોતાનો ભાલો જોરથી મુખીની ઝૂંપડીના દ્વાર પાસે ખોસી દીધો. "બહાર આવો ભગતજી, ઓ ઈસુના ભગત, બહાર આવીને તમારી હાલત તો લોકોને બતાવો. શું તમારા પ્રભુએ તમને સાજા કર્યા છે ?"

ધીમેથી ઝૂંપડીનું દ્વાર ખોલીને નબાટા આવ્યો. તેનો ચહેરો પડી ગયો હતો. મસ્તક ઝૂકેલું હતું. તેની પાછળ જ તેના પિતા બહાર આવ્યા. તેનું શરીર તાવે ભરેલું હતું તોપણ તેમનું મન

સ્વસ્થ હતું, તેમની સ્વસ્થતા જોઈને ભૂવો થોડો ચીડાઈ ગયો. "કેમ મુખી ? શો ઉત્તર છે તમારો ?" તેણે ગંદા હાસ્ય સાથે પૂછ્યું.

"ભૂવા, તારો પથ્થરનો દેવ ક્રોધિત હોય તો મારા પર તેણે વિશેષ ગુસ્સે થવું જોઈએ. ખ્રિસ્તનો સર્વપ્રથમ સ્વીકાર મેં કર્યો હતો. તો મને કેમ કશું થયું નહી અને તાવ મારા પિતાને કેવી રીતે આવ્યો ?" નબાટાની હિંમત ખૂલી અને તેણે પ્રશ્ન મૂક્યો.

"ગભરાઈશ નહીં દીકરા, સર્વ પ્રથમ બલિ તારો જ દેવાશે." ભૂવાએ વિજયી સ્મિત ફરકાવતાં તેના શિષ્યોને ઈશારો કર્યો, "પકડી લો આ બંનેને અને બાંધી દો તેમને." થોડી જ વારમાં પિતા પુત્ર બંને કેદી હતા.

ભૂવાએ એ દરમ્યાન ગામના ખપાટિયાના દરવાજાને પેલે પારથી ચાલી આવતી એક આકૃતિ જોઈ તે કરાટા જ હોવો જોઈએ એમ ધારી તેણે કહ્યું, "ગામલોકો, મને ખબર હતી કે જંગલ દેવતાનો જ જય થવાનો છે, પરદેશી ઈસુ આપણી જાતિ માટે કશા જ કામનો નથી, જંગલ દેવતાએ આપણે માટે નવા મુખીને પણ મોકલી આપ્યો છે. અત્યારે જ તે આપણાં ગામને દરવાજે આવી પહોંચ્યો છે તેની કમરે વેલો બાંધેલો તથા દંડૂકો લટકાવેલો છે. જુઓ, તે દરવાજો ખોલી રહ્યો છે."

ભૂવાએ ચીંધેલી દિશામાં ગામલોકો તથા નબાટાએ જોયું તો ખરે જ દરવાજો ખોલીને કોઈ અંદર આવી રહ્યો હતો. તેની કમરે વેલો તથા દંડૂકો હતા. ખભે થેલો હતો. તે તો મીલુ હતો.

# ૧૧ અજબ યુદ્ધ

ભયથી છળી ઊઠેલો કરાટા પાછલા પગે ચાલતો પોતે મીલુને નાખવા માટે બનાવ્યો હતો તે જ ખાડામાં આવી પડયો. ઉશ્કેરાયલા વાઘે એક જ પંજાની થાપટ મારીને તેને મારી નાખ્યો. પણ હજી તે દ્રશ્ય પૂરું થયું ન હતું. વાઘ જાણતો હતો કે ઉપરથી એક બીજું પણ બે પગવાળું પ્રાણી આ ખાડામાં આવી પડયું છે. ચોપગાં પ્રાણીઓના બેતાજ બાદશાહ વાઘને ખબર હતી કે આ બેપગાં પ્રાણીઓ ખૂબ જ ચાલાક હોય છે. તેમનો જ્યારે પણ સામનો થાય ત્યારે તેમને મારી જ નાંખવા જોઈએ, નહિ તો તે ભારે પડી જાય છે અને તેથી તે બીજા પ્રાણીનો પણ અંત લાવી દેવા માટે તત્પર હતો. પરંતુ એ કાર્યમાં એક વિઘ્ન હતું.

કરાટાએ જ્યારે મીલુને અંદર ફગોળ્યો ત્યારે વાઘ રઘવાયો થઈને તે વિશાળ ખાડામાં આંટા મારી રહ્યો હતો. પરંતુ મીલુ તેની પાસે પડવાને બદલે અંદર તૂટી પડેલા એક ઝાડની ડાળીઓમાં એવી રીતે પડયો હતો કે ત્યાં સુધી વાઘને પહોંચવું તે ઘણું અઘરું હતું. મીલુ જાતે જ હોશમાં આવીને તેમાંથી બહાર ન આવે ત્યાં સુધી તેને સ્પર્શી પણ શકે તેમ ન


હતો. પોતાની આ નિષ્ફળતાથી તો વાઘ વધુ ક્રોધિત થયો હતો. મીલુ બેભાન હતો તે તેના ફાયદામાં જ હતું. નહીં તો તેણે જરૂર બહાર નીકળવાનો પ્રયત્ન કર્યો હોત અને જાતે જ વાઘના મુખમાં જઈ પડયો હોત. પરંતુ ત્યાં જ મરણચીસ પાડતો કરાટા વાઘની પાસે પડયો અને મરણને શરણ થઈ ગયો.

કરાટાની પાછળ જ તેનો કોળિયો કરવા ધસી રહેલો અજગર ખાડાને કિનારે આવી પહોંચ્યો. તેણે જોયું તો પોતાનો ભક્ષ તો વાઘના હાથમાં જઈ ચઢયો છે. એ તો તેને કેમ પોષાય ? પોતે ફસાવેલો શિકાર બીજાના હાથમાં આસાનીથી ચાલ્યો જાય એવું તો ચલાવી લેવાતું હશે ? અજગર મેદાન છોડીને જવા તૈયાર ન હતો. તેણે પોતાની કાતિલ આંખોનો જાદુ હવે વાઘ ઉપર ફેરવ્યો. પણ વાઘ એમ ડરે ખરો ? વાઘે તેની આંખોના જાદુમાં ડોકાતી શેતાનિયતને પારખી લીધી અને સામના માટે તૈયાર થઈ ગયો. ઉપરથી લંબાવેલ અજગરનું ડોકું જેવું નીચે આવ્યું કે વાઘે તરત જ પહેલો ઘા રાણાનો કરીને જોરદાર થાપટ મારી. અજગરની એક આંખ ચીરાઈ ગઈ, તેણે ઝડપથી પોતાની ડોકી ખેંચી લઈને નિશાન લઈ લીધું. હવે તો બંને વચ્ચે રીતસરનું દ્વંદ્વ યુદ્ધ થઈ રહ્યું. બંન્નેનો ઈરાદો જાહેર હતો. “કાં તું નહિ કાં હું નહિ.” વાઘ અજગરની સુંવાળી ચામડીને તેના કાતિલ નખથી ઉતરડી નાંખવા માંગતો હતો. તો અજગર તેના શરીરને ભીંસમાં લઈ તોડી નાખવા માગતો હતો.

કરાટાની મરણ ચીસે મીલુના કાન ઝણઝણાવી દીધા હતા

ત્યારે વાઘના ગર્જને તેમાં ઉમેરો કર્યો હતો.ધીમે ધીમે તેણે આંખો ખોલી પણ તેની નજરે તો ભયંકર દશ્ય પડયું. એક વાઘ તથા અજગર પોતાનાથી થોડે જ દૂર જીવસટોસટની લડાઈ લડી રહ્યા હતા. બંનેમાંથી ગમે તે જીતે પણ પોતાનું તો આવી જ બન્યું છે. તે તેને સમજાઈ ગયું. વળી કરાટાનું શબ પણ તેની નજરે પડયું. આ યુદ્ધ પૂરું થતાં જ પોતે પણ શબ બની જવાનો છે એવો વિચાર તેને આવ્યો. તેણે આંખો બંધ કરીને ટૂંકી પ્રાર્થના કરી અને પ્રભુના હાથમાં પોતાને સોંપતા તેણે તેની ઈચ્છાને આધીન થવાનો નિર્ણય કર્યો. એક અજબ પ્રકારની શાંતિ તેના મનમાં છવાઈ ગઈ અને પોતાને કશું જ થવાનું નથી, એવી ખાત્રી તેના હૃદયમાં વસી ગઈ. તે નાની ડાળખીઓમાં પોતાની જાતને વધુ સંકોરીને બેસી ગયો. હવે તેને ડર નહોતો લાગતો. તે શાંતિથી અજગર તથા વાઘની લડાઈ જોવા લાગ્યો. જાણે ટિકિટ લઈને ઓલિમ્પીક રમત ન જોતો હોય !

બંને જોરાવર અને બંને મમતે ચઢેલા હતા. કોણ હારશે અને કોણ જીતશે તે કહેવું મુશ્કેલ હતું. પરંતુ આ દ્વંદ્વ યુદ્ધ ડ્રોમાં જવાનું ન હતું પરિણામ ચોક્કસ હતું. હા, તે કોના પક્ષે હશે તે નક્કી ન હતું. જેમ સમય પસાર થતો ગયો તેમ તેમ અજગરનું પલ્લું ભારે થવા લાગ્યું બે દિવસનો ભૂખ્યો વાઘ ઝનૂનથી ભરાયેલો તો હતો પણ તેનું બળ ઓછું થતું ગયું. એકાક્ષી અજગર તેની શરીર ફરતે ભરડો લેવામાં સફળ થઈ રહ્યો હતો. તેની લૂચ્ચી આંખોમાં વિજયની ખુમારી ઝળકવા લાગી હતી. મૂંઝાયેલો વાઘ હવાતિયા મારતો હતો. અજગરે



*કરાટાનું શબ પણ તેની નજરે પડયું.*

પોતાનો ભરડો વધુ મજબૂત કર્યો અને વાઘનાં તૂટતાં હાડકાંનો અવાજ સંભળાયો તેની ગરદન પણ ઢળી પડતી જણાઈ. પરંતુ બૂઝાતો દીવો જેમ છેલ્લો ચમકારો કરે તેમ તેણે એક ભયંકર ઉછાળો મારીને પંજો વીંઝયો. આ હલ્લાએ એક કામ કર્યું. તેના પંજાએ અજગરની બીજી આંખ પણ ફોડી નાંખી. હવે અજગર મૂંઝાયો. તેની પકડ ઢીલી પડી ગઈ. વાઘ મુક્ત તો થયો પણ


એ આઝાદી જોવા તેની આંખો ખુલી શકી નહિ. તે મરી ગયો હતો. અંધ બનેલો અજગર ખાડાની ધારેથી બહાર સરકી ગયો.

મીલુને માટે આ બનાવ અકલ્પનીય હતો; પણ વાસ્તવિકતા ક્યારેક કલ્પના કરતાંય પણ વધુ અગમ્ય હોય છે. મીલુને વાઘ તરફથી ભય ઓછો તો થયો પણ બહાર નીકળેલો અંધ અજગર ક્યારે પાછો ફરે તે કહેવાય નહિ વળી પોતે બંધનાવસ્થામાં હતો. તે કેવી રીતે છૂટી શકે? અંધ અજગર પાછો આવે ત્યારે તેનો કોળિયો થવા માટે રાહ જોવી? બંધનમુક્ત કેવી રીતે થવું? કદાચને બંધનુમક્ત થવાય તો પણ આવા વિશાળ ખાડામાંથી બહાર કેવી રીતે જવું? તો ભૂખ તરસથી તરફડીને મૃત્યુને શરણ થવું? આવા અનેક પ્રશ્નોના ઉત્તરમાં તેની પાસે એક માત્ર ઈસુ જ હતો અને તેણે યોગ્ય રીતે જ તેની સહાય પ્રાર્થના દ્વારા માંગી.

# ૧૨ મુક્તિ

પ્રાર્થના કર્યા પછી મીલુએ સહેજ બેઠા થઈને બંધનગ્રસ્ત પગોને ટૂંકા કર્યા અને પોતાનું મુખ ત્યાં સુધી પહોંચાડવાનો પ્રયત્ન કર્યો. તે કરવું તેને માટે આસાન હતું. તેણે પોતાના દાંત વડે વેલાનું બંધન કાપવાનો નિર્ણય કર્યો તેમાં ઘણો સમય જાય પણ બીજો કોઈ ઉપાય જ ક્યાં હતો ? થોડી વાર પરિશ્રમ કર્યા પછી તેને સફળતા મળી. તેના પગ તો છૂટા થયા પરંતુ હાથ ? વળી હાથ તો પાછળ બાંધવામાં આવ્યા હતા ત્યાં સુધી તો મુખ પહોંચાડવું પણ મુશ્કેલ હતું. હવે શું કરવું ?

ત્યાં જ તેની નજર મરેલા વાઘ પર પડી અને તેના મગજમાં બત્તી થઈ. મરેલો વાઘ ઘણો જ ભયંકર લાગતો હતો, પણ હવે તેનાથી બીવાની શી જરૂર ? તેણે ઊભા થઈને ઝાડની ડાળખીઓમાંથી માર્ગ કાઢયો અને વાઘના શબ પાસે જઈને ઊભો રહ્યો. તેનો એક પંજો ઊંચો કર્યો અને તેને બરાબર ગોઠવ્યો. પછી ધીરે રહીને તેણે પોતાનાં બંધનવાળા હાથને તેના તીણા નખ પર ઘસ્યા. પહેલાં તો કશું જ થયું નહિ પરંતુ ધીરજ ગુમાવ્યા વિના તે તેમ કરતો જ રહ્યો. છેવટે તે વેલો



પણ કપાયો અને મીલુ બંને હાથ જોડીને ઈશ્વરપિતાને ધન્યવાદ આપવા લાગ્યો.

બંધનો તો ગયાં પણ આ વિશાળ ખાડામાંથી બહાર કેવી રીતે જવું ? જો બહાર નીકળી શકાય નહિ તો પછી બંધન મુક્ત થવાનો અર્થ શો ? ભૂખ-તરસથી પ્રાણ અહીં જ નીકળી જાયને ? મીલુ એમ તો હિંમત હારે તેવી માટીનો ન હતો. પ્રત્યેક પરિસ્થિતિને અનુકૂળ થવાનું તથા તેમાંથી માર્ગ શોધવાનું તો તેને ગળથૂથીમાં શિક્ષણ મળ્યું હતું. તેણે જોયું તો કિનારાની દીવાલો ખરબચડી તો હતી પરંતુ તેના દ્વારા ઉપર જઈ શકાય તેમ ન હતું. તેણે આમતેમ નજર દોડાવી તો થોડે દૂર પોતાનો ઝોળો પડેલો જોયો. દોડીને તેણે તે ઊઠાવી લીધો. તે ખોલીને તેમાંની વસ્તુઓને તે તપાસવા લાગ્યો. તેમાં તો

સુવાર્તાના પુસ્તકો હતાં. વધુ ખોળતાં એક સુવાર્તા ન હોય તેવી નાનકડી પુસ્તિકા મળી. કુતૂહલવશ મીલુએ તે વાંચવાની શરૂઆત કરી. તો તેમાં તાવની સારવારની વાત હતી. મીલુને પ્રતિવર્ષ અહીં આવતા તાવના હૂમલાની વાત યાદ આવી તેણે તે રસપૂર્વક વાંચી. તેમાં લખેલી વાતો તેને ખૂબ ઉપયોગી લાગી તેથી તેની મનોમન નોંધ લીધી. પણ પુસ્તિકા પૂરી થયા પછી હવે શું ? તેણે ઝોળાને વધુ ફંફોસ્યો તો તેમાંથી એક નાની પ્લાસ્ટિકની કોથળી નીકળી તેમાં નાની સફેદ ગોળીઓ હતી. મીલુએ તેમાંથી એક કાઢીને પોતાની જીભ પર મૂકી તો તેના કડવા સ્વાદને કારણે મોં તદ્દન કડવું થઈ ગયું પેલી પુસ્તિકામાં જે ગોળીનું વર્ણન હતું તે આ જ છે તે તેને સમજાઈ ગયું. હવે તો ઝોળાનું તળિયું આવી ગયું હતું. પણ તેમાંથી ખાડાની બહાર નીકળાય તેવી કોઈ ઉપયોગી વસ્તુ હાથ લાગી નહિ. મીલુ થોડો નિરાશ તો થયો પણ એમ ભાંગી પડે તેવી તેની માટી ન હતી.

ફરીથી તે પોતાના ઘૂંટણો પર પડયો અને પોતાને બચાવવા માટે તે ઈશ્વરપિતાને વિનંતી કરવા લાગ્યો. થોડો વધુ સમય પસાર થયો અને તે ઊભો થયો. તે મૃત વાઘની પાસે આવ્યો. તેનો ચહેરો આમેય ભયંકર તો હોય છે જ પણ અજગર સાથેના યુદ્ધને કારણે તો તે બહુ બીહામણો લાગતો હતો. ત્યાંથી આગળ વધીને તે કરાટાના શબ પાસે આવ્યો તેની આંખો ભયથી ફાટી ગઈ હતી પણ આ વખતે મીલુની આંખોએ કાંઈ જુદું જ નોંધ્યું. તેણે જોયું તો કરાટાની કમરે એક વેલો વીંટાળેલો હતો. મીલુને યાદ આવ્યું કે પોતાના

હાથ-પગ પણ એ જ વેલાથી બાંધવામાં આવ્યાં હતાં. ખુશીની એક ચમક મીલુની આંખોમાં ઝળકી, ઝડપથી તેણે કરાટાના શબ પરથી તે વેલો ઊતારી લીધો.

હવે હાથમાં વેલો લઈને મીલુએ ખાડાની ઉપર દૃષ્ટિ દોડાવી પણ હજી નિરાશા તેની સમક્ષ જ ઊભી હતી. કોઈ એવું વૃક્ષ તેને દેખાયું નહીં જેની પર તે વેલાનો ગાળિયો બનાવીને ફેંકી શકે. મીલુએ વળી મૃત કરાટાને જોયો અને તેને એક વિચાર આવ્યો. કરાટાના તીર તથા કામઠી પણ ત્યાં જ ખાડામાં આવી પડયાં હતાં. તેણે ગાળિયો બનાવીને ઉપર ફસાવવાનો વિચાર માંડી એક તીર લીધું. અને તેની પાછળ વેલો બાંધ્યો અને ટૂંકી પ્રાર્થના કર્યા પછી તેણે તે કામઠી પર ચઢાવી સનનન કરતું બહારના એક વૃક્ષના થડમાં જવા દીધું. તેણે એટલું બધું જોર લગાવ્યું હતું કે તીર આખું વૃક્ષના થડમાં ખૂંપી ગયું. અને તેની પાછળ લગાવેલો વેલો જ દેખાતો હતો. બહાર જવા માટે વેલો ઉપયોગી થાય તેમ હતું.

તોપણ એક મુશ્કેલી હતી. વેગથી તીર છોડવાને કારણે તીર થોડું વધુ ઊંચું વાગ્યું હતું અને તેથી તેનો છેડો તો મીલુના હાથમાં ન હતો પણ તેના કરતાં ત્રણ ફીટ ઊંચો હતો. ત્યારે જ મીલુને કરાટાનો દંડૂકો યાદ આવ્યો તેણે તેને ખાડાની દીવાલના ટેકે મૂકીને પછી તે પર ચઢવાનો પ્રયત્ન કર્યો. કેટલાક પ્રયત્ન પછી તે વેલો પકડી શક્યો. તેણે તે ખેંચી જોયો તો મજબૂત લાગ્યો. હવે બહાર નીકળવાનો માર્ગ તૈયાર હતો. પણ તેણે બહાર જવાને બદલે પાછો કૂદકો અંદર માર્યો. તેણે ઝોળાની ફેલાયેલી વસ્તુઓ ભેગી કરી તેમાં ભરીને ખભે

લટકાવ્યો. તીર કામઠી પણ લીધાં અને ફરીથી પ્રયત્ન કરીને વેલો પકડયો. ખાડાની ખરબચડી કિનાર પર પગ ટેકવીને તેણે ડાબા પગને લંબાવીને તેના અંગૂઠા તથા પહેલી આંગળીની સહાયથી પેલો દંડૂકો પણ ઊઠાવી લીધો અને પછીનું કામ તો મીલુ માટે સાવ સરળ હતું. જોતજોતામાં તો મીલુ ખાડાની બહાર હતો. બહાર આવતાંની સાથે જ તેણે ઈશ્વરપિતાનો આભાર માન્યો તેની સહાય વિના જીવિત પાછા આવવું શક્ય જ ક્યાં હતું ?

બહાર આવ્યા પછી હવે શું કરવું તે મીલુને માટે પ્રશ્ન હતો. કેમ કે આ કોઈ સાધારણ સમય ન હતો તેના પ્રભુએ તેને જે અજાયબ સહાય કરી હતી તેને માટે તેની પાસે કોઈ શબ્દો ન હતા. ઘણા જ પ્રશ્નો તેની સામે હતા. નબાટા કેમ આવ્યો નહીં હોય ? શું તેના માથે કંઈ વિપત્તિ આવી પડી હશે ? કે પછી તેની ઈચ્છા ફરી ગઈ હશે ? કરાટા કેવી રીતે તેમના મિલનસ્થાનમાં આવી ગયો ? અને તેનો ઈરાદો શો હતો ? કેમ ? પોતે હવે એકલાએ જ સુવાર્તા માટે આગળ જવું કે પાછા ગામ જવું ?

થોડીવાર પછી મીલુએ નિર્ણય કરી લીધો. તેણે નબાટાને ગામ જવાનો નિર્ણય કર્યો. કદાચ તે મુશ્કેલીમાં હોય અને તેને મદદની જરૂર હોય.

મીલુએ વેલો તથા દંડુકો કમરે વીંટાળી દીધાં, તીર-કામઠી તથા ઝોળો બંને ખભે ભરાવ્યાં અને નબાટાને ગામ ચાલ્યો. ગામના ઝાંપાની બહાર તદ્દન શાંતિ હતી પરંતુ અંદરથી કોઈના

બરાડવાનો અવાજ આવતો હતો. દરવાજો ખોલીને મીલુએ પ્રવેશ કર્યો ત્યારે નબાટાના ગામમાં તો તમાશો ઊભો થયો હતો. તે બધી વાતથી બેખબર મીલુ તો સ્થિર ચાલે અંદર ચાલ્યો ગયો અને ભૂવાની સમક્ષ જઈને ઊભો રહ્યો.

ભૂવાની સર્વ શેખાઈ ઠરી ગઈ હતી.

# ૧૩ પડકાર

કરાટાને બદલે મીલુને આવેલો જોઈ ભૂવાનો નશો તો છૂમંતર થઈ ગયો હતો. તેને નાસી જવું હતું પરંતુ તેણે પોતે જ ફેંકેલા પાસાંએ તેને ફસાવી દીધો હતો. અત્યારે તેણે કોઈ જોરદાર ચાલ ચાલવાની જરૂર હતી. તેની અજાયબ યોજનાને આ છોકરાએ ધૂળ ચાટતી કરી દીધી હતી. કરાટા તેનું કામ કરવામાં ક્યાંક થાપ ખાઈ ગયો હતો અને આ છોકરો તો તેની સામે સાજો નરવો ઊભો હતો. કરાટાનું શું થયું હશે ? આ પ્રશ્ન પર વિચારવાનો સમય તેની પાસે ન હતો, હમણાં તો જે ક્ષોભકારક પરિસ્થિતિ સર્જાઈ હતી તેમાંથી બહાર આવવાની જરૂર હતી. વળી જે બાજી તેણે ખેલવા ધારી હતી તેમાં હાર પામવી તેને પોસાય તેમ ન હતું. ગામલોકોની નજરમાં તેનું મહત્ત્વ ઘટી તો ગયું જ હતું. પરંતુ આજે માંડમાંડ તેણે પોતાનું પ્રભુત્વ પુનઃ સ્થાપન કરવા માટે તાગડો કર્યો ત્યારે વળી આ છોકરો ક્યાંથી ફૂટી નીકળ્યો ? પણ જમાનાનો ખાધેલ ભૂવો કાંઈ ગાજ્યો જાય તેમ ન હતો. પળવારમાં તેણે બાજી સંભાળી લેવાનો પ્રયત્ન કર્યો.

"જંગલ દેવતાનો જય હો." તેણે પોતાનો ભાલો મીલુની

તરફ તાકતાં કહ્યું, "તેણે પોતાનો ભોગ જાતે જ મોકલી આપ્યો છે. પકડી લો આને. આજની આપત્તિનું મૂળ કારણ આ જ છે. જંગલ દેવતા કોઈને છોડતા નથી તેમને આજે ભોગ જોઈએ છે." કહેતાં તેણે તેના માણસોને ઈશારો કર્યો. તેમણે તરત જ આવીને મીલુને પકડી લીધો.

"ભૂવાજી, આ શું ? આંગણે આવેલા મહેમાનનું સ્વાગત આમ થાય છે કે ?" મીલુએ પરિસ્થિતિ સમજવા માટે પ્રશ્ન કર્યો.

. "છોકરાં, તું આ ગામનો મહેમાન નથી પણ મોત છે. તારે કારણે આજે ગામ તબાહ થવા બેઠું છે. ઘેર ઘેર મૃત્યુ બારણે ટકોરા મારી રહ્યું છે."

"મારે કારણે ? મેં શું કર્યું છે ?" મીલુએ વળતો પ્રશ્ન કર્યો.

"કાલો ના બન છોકરા," ભૂવાએ દાંત પીસતાં કહ્યું, "તેં અને તારા બાપે અમારા ગામમાં એક વિદેશી દેવને ઘૂસાડયો છે. તેને લીધે જંગલ દેવતા રૂઠયા છે. તેમણે ગામનો નાશ કરવા માટે તાવને મોકલ્યો છે. જો તેણે પેલા મુખીને પણ ભરડો લીધો છે. તમારા ઈસુને અમે મહેતલ આપી કે આ માંદાઓને સાજા કરે પરંતુ એ વિદેશી દેવને આપણી શી પડી હોય ? હવે જંગલ દેવતાનો કોપ ફાટી નીકળ્યો છે તે ભોગ માંગે છે તેણે જ તને અહીં મોકલ્યો છે. આજે પ્રથમ બલિ હશે તારો..."

"પણ ભૂવાજી, જંગલદેવતા જો એટલો શક્તિમાન હોય

તો તે જ શા માટે તાવને મટાડીને ચમત્કાર કરી દેખાડતો નથી ?" મીલુએ પરિસ્થિતિ સમજી લેતાં પાસો ફેંક્યો.

"જંગલ દેવતામાં તાવને પાછા વાળવાની તાકત છે જ પણ પહેલાં તે તમારો ભોગ માંગે છે. પછી જ તે દયા દેખાડશે."

"ભૂવાજી, જંગલ દેવતા માણસોની જેમ વૈર ભૂખ્યો થઈને નિર્દોષોની હત્યા કરતો હશે પણ મારો ઈસુ તો પ્રેમનો સાગર છે. તેણે માણસોના આત્માને બચાવવા માટે પોતાનો પ્રાણ આપ્યો એટલું જ નહિ પણ માણસોની શારીરિક બીમારીને દૂર કરવા માટે તેણે તેને એવી બુદ્ધિ પણ આપી છે કે જેના દ્વારા માણસે એવી દવાઓ બનાવી છે કે તેનો શારીરિક વ્યાધિ પણ દૂર થઈ શકે..."

"પણ એવી બુદ્ધિ તારી પાસે હોય તો તેં દવા કેમ બનાવી નથી ?" ભૂવાએ મીલુની વાતને વચ્ચેથી જ કાપી કાઢવા ચાહી.
"એ જ કહું છું ભૂવાજી," પછી પોતાના ખભે ભરાવેલ ઝોલી તરફ ઈશારો કરતા કહ્યું, "આ ઝોળામાં નાની સફેદ ગોળીઓ છે તે લઈને જેમને તાવ આવ્યો હોય તે દરેકને એક એક પીવડાવી દો અને જુઓ કે તાવ જાય છે કે નહીં."

"ના... ના.. એ ઠગારાનો જરીકે વિશ્વાસ કરવાનો નથી. એવી ગોળીથી વળી તાવ જતા હશે કે ? તું અમને ઠગવા માંગે છે પણ એ બનશે નહીં. આજે તારો ભોગ લેવાશે જ." એમ કહી ભૂવાએ પોતાના હાથનો ભાલો ભોંયમાં માર્યો જાણે કે

તેણે મીલુના મરણનામા પર મહોર કરી. એ સાથે જ ભૂવાના મળતિયા પણ પોકારી ઊઠયા, "હા, હા, ભોગ લેવાશે જ."

"ભૂવાજી, મારી વાત માનો. હું તો તમારા બંધનમાં જ છું. અહીંથી છટકીને હું ક્યાં જવાનો છું ? વળી ભોગવિધિ તો મધ્યરાત્રિએ જ શરૂ થશેને ? હમણાં ગોળી લીધેલો દર્દી ત્યાં સુધીમાં જો સારો ન થાય તો ભલે મારો બલિ અપાય મને કશો જ વાંધો નથી."

"તને વાંધો હોય તોપણ દીકરા, તારું સાંભળવાનું કોણ છે ? અને આજે તારો બાપ પણ આવીને તને છોડાવી શકવાનો નથી. તારી એ ગોળી પીશે કોણ એ તો બતાવ ?" ભૂવાએ પ્રશ્નાર્થ નજર ટોળાં તરફ દોડાવી. તેણે લોકોની ઉપર પોતાના પ્રભાવની અસર જોઈ અને મીલુની વાત પરનો અવિશ્વાસ પણ જોયો એક વીજળીક સ્મિત તેના ચહેરા પર ઉપસી આવ્યું.

મીલુએ આશાભરી દષ્ટિ પેલા તાવથી ધ્રૂજતા નાનકડા વૃંદ તરફ કરી પરંતુ તેને કશો જ પ્રતિભાવ સાંપડયો નહિ. ત્યાં તો નબાટાના પિતાનો સ્વર હવામાં ઊભરાયો. "લાવો, એ ગોળી મને આપો. હું તે લઈશ."

"મુખીના બચ્ચા, આ સાપના કણાને હજી તું ઓળખી શક્યો નથી કે ? તારે વહેલું મોત જોઈએ છે ? ભલે, લે એ ગોળી અને ગામલોકોની સમક્ષ તરફડીને મર. છેલ્લી પળોમાં મને યાદ કરજે." કહી તેણે પોતાના સાથીને ઈશારો કર્યો, તેની પાસે ઝોળો લાવવામાં આવ્યો. ભૂવાએ તે પ્લાસ્ટિકની કોથળી કાઢી અને તેમાંથી એક ગોળી કાઢીને મુખીના મોંમાં મૂકી.

ગોળીના કડવા સ્વાદને કારણે તેનું મોં વિચિત્ર રીતે મચકાયું પણ મુખીએ તે બહાર કાઢી નાંખી નહીં. અને બધો રસ ગળા નીચે જવા દીધો. તેનું જોઈને પેલા માંદાઓના વૃંદમાંથી એક મુખી તરફી માણસે પણ ગોળી માંગી. તેને પણ આપવામાં આવી. એક બીજા મિત્રે પણ તે માંગી અને લીધી. પછી તે કોથળીને ભૂવાએ જંગલદેવતાના પગ બાજુ ફેંકી દીધી અને પોતાના સાથીઓને કેદીઓનું ધ્યાન રાખવાનું કહી તે રાત્રિના બલિદાનની તૈયારીઓ માટે પોતાના કૂવા તરફ જતો રહ્યો.

ગામલોકો તો કોઈ પણ ત્યાંથી ખસ્યા નહી. કેમ કે આજે તો એક નવો તમાશો પહેલાં મુખી અને ભૂવા વચ્ચે પડકાર હતો. તેમાં ભૂવો જીત્યો હતો. તો હવે આ એક અન્ય જાતિ છોકરો અને ભૂવા વચ્ચેની રસાકસી હતી. તમાશાને તેડું હોય ? કોઈ ત્યાંથી ખસવા તૈયાર ન હતા. તેમાં મુખીના પક્ષના લોકો પણ હતાં. તેઓ મુખીના વિજયને જોવા ચાહતા હતા પણ ભૂવાનું પલ્લું નમતા તેઓ ચૂપ થઈ ગયા હતા. જો કે હવે એક નવી પરિસ્થિતિ ઊભી થઈ હતી. કદાચને પલ્લું આ તરફ પણ નમી પડે તો મુખી તથા તેના દીકરાને તેઓ છોડાવવા ચાહતા હતા કેમ કે તેમણે પ્રભુ ઈસુનો સ્વીકાર કર્યા પછી નાહક રક્ત રેડાય તે તેમને પસંદ ન હતું. તેઓ મનોમન પ્રાર્થના પણ કરતાં હતાં. બીજી તરફ બલિદાનની તૈયારીઓ પણ પૂરજોશમાં ચાલુ હતી.

શું થશે ? પ્રશ્ન હતો. થોડીવારમાં જ ઢોલનો નાદ શરૂ થશે. બલિની મિજબાની પૂર્વના મૃત્યુનો એ સાદ હતો.

# ૧૭ તાવનો પરાજય

રાત્રિનો અંધકાર ઘેરો થતો ચાલ્યો. વધનૃત્યના ઢોલવાદનનો ધ્વનિ વાતાવરણમાં ફેલાવા લાગ્યો. ભૂવાના કેટલાક સાગરીતોએ નૃત્યનો આરંભ તો કર્યો પરંતુ કોણ જાણે કેમ પણ કશી રંગત જામતી ન હતી. પહેલાંના નૃત્યોમાં બધાં ગ્રામજનો એકઠાં મળીને પ્રસંગને ઉજવતા હતાં. પરંતુ આજની પરિસ્થિતિ જુદી જ હતી. પ્રભુ ઈસુની સુવાર્તાએ જે જે દિલોમાં વાસ્તવિક કાર્ય કર્યું હતું. તેઓ આજે નૃત્યથી દૂર જ રહ્યા હતા. તેમની વિકાસ પામેલી સમજશક્તિ તાવના મૂળમાં મુખીને જોતી ન હતી. વળી તેઓ ભૂવાની મેલી મુરાદને પણ પામી ગયા હતાં અને તેથી જ તેઓ દુષ્ટની દુષ્ટતામાં સામેલ થઈને નિર્દોષ મુખીની હત્યાના ભાગિયા થવા ચાહતા ન હતા. તેમાંના કેટલાક તો ભાંગી તૂટી પ્રાર્થના દ્વારા પ્રભુ ઈસુ પાસે કોઈ ઉકેલની વિનંતી કરી રહ્યા હતા.

બીજી તરફ જેમણે માત્ર દેખાદેખીથી જ ખ્રિસ્તનો સ્વીકાર કર્યો હતો. તેઓના મનમાં તો ભૂવાની સમજાવટ લસલસતા શીરાની જેમ ઊતરી ગઈ હતી. જંગલ દેવતાના કોપનો હાઉ તેમના મનમાં વસી ગયો હતો તેથી તેઓ તરત જ ભૂવાના


મળતિયા કહે તેમ કરવા તૈયાર હતા. તેમને ખ્રિસ્ત ઈસુના ભજનની રીત તથા તેનું શિક્ષણ પસંદ જ ન હતાં. તેઓને તો તેમની પૂરાણી જીવન પદ્ધતિ વધુ ભાવતી હતી. દુશ્મનો જોડે હિસાબ પતાવવામાં તથા દારૂ પીને છાકટા થવામાં તેમને મર્દાનગી દેખાતી હતી અને ખૂનખરાબો તો તેમનો પ્રિય વિષય હતો. આવા લોકોને વધનૃત્યમાં સામેલ થવામાં કશી જ તકલીફ ન હતી. કેટલાક મુખી પ્રત્યેના પ્રેમને લીધે અચકાતા હતાં. તેઓને ભૂવાના શાગિર્દોએ જંગલ દેવતાનો ભય તથા દારૂની લાલચ આપીને તૈયાર કરી દીધાં હતાં.

ઢમ.. ઢમ.. ઢમ... ઢોલના તાલે સમય સરકતો જતો હતો. થોડા જણ તો દારૂના નશામાં ઝૂમતાં નૃત્યનો આનંદ માણી રહ્યા હતા. એક તરફ કરાટાનો સાથી વધને માટે ભૂવાનું ખડગ તૈયાર કરી રહ્યો હતો. જંગલ દેવતાની મૂર્તિને નવા વાઘાં પહેરાવવામાં આવ્યાં હતાં. ભયાનક મુખાકૃતિવાળી એ મૂર્તિ જાણે કે હમણાં પોતે પણ નૃત્ય કરવાની હોય તેવું લાગતું હતું. મોટા વાસણમાં તૈયાર થતું મિશ્રણ જાણે કે તમાશો જોનારને તેડું આપી રહ્યું હતું. પરંતુ ભૂવાનું તથા મુખીનું સ્થાન ખાલી હતાં. મુખી તો બિચારો બંધનાવસ્થામાં હતો અને તે જ બલિ બનવાનો હતો ત્યાં આસન ક્યાંથી શોભાવે ? પણ ભૂવો ક્યાં ? તે પોતાની ઝૂંપડીમાં જ હતો. અંદર જતાં પહેલાં તેણે જાહેર કર્યું હતું કે નવા મુખીની પસંદગી માટે પોતે જંગલદેવતાની ખાસ ઉપાસના કરવા જઈ રહ્યો છે. કેમ કે મુખી વિના તો બલિની ક્રિયા થાય જ કેવી રીતે ? અને જ્યાં સુધી પોતે જ બહાર ન આવે ત્યાં સુધી કોઈથી પણ અંદર

પ્રવેશાય નહીં. આમ અંદર તેની ઉપાસના અને બહાર વધનૃત્ય ચાલી રહ્યાં હતાં.

બીજી બાજુ મુખી, નબાટા અને મીલુ બંધનોમાં પણ પ્રભુની સહાય શોધી રહ્યા હતાં. કેટલાંક તેમનાં પ્રિયજનો તેમની નજીક ઊભાં રહી શું થશે તે વિષે તર્કવિર્તક કરી રહ્યા હતાં. સમય પસાર થવાની સાથે જ ક્વિનાઈનની ગોળીઓએ તેમની કામગીરી આરંભી દીધી હતી. જેમણે જેમણે ગોળી લીધી હતી તેમને ગોળીની અસરને કારણે પસીનો થવા માંડયો હતો અને તાવની અસર ઘટવા માંડી હતી. મુખી પોતે પણ આ ફેરફારની મનોમન નોંધ લઈ રહ્યો હતો. કેટલીકવાર પછી તો પસીનાની સાથે જાણે કે તેમનો તાવ પર બહાર નીકળી ગયો હતો. હવે માત્ર થોડી નબળાઈ સિવાય કડકડતી ઠંડી અને શરીરનું તૂટવું તે ગાયબ હતાં. મુખીએ આંખો ખોલી તો બધો ભાર જાણે કે વહી ગયો હતો. એક હળવાશનો તેમણે અનુભવ કર્યો. તેમણે નબાટાને હાંક મારી, "નબાટા દીકરા, જો તો મારો તાવ તો મટી ગયો છે. તેમનો અવાજ સાંભળી નજીક ઊભેલા તેમના એક મિત્રે દોડી આવીને તેમને માથે હાથ મૂક્યો. તાવના ધગારાને બદલે ત્યાં તો પસીનો સૂકાવાને કારણે ઠંડક હતી. તેનો આનંદ એકદમ ઊછળી પડયો, "હેઈ.. જૂઓ તો મુખીદાદાનો તાવ તો મટી ગયો છે."

તેની બૂમે નબાટા-મીલુને બંધનોમાં પણ હર્ષિત કરી દીધાં. તેમણે મોટેથી પ્રભુ ઈસુનો આભાર માન્યો અને ત્યાં હાજર રહેલાં લોકોમાં પણ ખુશીની લહર ફરી વળી. તેમણે પેલાં બીજાં બે જણે ગોળી લીધી હતી. તેમની પણ તપાસ



ઉત્સાહ ઘેલા બનેલાં તે ટોળાંએ તો ભૂવાએ મૂકેલા રક્ષકોનું
સાંભળ્યું પણ નહીં

કરી. પરિણામ એક જ હતું. તાવ ઊતરી ગયો હતો. ખુશીથી ઝૂમતાં તે નાનકડા ટોળાએ મુખી-નબાટા અને મીલુનાં બંધન ખોલી નાંખ્યાં. ઉત્સાહ ઘેલા બનેલાં તે ટોળાંએ તો ભૂવાએ મૂકેલા રક્ષકોનું સાંભળ્યું પણ નહીં અને હવે તો તેમનામાં હિંમત પણ ક્યાં હતી ? ટોળાના રોષના ભોગ થવાની બીકે તેઓ તો ગૂપચૂપ ત્યાંથી સરકી ગયાં. લોકોમાં આ ખબર ખૂબ જ ઝડપથી ફેલાવા લાગી. "પ્રભુ ઈસુનો જય" "મુખીદાદાનો જય" એવા પોકારો થવા લાગ્યાં.

પલટાયેલી પરિસ્થિતિની ખબર ભૂવાને આપવા દોડી ગયેલા ચોકીદારને ભૂવાની ઝૂંપડીમાં પ્રવેશતા અન્ય રક્ષકોએ રોક્યો તો ખરો પણ તેની પાસે ખબર જ એવા પ્રકારની હતી કે તેને જવા દેવો પડયો. ધડકતા હ્દયે તેણે ઝૂંપડીના દ્વારને હડસેલો માર્યો તો તે ફડાક દેતું ખલી ગયું પણ અંદરનું દ્રશ્ય તો કાંઈ જુદું જ હતું. ભૂવો તો જમીન પર ટૂંટિયું વાળીને પડયો હતો અને થર થર ધ્રૂજતો હતો. ભૂવાને માથે હાથ મૂકતાં જ સમજી ગયો કે ભૂવાને તાવે ઘેરી લીધો છે. તેને સ્પર્શ પામી ભૂવાએ આંખો ખોલી તો રક્ષકે તેને સમાચાર આપ્યા. "ભૂવાજી, મુખીનો તાવ ઊતરી ગયો છે. તેમને ઊંચકીને લોકો આ બાજુ આવે છે." "હેં ?" કહી ભૂવો બેભાન થઈ ગયો. રક્ષક તો તેને એમ જ મૂકી ચાલતો થયો, ભૂવાને પ્રાણ બચાવવા નાસી જવું હતું પણ એ હવે તેના હાથની વાત રહી ન હતી.

# ૧૫ દુશ્મનને પ્રેમ

તાવના રોગનું મારણ હાથમાં આવવાને કારણે ગામ લોકો ખૂબ જ ખુશમાં હતા. પેલાં અન્ય રોગી જેમણે ગોળી લીધી ન હતી તેમને પોતાના અવિશ્વાસ પર પસ્તાવો થતો હતો. અને આવો જ પશ્ચાતાપ જેઓ ઈસુમાં મળતા તારણને સ્વીકારતાં નથી તેમને પણ થવાનો જ છે ને ? આનંદઘેલાં લોકોનું એક નાનું સરઘસ જયનાદો ગજવતું ભૂવાના મુકામ તરફ વળ્યું. પેલું વધનૃત્ય તો ક્યાંય ઠરી ગયું હતું અને ઘડી પહેલાંના આકર્ષણનું મુખ્ય કારણ જંગલ દેવતાની મૂર્તિ પણ સાવ એકાકી બની ગઈ હતી.

ટોળાંને ખબર ન હતી કે ભૂવાના શા હાલ છે. તેમણે તો ભૂવાની ઝૂંપડી આગળ જઈને તેને બહાર આવવા માટે રાડો નાંખવા માંડી તેની ઝૂંપડીનું બારણું તો ખૂલ્લું હતું. પણ બહાર કોણ આવે ? મીલુએ લોકોને શાંત પાડયા અને પછી જેના ખભે તેને બેસાડવામાં આવ્યો હતો તેને તેણે કહ્યું કે પોતાને નીચે ઊતારે જેથી તે ઝૂંપડીમાં જઈને જાણે કે પરિસ્થિતિ શું છે ? પણ નબાટા તથા તેના પિતાએ તેને રોક્યો, "ઊભો રહે મીલુ, એમ અંદર જઈશ નહીં. પેલો તારા પર ખીજવાયેલો



ઊભો રહે મીલુ, એમ અંદર જઈશ નહીં.

હશે અને અંદર લપાઈને કશા હથિયાર સાથે જ બેઠો હશે. તારી પર હુમલો કરતાં તે વિચાર નહીં કરે. માટે જોખમ ઉઠાવીશ નહીં."

"નબાટા, આપણો સમર્થ પ્રભુ ઈસુ આપણી સાથે હોય ત્યારે આપણે બીવાનું શું ? આજે તેણે મને બે વાર મરણમાંથી છોડાવ્યો છે તો શું તે ત્રીજી વાર પણ નહીં છોડાવે ? જો તે ગઈ કાલે, આજે અને સદાકાળ એવો ને એવો જ છે. તે જ મારી સાથે છે. મને જવા દો. મને કશું જ થશે નહીં." મીલુએ કહ્યું અને નીચે ઊતરીને તે સીધો ઝૂંપડીના દરવાજા તરફ ચાલ્યો. સૌ ઊંચા મને તેની તરફ જોઈ રહ્યાં.

ઝૂંપડીના દ્વાર પાસે આવી મીલુ સહેજ અટક્યો. અંદર તો તદ્દન અંધકાર હતો. પોતાની મશાલના અજવાળે તેણે ઝૂંપડીની મધ્યમાં કોઈને ટૂંટિયું વાળીને સૂતેલું જોયું તે ઝડપથી અંદર ઘૂસ્યો તો તે ભૂવો જ હતો એવું કળવામાં તેને વાર લાગી નહિ. મશાલના પ્રકાશમાં તેને થર થર ધ્રૂજતો જોઈ શકાતો હતો. તેના શરીરને અડતાં જ તે તાવગ્રસ્ત છે એવું મીલુ સમજી ગયો. તરત જ તે બહાર આવ્યો. ત્યારે નબાટા અને મુખી તેને દ્વાર આગળ જ મળ્યાં. તેઓ મીલુને જોખમમાં એકલો જવા દેવા ચાહતાં ન હતાં. તેમને મીલુએ સમાચાર આપ્યા એટલે તેઓ એકદમ જ અંદર ધસી ગયાં.

મીલુએ બહાર ઊભેલા ટોળા પાસે આવી કહ્યું, "ભાઈઓ, ભૂવાજીને તાવ આવ્યો છે અને બેભાન છે."

"પ્રભુ ઈસુનો જય હો, છો મરતો એ કાળમુખો, અમને

બધાંને મૂર્ખ બનાવી હત્યાના પાપમાં નાંખતો હતો. કરશે તેવા ભોગવશે !! ટોળામાંથી અવાજો આવવા લાગ્યાં.

મીલુએ કશો પ્રતિભાવ આપ્યો નહીં તે જંગલ દેવતાની મૂર્તિ તરફ ચાલ્યો. લોકો સમજ્યા કે મીલુ હવે ભૂવાનો જ બલિ દઈ દશે તેથી તેઓ પણ તેને પ્રોત્સાહન આપતા આપતા તેની પાછળ ચાલ્યા. પણ ત્યાં જઈને મીલુ તો મૂર્તિના પગ આગળથી કંઈ ઊઠાવીને પાછો ફર્યો. ટોળાને કશી સમજ પડી નહિ. હવે અવાજો બંધ થઈ ગયાં હતાં. ટોળું ચૂપચાપ તેની પાછળ આવ્યું. ફરીથી ઝૂંપડીમાં પ્રવેશી મીલુએ નબાટા તથા મુખીની તેની સાથે લાવેલ ક્વિનાઈનની ગોળી ભૂવાને પીવડાવવામાં સહાય માંગી. મીલુના વર્તનથી પ્રભાવિત થયેલા મુખીએ કોઈપણ આનાકાની વિના તેમ કર્યું. ભૂવાને ગોળી આપી, ત્રણે જણ બહાર આવ્યાં.

જ્યારે તેઓ ટોળા પાસે પહોંચ્યા ત્યારે ત્યાં ઉશ્કેરાટ હતો. ટોળું ભૂવાને મેથીપાક આપીને શિક્ષા કરવા આતુર હતું. તેમના હિંસાત્મક વિચારોને પારખી જતાં મુખીએ તેનો જમણો હાથ ઊંચો કર્યો. તે જોઈને ગણગણાટ એકદમ શાંત પડી ગયો. મુખીએ કહ્યું, “ભાઈઓ, મારા પ્રત્યેના તમારા પ્રેમને માટે તમારો આભારી છું. જ્યારે ભૂવાએ મને મીટાવી દેવાની ચાલબાજી કરી ત્યારે તમે મારા પક્ષે, મારા પડખે ઊભા રહ્યા તે માટે હું અંતઃકરણપૂર્વક તમારો આભાર માનું છું. હવે આપણે જેઓ ખ્રિસ્ત ઈસુને ભજીએ છીએ તેઓએ તેની આજ્ઞાઓ પાળવાની છે. જંગલના ન્યાય પ્રમાણે તો ભૂવાનો જ ભોગ આપી દેવાવો જોઈએ પરંતુ મારો પ્રભુ તો પ્રેમી પ્રભુ

છે. તેણે આપણ પાપીઓને માટે પોતાનો પ્રાણ પણ વહાલો ગણ્યો નહીં ત્યારે તેણે ચીંધેલા રાહ પર ચાલવામાં આપણે પણ તેનો જ નમૂનો લેવો જોઈએ. ભૂવાએ પ્રભુત્વની લાલચમાં ભલે ગમે તે તોફાન કર્યું હોય પણ આપણે તેની સામે તેના જેવાં થઈ શકીએ નહીં. આવો આપણાં વર્તન દ્વારા તેને પ્રેમ તથા ક્ષમાનો એક નવો પાઠ શીખવાડીએ કદાચ, તે દ્વારા તેનું પણ તારણ થાય માટે પ્રાર્થના કરીએ."

હવે મીલુ આગળ આવ્યો. તેણે કહ્યું, "ભાઈઓ, મુખીકાકાની વાત સાચી છે. ઘણીવાર પ્રભુ જાતે આવા પ્રસંગો આવવા દે છે અને તે દ્વારા આપણા જીવનમાં કંઈક નવું કામ કરવા ચાહે છે." પછી તેણે આજે પોતે કેવી વિપત્તિમાં થઈને ગયો અને તાવની દવા તેને કેવી રીતે મળી તેનું વર્ણન કર્યું અને કહ્યું, "જો એ પ્રસંગ ન બન્યો હોત તો તાવના રોગ સામે આપણે હંમેશની જેમ લાચાર જ રહ્યાં હોત. પરંતુ આજે આપણે તેની જીતી શકવાને સમર્થ છીએ માટે આપણે ભેગાં મળીને ઈશ્વર પિતાનો આભાર માનીએ, કેમ કે દેવના વચનમાં કહ્યું છે, દરેક બાબતમાં પ્રાર્થના તથા વિનંતીઓ વડે ઉપકારસ્તુતિ સહિત તમારી અરજો દેવને જણાવો. વળી ભૂવાજી તથા તેમના સાથીઓ સામે આપણે બદલો લેવો ન જોઈએ, કેમ કે પ્રભુ કહે છે કે, બદલો લેવો એ મારું કામ છે. માટે આપણે સંયમ રાખીએ અને ભૂવાને માટે પ્રાર્થના તથા તાવની દવાને માટે ઉપકારસ્તુતિ કરીએ.

મીલુના અનુભવ તથા વાણીએ કામ કર્યું. જેમણે વિશ્વાસ કર્યો હતો તેમને મીલુની ભાવના સમજાઈ જેઓના મન આડાં

હતાં તે પણ શાંત પડયાં અને પછી તો ત્યાં જ નાની પ્રાર્થના સભા શરૂ થઈ ગઈ. ત્યાં આત્માએ કાર્ય કર્યું અને પ્રત્યેક વિશ્વાસી મન રેડીને દેવની આગળ પ્રાર્થના કરતો જોવા મળ્યો.

દરમ્યાનમાં, ગોળીની અસરને કારણે ભૂવાનો તાવ ઊતર્યો. ભાનમાં આવતાં જ તેને પોતાની પરિસ્થિતિ વિષે વિચાર આવ્યો. તેને થયું કે ગામલોકો હવે તેને છોડશે નહીં, ચૂપકીથી તે બહાર આવ્યો. ત્યાં તેણે પ્રાર્થના સભા જોઈ. તે જોતાં તેના મનની ઘૃણા વળી પાછી ઉપસી આવી. હાથમાંનો ભાલો હાથ જોડી ઘૂંટણે પડેલા મીલુની છાતી સોંસરવો ઉતારી દેવાની ઇચ્છા તેને થઈ આવી પણ એની પાછળ રહેલ જોખમથી તે અજાણ ન હતો. બધાં ચોંટી પડે તો તેની ચટણી જ થઈ જાય. આથી બિલ્લીપગે તે ગામના ઝાંપા તરફ સરકયો. તેના નસીબે દરવાજો ખુલ્લો જ હતો કેમ કે, તેના મળતિયા દરવાજો ખુલ્લો રાખીને જ નાસી ગયા હતા. તેનો કાળો દેહ અંધારા જંગલમાં વિલિન થઈ ગયો.

પ્રાર્થનાસભા પૂરી થયા પછી બધાંએ જોયું તો ભૂવો અને તેનો ભાલો ગુમ હતાં. બધાં સમજી ગયાં કે, શરમનો માર્યો તે ક્યાંક ચાલ્યો ગયો છે. સૌએ રાહતનો દમ લીધો અને પોતપોતાના કૂબા તરફ વળ્યાં. મીલુ આજે નબાટાનો મહેમાન હતો.

# ૧૯

## શત્રુના હાથમાં

રાત્રિના અંધકાર જેવો જ કાળો ડિબાંગ ભૂવો ધસમસતો જઈ રહ્યો હતો. બબ્બે વખત ધાર્યું કરવામાં મળેલી નિષ્ફળતાને કારણે તેના હૃદયમાં વૈરનો અગ્નિ ભડકે બળી રહ્યો હતો. જંગલ દેવતાને ચઢેલા બલિમાં મોટો હિસ્સો પામીને ગામલોકોની વાહ વાહ તથા સેવા પામવાને બદલે તેને તેમનાથી જ પોતાનો પ્રાણ બચાવવા માટે એકાએક ભાગવું પડયું હતું. રોમેરોમ વ્યાપેલા ક્રોધને કારણે તે માત્ર આગળ જ વધી રહ્યો હતો. તેને તે કઈ દિશામાં જઈ રહ્યો છે તેનું પણ ભાન ન હતું. તેનું નિશાન શું હતું તેની પણ તેને ખબર ન હતી. તેના મગજમાં તો અત્યારે બે છોકરડા ઘૂમી રહ્યાં હતાં. જેમણે તેને શિકસ્ત આપી હતી. વૈર... બદલો... વૈર... આ જ શબ્દો તેના મગજમાં ઘૂમી રહ્યા હતાં. પરંતુ ત્યારે જ...

સરરરર... કરતો એક ભાલો તેની આગળ આવીને ભોંયમાં ખૂંપી ગયો. સાક્ષાત મૃત્યુના દર્શને ભૂવો છળી ગયો. તેની એકધારી ગતિ થંભી ગઈ. પૂરઝડપે દોડતી સાઈકલની વાલટયૂબ કાણી થઈ જાય અને છૂસ્સ... કરતી બધી હવા નીકળી જવાથી સાઈકલનું બેલેન્સ જાય તેવી જ રીતે ભૂવાના



રોમેરોમ વ્યાપેલા ક્રોધને કારણે તે માત્ર આગળ જ વધી રહ્યો હતો.

બધાં જ વિચારો ક્યાંય છૂમંતર થઈ ગયા અને ભાન ગુમાવીને તે ત્યાં જ ઢળી પડયો.

તેના પડતાંની સાથે જ તેના જેવાં જ બે આદિવાસીઓ નજીકની ઝાડીમાંથી બહાર ધસી આવ્યાં અને ભૂવાની પાસે બેસી ગયાં પરંતુ તેમ કરતાં પહેલાં સાવચેતીરૂપે તેમણે તેનો ભાલો લઈ લીધો હતો. તેમણે બેહોશ ભૂવાને તપાસ્યો અને બીજા કોઈ શસ્ત્ર તેની પાસે નથી તેની ખાત્રી કરી લીધી પછી તેની ટીંગાટોળી કરીને તેને તેઓ તેમની છૂપાવાની જગ્યાએ લઈ આવ્યા. એક જણાએ મશાલ સળગાવી અને તેનો પ્રકાશ થતાં જ તેમના મુખમાંથી ઉદ્ગાર નીકળી પડયો, “અરે ? આ તો ભૂવાજી છે...” !

તેમણે સંભાળપૂર્વક ભૂવાના દેહને જમીન પર ગોઠવ્યો અને એક જણ પાણી લઈ આવ્યો અને તેના મુખ પર છાંટવા લાગ્યો. ભૂવો સળવળ્યો અને આંખ ખોલી. તેને હતું કે તેના દિવસ પૂરા થઈ ગયા છે અને પોતે શત્રુના હાથમાં પડયો છે. પણ આંખ ખૂલતાં જ તેણે આશ્ચર્ય અનુભવ્યું. તે તેના સાથીઓની વચમાં હતો. સડાક કરતો ને તે બેઠો થઈ ગયો. તેણે ફરીથી આજુબાજુ જોયું તો પોતે એક ગાઢ ઝાડીની વચમાં હતો અને થોડે જ દૂર એક તાપણું એવી રીતે સળગી રહ્યું હતું કે તેનો પ્રકાશ દૂર સુધી પહોંચે નહિ.

ભૂવાને ભાનમાં આવેલો જોતાં તેના સાથીઓ ગેલમાં આવી ગયાં. તેમાંના એકે તો તેને પ્રણામ કરતાં કહ્યું, “ગુરુજી,

અમે તો તમને મરી ગયેલાં જ સમજતા હતા પણ દેવતાએ કોઈ ચમત્કારથી તમને બચાવી લીધા લાગે છે."

જંગલની હવાનો ઊંડો શ્વાસ ફેફસામાં ભરતાં ભૂવાએ કહ્યું, "એમ જ છે મિત્રો, આપણો જંગલ દેવતા બળિયો છે. વિદેશી ગોરિયા દેવના ભક્તોના હાથમાંથી બચાવીને તેણે જ મને તમારા સુધી પહોંચાડયો છે. પણ તમે બધાં અહીં શું કરો છો ?"

"ભૂવાજી, અમે તમને સાથ આપ્યો હતો અને તમારી પાછળ તેઓ કેવાં લાગ્યાં હતાં ? તો અમારું શું થાય ? એટલે અમે તો ડરને કારણે અહીં આવી ગયા હતા. અંધારામાં અમે તમને ઓળખ્યા નહીં અને તમારી તરફ ભાલાનો ઘા કર્યો. અમને માફ કરો."

પોતાનો જમણો હાથ હવામાં ઊંચો કરતાં ભૂવાએ માફી બક્ષી. તેના વૈરભૂખ્યા મગજમાં વળી વિચારોની હારમાળા શરૂ થઈ. જ્યાં સુધી પેલા છોકરાં મીલુ અને નબાટારૂપી કાંટા તેના માર્ગમાંથી દૂર ન થાય તથા પોતાની વસ્તીમાં તેની સર્વોપરી સત્તા હાથમાં ન આવે ત્યાં સુધી તેને ચેન મળવાનું ન હતું. તેણે પોતાના સાથીઓને ઉદ્દેશીને કહ્યું, "મિત્રો, આપણો મૂરખ મુખી અને તેનો દીકરો આપણી જાતિનું નિકંદન કાઢવાના છે. આપણી શત્રુ જાતિના મુખીના દીકરાએ તેમની પર કોઈ જાદુ કર્યો લાગે છે. પરંતુ આપણા જંગલ દેવતાના પ્રતાપે મને તેની કદી અસર થતી નથી. વળી, આપણો બળવાન જંગલ દેવતા તેમના હાથમાંથી મને બચાવી લે છે

કારણ કે તે હજી પણ આપણી જાતિને પ્રેમ કરે છે અને આપણને બચાવવા ચાહે છે.”

તેના ચેલાઓ તો મંત્રમુગ્ધ બનીને પોતાના ગુરુની વાણી સાંભળતા હતા. તાજેતરમાં જ થયેલા ભૂવાના ફિયાસ્કાને તેમણે જોયો હતો. પરંતુ ભૂવો કેવી રીતે બચીને નાસી આવ્યો તે તેમને ખબર ન હતી. તેમણે તેને ભયંકર તાવમાં સબડતો જોયો હતો અને કદાચ તાવમાંથી બચી ગયો હોય તોપણ ક્રોધે ભરાયેલા ટોળાથી તે કેવી રીતે બચી શકે ? એથી તેમની વચ્ચે ભૂવાનું આવવું તે ચમત્કાર સમાન હતું. તેમને ભૂવાની વાણી સાચી લાગતી હતી. ભૂવાની શક્તિમાં તેમને શ્રદ્ધા બેસી ગઈ હતી.

“જ્યાં સુધી આ લોકો આપણી જાતિમાં હશે ત્યાં સુધી જંગલ દેવતાનો કોપ હઠશે નહિ, જંગલ દેવતાના સમ હવે કાં તો મુખી અને તેનો દીકરો નહિ કાં હું નહિ. તમે મને સાથ આપશો ? જો તમે નહિ આપો તોપણ હું એકલો જ લડીશ અને પછી નવો મુખી પણ હું જ પસંદ કરીશ, બોલો તમારો શો વિચાર છે ?”

“ભૂવાજી, અમે તો શરૂઆતથી જ તમારી સાથે નથી શું ?” કબાલાએ બધાના વતી ઉત્તર આપ્યો.

“ઠીક, તો હમણાં તમે એક કામ કરો આપણે એક નિશ્ચિત સ્થાન શોધીએ અને ત્યાં આપણે મળીશું. તમે બધાં આપણે ગામ પાછા જાઓ. કોઈ તમારો વાળ પણ વાંકો કરશે નહિ. ત્યાંની પરિસ્થિતિની માહિતી મને આપવા આવજો. પછી શું

કરવું તે હું તમને કહીશ. જુઓ સવાર થવા આવ્યું છે તમે લોકો જલ્દી પાછા ફરો અને આ ગુફામાં હું તમને મળીશ. મારે માટે ખોરાક પણ લેતા આવજો."

એટલું કહી ભૂવાએ તેના સાથીઓને વળાવ્યા. ભૂવાની શિખામણો ગાંઠે બાંધીને તેના સાથીઓએ તેમના ગામનો રસ્તો લીધો. ભૂવો થોડે દૂર તેમની સાથે ગયો અને પાછો ફર્યો. પાછા વળતાં તેણે ઝાડીમાં એક સસલું જોયું. તેના ચહેરા પર હાસ્ય લીંપાઈ ગયું. તેના સચોટ નિશાને એક જ ઘામાં સસલાને વીંધી નાખ્યું. દોડીને તેણે સસલાને ઊંચકી લીધું અને ઘામાંથી વહેતા લોહીને તેણે હોઠ દબાવી ચૂસી લીધું. એક વિચિત્ર પ્રકારની ચમક તેના ચહેરા પર આવી. હવે માંસ શેકીને ખાઈ લઈશ એવો વિચાર કરી તે ગુફા તરફ આગળ વધ્યો. ગુફાની બહાર પડેલા મોટા પથ્થર પર તેણે સસલાના શબને મૂક્યું અને ત્યાં નજીકમાં જ પોતાનો ભાલો જમીનમાં ખોસી દીધો. અને થોડાં સૂકાં લાકડાં વીણવા લાગ્યો.

પણ લાકડાં વીણીને જ્યારે તે પથ્થર પાસે આવ્યો તો તેની આંખો પહોળી જ રહી ગઈ. ત્યાં ન હતું સસલું કે ન હતો ભાલો. સસલાને કદાચ કોઈ પ્રાણી તાણી ગયું હોય પણ ભાલો ? ભૂવાને પોતાની ભૂલ સમજાઈ. જંગલમાં શસ્ત્રને વેગળું મૂકવું તે મૂર્ખતા છે. પણ હવે શું ?

ભૂવો કાંઈ વિચારી શકે તે પહેલાં પાછળ થોડો ખખડાટ થયો. ત્વરાથી ભૂવો પાછળ ફર્યો અને તેનું હૃદય થડકો ખાઈ ગયું. તેમની નજીકની સૌથી ક્રૂર ગણાતી જાતિનો આદિવાસી

ભૂવાનો ભાલો લઈને તેને જ નિશાન બનાવીને ઊભો હતો. અચાનક જ ઝડપાઈ ગયેલા ભૂવાનું મગજ શૂન્ય થઈ ગયું હતું. શત્રુ તો ઠાર કરવાને તત્પર હતો પણ તેમાંથી કેમ બચવું તે મોટો પ્રશ્ન હતો. ભૂવો આમ તો શક્તિશાળી હતો. અને એકાદ શત્રુ સામે તે હાર માની લે તેવો ન હતો. પણ હમણાં તે નિઃશસ્ત્ર હતો અને અચાનક જ ઝડપાઈ ગયો હતો. મીલુ-નબાટા પર વૈર વાળવાની ધૂન એવી લાગી હતી કે તે આફ્રિકાના જંગલમાં સહજ ગણાય તેવી કાળજી પણ વીસરી ગયો હતો અને હવે મૃત્યુ ભાલાની અણી બનીને તેની છાતી સામે તકાયું હતું. તેના સ્નાયુઓ તંગ બની ગયા હતા. તેની ચકોર દ્રષ્ટિ શત્રુની હિલચાલને પારખવા માટે સતેજ હતી. તેનું સમસ્ત ધ્યાન શત્રુ ઉપર કેન્દ્રિત હતું. પરંતુ આ તેની બીજી ભૂલ હતી.

ફટાક... અવાજ સાથે ભૂવાની ગરદન પાછળ કાંઈ અથડાયું ભાન ગુમાવતા પહેલાં ભૂવાએ જોયું તો એવો જ ખૂંખાર ચહેરો ધરાવતો આદિવાસી તેના પીળા દાંત ચમકાવી રહ્યો હતો. બીજી જ પળે ભૂવાની આંખોમાં અંધકાર ધસી આવ્યો. તેનો નિશ્ચેતન દેહ ભૂમિ માપતો હતો.

# ૧૮ ફરીથી ભૂવો ?

મીલુની મહેમાનગતિ નબાટા તથા તેના પિતાએ મન મૂકીને માણી. મીલુએ તેમને જીવલેણ તાવમાંથી જ નહિ પરંતુ કાળ બની બેઠેલા ભૂવાના હાથમાંથી પણ બચાવ્યા હતા. મીલુએ તેમને જે બતાવ્યું હતું કે પ્રત્યેક સાચા વિશ્વાસીની પડખે ઈસુ સર્વદા સાથે રહે છે. અને સર્વ વિપત્તિમાં તે તેમની ઢાલ બનીને તેમની રક્ષા કરે તેનો અનુભવ આખાય પ્રસંગમાંથી થયો હતો. તેમના ખાસ માણસો જંગલમાં જઈને હરણાંનો શિકાર કરી લાવ્યા અને તે દિવસે આખા ગામે ભેગા મળીને મિજબાની કરી. લગભગ આખો દિવસ તેમણે ઈશ્વરપિતાનો આભાર માનતાં ગીતો ગાયાં. વળી બીજાં પણ જેમને તાવની અસર જણાઈ તેમણેય મીલુની આપેલી ગોળીઓનો ઉપયોગ કર્યો અને સાજાપણું પ્રાપ્ત કર્યું. પ્રતિવર્ષ તો જ્યારે પણ તાવનો હૂમલો થતો ત્યારે ઘણાં આદિવાસીઓ મરણ પામતાં અને એક વિચિત્ર પ્રકારની બીક છવાઈ જતી. ભૂવો લોકોને બીવડાવીને જંગલ દેવતાના નામે તેમની પાસેથી ભેટો પડાવતો અને જ્યારે પણ નિષ્ફળ જતો ત્યારે તેમને એક અથવા બીજા બહાને ભોળવી લેતો હતો પણ હવે તો તેમની પાસે ઈસુનું અજાયબ

નામ આવ્યું હતું અને તેની પાછળ તાવનો ઈલાજ પણ આવ્યો હતો. ભૂવાના છળને હવે તેઓ સમજતા થયા હતા. પથ્થરનો બનેલો જંગલ દેવતા તેમનું કશું જ બગાડી શકવાનો નથી કે ભલું પણ કરી શકવાનો નથી એ સત્ય તેમને સમજાવા લાગ્યું હતું, અને તેથી જ તેમના હૃદયમાં અંધશ્રદ્ધાનો અસ્ત થઈ રહ્યો હતો અને પ્રભુ ઈસુનો પ્રેમ ઉદય પામી રહ્યો હતો. મિજબાની પછી નબાટા પાસે જઈને મીલુએ કહ્યું,

"નબાટા, દોસ્ત, આજે તો તેં મને એટલું બધું ખવડાવી દીધું કે લાગે છે એક મહિના સુધી હવે ભૂખ જ લાગવાની નથી."

"મીલુ, તેં જે ઉપકાર કર્યો છે તેની સરખામણીમાં તો અમારી આ મહેમાનગતિની કોઈ જ વિસાત નથી પણ મને વિચાર આવે છે કે ભૂવાનું મેં કે તેં કશું જ બગાડયું નથી તો પછી તેનું વર્તન આવું કેમ ?"

"નબાટા, વિશ્વાસીજીવનનો જ્યારે આરંભ થાય છે ત્યારે શત્રુ શેતાન પણ હાથ જોડીને બેસી રહેતો નથી, વિશ્વાસીઓના માર્ગને તથા તેમના કાર્યને અવરોધવા માટે તે તેના પાત્રોનો ઉપયોગ કરે છે. આપણાં ભાઈઓમાં જ્યારે સુવાર્તાના કાર્યનો આરંભ થયો છે. ત્યારે તે ભૂવા દ્વારા તે કામને અટકાવવા ચાહે છે. પણ યાદ રાખ આપણો તારનાર મહાન છે તેની કાર્ય કરવાની રીત નિરાળી છે. તે હમેશાં જયવંત રહે છે અને તેના લોકોને પણ જયવંત કરે છે." મીલુએ થોડો લાંબો ઉત્તર આપ્યો.

"ખરી વાત છે મીલુ, ભૂવાની યોજના કેટલી ભયંકર હતી ? આજે તારું કે મારું નામનિશાન ન હોત પણ આપણા જીવંત પ્રભુએ આપણને હેમખેમ રાખ્યાં છે. પણ ભૂવો ક્યાં ગયો હશે ?" નબાટાએ બીજો પ્રશ્ન કર્યો.

"શરમ અને ક્ષોભને કારણે ચાલ્યો તો ગયો છે પણ તે વધુ સમય દૂર રહેશે નહિ. આપણા કારણે તેનો જે પરાજય થયો છે તેને પચાવી શકવાની તેની શક્તિ નથી, તેથી ફરીથી તે કોઈ નવી યોજના લઈને આપણી સામે આવશે. પરંતુ ચિંતા કરવાની કોઈ જરૂર નથી, આપણો મહાન રક્ષક અને સાચો મિત્ર ઈસુ સર્વદા આપણા પક્ષે અને આપણી પડખે છે. તેની ઈચ્છા પ્રમાણે જ થશે."

"પણ તો પછી આપણે તેને જીવતો જવા દીધો તે આપણી ભૂલ નથી ? આપણા માર્ગમાં કાંટા વેરનારની હસ્તિ જ શા માટે રહેવા દેવી ?" નબાટા થોડો ઉશ્કેરાટમાં હતો.

"નબાટા, કોઈનો ન્યાય કરનાર આપણે કોણ ? ન્યાય તથા શિક્ષા કરવાનું કામ પ્રભુનું છે. આપણે તો તેના પ્રેમ તથા ક્ષમાના સંદેશને જીવી બતાવવાનો છે. યાદ છે ને પ્રભુની પ્રાર્થનામાં આપણે કહીએ છીએ, "જેમ અમે અમારા ઋણીઓને માફ કરીએ છીએ તેમ તું અમારાં ઋણ અમને ક્ષમા કર."

"મીલુ, ભૂવાના વર્તનની યાદ લોહીને ગરમ કરી દે છે. તેને માફી આપવી જોઈએ પણ મન માનતું નથી. જો તારી

હાજરી ન હોત તો અમે તો તેનો તેના જંગલ દેવતાની સામે જ ઘડો લાડવો કરી દીધો હોત."

"નબાટા, તારી લાગણી સમજી શકું છું. પણ આપણે તો ઈસુના પ્રેમ તથા ક્ષમાના સંદેશને ફેલાવવાનો છે. આવા દૈહિક વિચારોને વધસ્તંભ તળે કચડી નાંખવાનાં છે. ખ્રિસ્ત ઈસુમાં પ્રાપ્ત થયેલા નવા સ્વભાવને અજમાવવાનો છે. મારી હાજરી જો તને એવું કરતાં રોકી શકી તો સદાકાળ આપણી સાથે જ રહેનાર ઈસુની ઉપસ્થિતિ તને કેમ સહાય ન કરી શકે ? જો હવે ભૂવાના વિચારો છોડ અને સુવાર્તાને પ્રસરાવવા શું કરવું તેને માટે પ્રાર્થના કર. પ્રભુ તને સહાય કરશે અને જયવંત કરશે. ચાલ આપણે પ્રાર્થના કરીએ." થોડીવાર બંને પ્રાર્થનામાં ઝૂકી રહ્યા હતા.

પ્રાર્થના પૂરી થયા પછી મીલુએ નબાટાની રજા માંગી અને પોતાને ગામ જવા તૈયાર થયો. નબાટાએ પણ તેને ભાવભીની વિદાય આપી.

"મીલુ, આપણા સુવાર્તાના કાર્યક્રમનું શું ? હવે આપણે ક્યારે જઈશું ?"

"મને લાગે છે કે આપણે હજી થોડો વધુ સમય પ્રાર્થનામાં ગાળીએ અને પછી પ્રભુની ઇચ્છા પ્રમાણે આગળ વધીશું. હું તને સંદેશો કહેવડાવીશ અથવા હું પોતે જ આવી જઈશ. જો ભૂવાની મુલાકાત કે સામનો થાય તો પ્રેમથી તેને જીતવાનો પ્રયત્ન કરજે. મારી જરૂર હોય તો મને જરૂર બોલાવજે."

"વારું, દોસ્ત અલવિદા." નબાટાએ રોકાઈ જતાં હાથ ઊંચો કર્યો, "અલવિદા." મીલુએ પણ એવો જ ઉત્તર આપ્યો.

જંગલની ઝાડીમાં અદ્રશ્ય થતા મીલુને નબાટા તાકી રહ્યો અને જ્યારે તે દેખાતો બંધ થયો ત્યારે તેની સલામતિ માટે પ્રાર્થના કરતો તે પણ પાછો ફર્યો.

મીલુને માટે રસ્તો પરિચિત હતો તોપણ જંગલના નિયમથી તે પૂરો પરિચિત હતો. આફ્રિકાના જંગલમાં જે સાવધ રહે તે જ જીતે. સહેજ પણ ગાફેલ રહ્યા તો શત્રુ અથવા જંગલી પ્રાણીના હુમલાનો ભોગ થઈ જતાં વાર લાગે નહિ અને તેથી ચપળ મીલુ ખૂબ જ સાવચેતીથી પોતાના માર્ગે આગળ વધી રહ્યો હતો. તેના કાન સરવા હતા અને નાનકડો અવાજ ઝડપી લેવાને તત્પર હતા ત્યાં જ તેના કાને થોડો ગણગણાટ પડયો. મીલુ સાવધ થઈ ગયો. થોડીવારે તે ગણગણાટ વાતચીતના સ્વરૂપમાં પલટાઈ ગયો. કોઈ નાનું ટોળું આવતું હોય તેમ લાગ્યું. મીલુ ઝડપથી અને અવાજ ન થાય તેવી રીતે નજીકની ઝાડીમાં સરી ગયો.

તેણે જોયું તો નબાટાના ગામના છ-સાત આદિવાસીઓ આવી રહ્યા હતા. તેઓ પરસ્પર વાતચીત કરતા આવતા હતા.

"કરાલા, મને લાગે છે કે ભૂવાએ આમ સંતાઈ રહેવાની શી જરૂર છે ? જો કિવલુ જાતિનો પેલો છોકરો તો અહીંથી જ પાછો જવાનોને ? ત્યારે જ રસ્તામાં તેને પકડી લીધો હોય તો ? મૂળમાં તેને કારણે જ ગામમાં ગરબડ પેઠી છે ને ? નહિ



તેણે જોયું તો નબાટાના ગામના છ-સાત આદિવાસીઓ
આવી રહ્યા હતા. તેઓ પરસ્પર વાતચીત કરતા આવતા હતા.

તો આપણા ગામમાં કેવી એકતા હતી ? નહિ ?" એક આદિવાસી કહેતો હતો.

"ટબાના, તને ખબર પડતી નથી. આપણી ટોળી વિભાજીત છે ત્યારે શત્રુ મુખીના દીકરાને મારીને તે જાતિ સામે યુદ્ધ વહોરી લેવુ પોસાય તેમ નથી. વળી ભૂવો તેને બધાંની હાજરીમાં જંગલ દેવતાની સામે જ તેને શિક્ષા કરવા ચાહે છે."

"અરે વાહ, તું તો જાણે મુખી થવાનો હોય તેવી રીતે વાત કરે છે ને ? શું વાત છે ?"

"હા, ભૂવાની યોજના પાર પડે તો હું જ મુખી થવા ચાહું છું. કોણ મારી સામે થાય તેમ છે ?" કહેતા કરાલાએ ભાલો ભયજનક રીતે હલાવ્યો અને વાતચીત ત્યાં જ અટકી ગઈ. કોઈ કરાલાનો વિરોધ કરવા ચાહતું ન હતું અને તેમની ટોળીમાં તેનો બરોબરિયો પણ કોઈ ન હતો. વાતાવરણમાં ચૂપકી છવાઈ ગઈ. તેમની ટોળી પણ શાંતિથી આગળ વધી ગઈ.

તેમનાં પગલાંનો અવાજ દૂર ગયો. એટલે મીલુ બહાર આવ્યો. તેણે વાત સાંભળી લીધી હતી. ભૂવો જીવતો હતો અને હજી પણ તેની શત્રુતા ચાલુ જ હતી. તે કોઈ ભયાનક યોજના ઘડી રહ્યો હતો. વળી આ લોકોનો તેને સાથ પણ મળી ગયો હતો. મીલુએ હવે વધુ સાવચેત રહેવાની જરૂર હતી. ભૂવો બિનજરૂરી દુશ્મન બની ચૂક્યો હતો. તે ક્યારે અને કેવી રીતે હૂમલો કરશે તે કહેવાય નહિ. મીલુ વધારે સાવચેતીથી આગળ વધ્યો.

આગળ જતાં તેના સરવા કાને ફરીથી કોઈના આવવાનો અવાજ પકડી લીધો. પૂરી સાવધાનીથી તે ઝાડીમાં સરકી જતો હતો ત્યાં જ તેને નજીકના ઝાડ પર ચઢી જવાનો વિચાર આવ્યો, અને ઝડપથી અવાજ ન થાય તેમ તેણે તે વિચારનો અમલ કર્યો. ધડકતા પણ સ્થિર હૃદયે તેણે ટૂંકી પ્રાર્થના કરી. તેને થયું ભૂવો તો નહિ હોય ? તે હોય તો તેને જોઈને જરૂર ખુન્નસે ભરાય અને પછી તો શું થાય ? ઘણાં પ્રશ્નો થતા હતા પણ હમણાં વિચારવાનો સમય ક્યાં હતો ?

ઝાડની ડાળીઓ વચ્ચેથી તેને ભૂવો જ દેખાયો. પણ તે કેવી હાલતમાં હતો ?

# ૧૮ ભૂવાને મદદ

બે ખૂંખાર આદિવાસીઓના ખભે એક જાડો દંડો ઊંચકેલો હતો. ભૂવાના હાથ તથા પગને મજબૂત વેલા વડે બાંધી દેવામાં આવ્યા હતા અને તેમની વચ્ચેથી દંડૂકો પસાર કરવામાં આવ્યો હતો. શિકાર કરેલા પ્રાણીને લટકાવવામાં આવે તે રીતે જ ભૂવાને પણ લટકાવવામાં આવ્યો હતો. અને વળી સાચી જ વાત હતી. ભૂવો તેમનો શિકાર હતો. આજે તેમના ગામમાં જલસો થશે. તેમાં વનદેવતાને ભૂવાનો ભોગ ચઢાવાશે. આજ સુધી અનેક પ્રાણીઓ તથા અન્ય આદિવાસીઓનો બલિ ભૂવાએ ચઢાવ્યો હતો. કેટલાંક નિર્દોષ માણસોને પણ મોતને ઘાટ ઉતારવામાં ભૂવાને કશો જ અફસોસ થયો ન હતો. નિર્દયતાથી તેણે ખડગ વાપર્યું હતું અને રક્તની નદીઓ વહેવડાવી હતી. બલિ થનાર વ્યક્તિના હૃદય પર શું ગુજરતું હશે તેની તેણે કદાપિ પરવા કરી ન હતી. પરંતુ આજે હવે તે પોતે બંદી હતો અને વધ કરવા માટે લઈ જવાતો હતો. તેના બણગાં અને તેની કાળી યોજનાઓ જંગલની હવામાં વેરાઈ ગયા હતાં. ભયને કારણે તેનો ચહેરો નિસ્તેજ થઈ ગયો હતો અને હમેશાં તંગ રહેતા તેના સ્નાયુઓ ઢીલા પડી ગયા હતાં.

તેના પાપનો ઘડો ભરાઈ ગયો હતો. અને પેલા આદિવાસીઓ આ ઘડો ફોડવા માટે જ જઈ રહ્યા હતા.

ઝાડની ઘટામાં સુરક્ષિત બેઠેલા મીલુએ જ્યારે આ દ્રશ્ય જોયું ત્યારે તેને થોડીવાર પહેલાં નબાટા સાથે થયેલી વાત યાદ આવી. ભૂવો પોતાની બેઈજ્જતીને ભૂલી શકવાનો ન હતો અને નબાટા તથા પોતાને માટે મુશ્કેલીઓ ઊભી કરવાનો હતો તે વાત ચોક્કસ જ હતી. અત્યારે તો શિકારી ખુદ શિકાર બની ગયો હતો. મીલુને વિચાર આવ્યો કે હવે તેણે શું કરવું જોઈએ ? શું તેણે ભૂવાને બચાવવો જોઈએ ? શા માટે ? તેમના માર્ગમાં ફરીથી કાંટા વાવે તે માટે ? વળી તે કામમાં જોખમ ઓછું ન હતું. બે બળવાન વનવાસીની સામે એકલા લડવું અને વિજયી થવું તે કોઈ રમત વાત ન હતી. કદાચ ભૂવાની સાથે તેને પણ બંધાવું પડે અને બલિ બનવાનો વારો આવે અને પોતે તેને ન બચાવે તો ? પોતાને તો કાંઈ જ થવાનું નથી અને જરા પણ યુદ્ધ કે તકરારમાં ઊતર્યા વિના એક બની બેઠેલા શત્રુનો નાશ આસાનીથી થઈ જવાનો હતો. નબાટા જાણશે તો તે ય નિરાંતનો દમ લેશે. આપણે શું કરીએ ? ભૂવાએ પોતાનાં કર્મનું ફળ ભોગવવાનું છે. પ્રભુના લોકને તેણે સતાવ્યા અને તેમની વિરુદ્ધ તેમને મારી નાંખવાનું ષડયંત્ર રચ્યું તો પ્રભુએ તેનો બદલો જ આપ્યો છે, ભલે તેનો બલિ અપાય. મીલુના મનમાં વિચારોનું યુદ્ધ જામ્યું હતું. મીલુ કાંઈ જ ન કરે તો એમાં તેનું કાંઈ બગડવાનું ન હતું પરંતુ જો તે ભૂવાને બચાવવા ચાહે તો તેણે તરત જ કાર્ય કરવું પડે. એક

વાર વનવાસીઓ તેમના ગામે પહોંચી જાય પછી તો ભૂવાને બચાવવો અશક્ય જ થઈ પડે. મીલુએ જૂના સ્વભાવ તથા નવા સ્વભાવ વચ્ચેના દ્વંદ્વનો તરત જ અંત લાવી દીધો. મીલુએ ભૂવાને બચાવવાનો નિર્ણય કર્યો હતો. એ નિર્ણય કેટલો કપરો હતો તે તો સમય જ બતાવી શકે તેમ હતો પણ મીલુ ભૂવાને જીવતો રાખી પ્રભુને માટે તેને જીતવા ચાહતો હતો.

મીલુએ અડધી ક્ષણમાં યોજના વિચારીને પ્રાર્થના કરી લીધી. વીજળી ગતિએ તેણે પોતાની કામઠી પર તીર ચઢાવ્યું અને થોડે દૂરના ઝાડની એક સૂકી ડાળી પર એવી રીતે માર્યું કે તે તૂટેલી ડાળી જમીન પર એવી રીતે ઘસડાઈ જાણે કોઈ માણસ દોડી ગયું હોય. પેલા વનવાસીઓની ચાલ અટકી ગઈ. તેઓ જાણે પથ્થરની મૂર્તિ બની ગયા હોય તેમ ઊભા રહી ગયા અને જે તરફથી અવાજ આવ્યો હતો તે તરફ કાન માંડી રહ્યા. મીલુ માટે હવે કપરી પળ હતી. જો તેઓને ખ્યાલ આવી જાય કે શત્રુ ક્યાં છે અને તે એકલો જ છે તો તો આવી જ બને. વળી હવેની તેની કોઈપણ હિલચાલને તેમના સરવા કાન પકડી લેવાને તૈયાર જ હતા તેથી તેનું સહેજપણ હલનચલન તેને ખુલ્લો પાડી દે તેમ હતું.

મીલુએ થોડી પળો જવા દીધી પણ તે દરમ્યાન તેણે કામઠી પર બીજું તીર ચઢાવી દીધું હતું. ભૂવો પણ સચેત થઈ ગયો હતો. થોડીવાર રાહ જોયા છતાં પણ કાંઈ થયું નહીં એટલે કોઈ પ્રાણીનો અવાજ હશે તેમ માનીને તેઓ ફરીથી આગળ વધવા લાગ્યા ત્યારે મીલુએ બીજું તીર સનનન...

કરતું તેમની બીજી દિશામાં જવા દીધું. આ વખતનો અવાજ વધુ સ્પષ્ટ હતો.

હજી વનવાસીઓને ખ્યાલ આવ્યો ન હતો પણ કોઈક છે જરૂર એટલું તેઓ પામી ગયા હતા. તેમણે ભૂવાને નીચે મૂક્યો અને એકબીજાને ઈશારો કર્યો બંને એકબીજાના મનની વાત સમજી ગયા અને તપાસને માટે ચપળતાથી બે દિશામાં સરકી ગયા.

મીલુએ હવે ઉતાવળ કરવાની જરૂર હતી. પેલા બંને થોડી જ વારમાં સચ્ચાઈ જાણીને પાછા આવશે ત્યારે તેઓ વધુ સાવધ હશે અને કોઈ પણ ચાલાકીને પકડી પાડવા માટે વધુ તૈયાર હશે. મીલુએ ઝડપથી કામઠી પર તીર ચઢાવ્યું અને ભૂવા તરફ જવા દીધું તેનું નિશાન સચોટ હતું. ભૂવાના હાથના બંધનનો વેલો એવી રીતે કપાયો કે હવે મુક્ત થવા માટે તેણે માત્ર થોડું જ બળ વાપરવાની જરૂર હતી. અજાણ્યા મદદગારની નેમ પારખવામાં ભૂવો થાપ ખાય તેમ ન હતો. અડધી સેકન્ડમાં જ તેના હાથ છૂટા હતાં. પરંતુ એજ સમય દરમ્યાન બીજા તીરે તેના પગના બંધનને પણ કાપી દીધા હતા. મુક્ત ભૂવો ઊભો થઈ ગયો.

બંધન ગયા હતાં પણ એમ કાંઈ મુક્તિ મળી ન હતી. પેલાં વનવાસીઓ ગમે તે ક્ષણે પાછાં આવે તેમ હતું અને બંને પાસે શસ્ત્ર હતાં તેમના બેવડા બળ સામે નિઃશસ્ત્ર ભૂવો ક્યાં સુધી ટકે ? ભૂવો ચપળતાથી નજીકની ઝાડીમાં સરકી ગયો કેમ કે શત્રુના આવવાના અવાજને તેણે પારખી લીધો હતો.



..તરત જ બંને દિશામાંથી બેઉ આદિવાસી પાછા આવી ગયા.

ભૂવાની ધારણા સાચી હતી. જેવો તે ઝાડીમાં લપાયો કે તરત જ બંને દિશામાંથી બેઉ આદિવાસી પાછા આવી ગયા. તેમણે કપાયેલા વેલાને જોયો. શિકાર છટકી ગયો છે તે પણ જોયું. તેઓને ગુસ્સો ચઢયો અને સાથે બીક પણ લાગી. શત્રુની કાબેલિયત તેમને હરાવી ગઈ હતી. શત્રુ કેટલા હતા તેની પણ તેમને ખબર ન હતી. પણ એકથી વધુ જ હોવા જોઈએ, નહિ તો આટલી ઝડપથી તેમનો શિકાર છટકે નહિ. તે દૂર નહીં હોય આટલામાં જ હશે. પણ પીછો કરવામાં જોખમ હતું. શિકાર પકડવા જતાં પોતે જ શિકાર થઈ જાય તો ? બંને જણે માર્મિક નજરે એકબીજા તરફ જોયું અને પાસે આવીને એકબીજાના કાનમાં કાંઈ ગૂસપૂસ કરી. ઝાડની ઘટામાંથી મીલુએ તથા ઝાડીમાં સંતાયેલા ભૂવાએ તે જોયું. પછી એક વનવાસી ત્યાં જ ઊભો રહી સાવધ નજર નાંખી રહ્યો, જ્યારે બીજો પોતાના ભાલા સાથે આગળ ચાલવા માંડયો.

મીલુ તેમની યોજના સમજી ગયો. તે બંને ચાલ્યા જવા માંગતા હતા, પરંતુ સાથે જ જાય અને છૂપાઈ રહેલા શત્રુ હુમલો કરે તો ? બંને પકડાઈ જાયને ? આથી એક આગળ જશે અને બીજો કેટલાક સમયના અંતરે પાછો જશે આથી એક પકડાય તો બીજાને બચવાની તક મળે. મીલુ કોઈની જાન હાનિ કરવા ચાહતો ન હતો તેથી તે પોતાની જગાએ ચૂપચાપ બેસી રહ્યો.

પણ ભૂવાના મગજમાં કીડો સળવળવા માંડયો. તે શત્રુને એમ ને એમ જવા દેવા માંગતો ન હતો. વળી જેણે તેને

બચાવ્યો હતો તે તેને મદદ કરશે એવી તેને હૂંફ હતી તેથી તેણે ઝડપથી એક મોટો પથ્થર ઉઠાવ્યો અને ત્યાં ઊભેલા વનવાસીના માથાનું નિશાન લઈને જોરથી વીંઝયો. તેનું નિશાન સચોટ હતું. વનવાસી કપાયેલી કેળની જેમ તરત જ જમીન માપતો થઈ ગયો. ભયંકર દાંત ચમકાવતો ભૂવો ઝાડીમાંથી બહાર આવ્યો અને વનવાસીને બાંધવા લાગ્યો.

# ૧૯ તારનાર ને મારનાર

મીલુને માટે આ પરિસ્થિતિ નવી હતી. તેની યોજના પ્રમાણે તે ભૂવાને કમોતે મરતો બચાવવા ચાહતો હતો. તેને સારુ પેલા વનવાસીઓ સાથેના ઘર્ષણને માટે તૈયાર હતો. પણ તેનો હેતુ ભૂવાને બચાવવા પૂરતો સીમીત જ હતો. તેને પેલા વનવાસીઓ પ્રત્યે કોઈ ઘૃણા કે તિરસ્કાર ન હતા અને તેમની સામે તેને કોઈ પ્રકારનો બદલો લેવો ન હતો. એટલે જ જ્યારે બંને વનવાસીઓએ છૂટા પડીને ચાલ્યા જવાની યોજના કરી ત્યારે તે ચૂપચાપ બેસી રહ્યો. નહિ તો તે બંનેને પોતાની છૂપાવાની જગાએથી તીર છોડીને આસાનીથી વીંધી શક્યો હોત.

પરંતુ હવે પરિસ્થિતિએ નવો વળાંક લીધો હતો. શિકાર તે શિકારી બનીને ત્રાટક્યો હતો. ભૂવો આવું કરશે તેવો કોઈ વિચાર મીલુને આવ્યો ન હતો. ઉપરાઉપરી મળેલી હારને કારણે અકળાયેલો ભૂવો પેલા બિચારા વનવાસી પર શું ગુજારશે તેની કલ્પના કરવી પણ મીલુ માટે મુશ્કેલ હતી. વળી આ નવી પરિસ્થિતિમાં પોતે શો ભાગ ભજવવો તે પણ મીલુને મૂંઝવતો પ્રશ્ન હતો તેથી તે ચૂપચાપ પોતાની સંતાવાની જગાએ બેસી રહ્યો અને ભૂવાની હિલચાલ જોઈ રહ્યો.

પેલા વનવાસીને બરાબર બાંધ્યા પછી ભૂવો ઊભો થયો અને આજુબાજુ જોતાં તેણે સાદ દીધો, "ઓ મારા અજાણ્યા મદદગાર, બહાર આવ. આપણે સાથે મળીને આ મૂર્ખ વનવાસીને તેની જીંદગીનો પાઠ ભણાવીએ."

ત્યારે જ પેલો વનવાસી ભાનમાં આવ્યો કેમ કે પથ્થરનો ઘા વાગતાં તેને તમ્મર આવી ગયાં હતાં. પણ થોડા સમયમાં તેને કળ વળી ગઈ હતી. તેના મુખમાંથી ઊંહકારો નીકળી ગયો. તેણે પોતાને બંધનમાં જોયો.

"બેટમજી, હવે ઊંહકાર નહીં ચીસો નાંખવાની જરૂર છે તને તારી જીંદગીમાં કોઈ મારા જેવો મળ્યો નહીં હોય. મારી બેકાળજીનો લાભ તેં લીધો તો ખરો પણ હવે જો મઝા." ભૂવાએ તેની સામે એક તિરસ્કારયુક્ત નજર નાંખતાં કહ્યું અને વળી પાછો તેના મદદગારને પોકારવા લાગ્યો, "બહાર આવ દોસ્ત, તારો આભાર માનવાની મને તક તો આપ."

મીલુ વિચારતો હતો કે પોતે દુષ્ટ ભૂવાને બચાવવા તૈયાર થયો હતો તો આ વનવાસીને પણ શા માટે છોડાવવો ન જોઈએ ? ભૂવો તો તેને મારી નાંખવા તૈયાર જ છે, પણ હવે તેને વધુ ચાલાક ભૂવાની સાથે કામ કરવાનું હતું. પેલા વનવાસીએ સામે ચલાવેલી યુક્તિ અહીં કામ લાગવાની ન હતી. વનવાસીને મુક્ત કરાવવા માટે તેણે અન્ય કોઈ રીતે કામ કરવું પડશે.

મીલુ ધીરે રહીને ઝાડ પરથી નીચે સરક્યો. ભૂવાને આ તરફ આશ્ચર્ય થતું હતું. તેને એમ હતું કે તેના સાથીઓએ તેને કોઈ પણ રીતે બચાવી લીધો છે. પણ તો પછી તેઓ બહાર

કેમ આવતા નથી ? ગમે તે હોય પણ તે દુશ્મન તો નહીં જ હોય. સાવધ અને ચપળ મીલુ ઝાડીમાં સરકતો ભૂવાની પાછળ આવી ગયો હતો. અસહાય વનવાસીએ તેને જોઈ લીધો હતો. મીલુને જોઈને તેને આશ્ચર્ય થયું. આવડો અમથો છોકરો તેમને બનાવી ગયો? એકલે હાથે તેણે અમને બે જણને મૂર્ખ બનાવ્યા? ગજબ કહેવાયને?

મીલુએ ધીમે રહીને બૂમ પાડી, "ભૂવાજી..." ભૂવો એકદમ ચમકીને પાછળ ફર્યો. મીલુને જોતાં જ તેની આંખો નવાઈથી પહોળી થઈ ગઈ. ક્ષણ માત્રમાં તેના મગજમાંથી અનેક પ્રકારના વિચાર પસાર થઈ ગયા.

"તેં ? તેં મને બચાવ્યો ? શા માટે ?" ભૂવાના મુખમાંથી પ્રશ્ન સરી પડયો.

મીલુના ચહેરા પર મંદ સ્મિત ઉપસી આવ્યું, "ભૂવાજી, ગઈકાલે રાત્રે તમને પુષ્કળ તાવ હતો. અમે તમને તાવની દવા પીવડાવી અને તમારે માટે પ્રાર્થના શરૂ કરી ત્યારે તમે બહાર ચાલ્યા ગયા. આજે જ્યારે હું મારે ગામ પાછો જતો હતો ત્યારે મેં તમને બંધનમાં જોયા અને તમને બચાવવાનો વિચાર કર્યો. પછી તો તમે જાણો છો."

"પણ તારે મને દવા પીવડાવવાની શી જરૂર હતી ? અને અત્યારેય બચાવવાની શી જરૂર હતી ?" ભૂવો પૂછતો હતો.

"ભૂવાજી, મારા પ્રભુ ઈસુનું શિક્ષણ છે. શત્રુઓને પ્રેમ કરો. તમારા ગામમાં આવેલ તાવનો વાવડ તે ઋતુનું પરિણામ છે, જંગલ દેવતાનો કોપ નહીં. વળી એ જ ઈસુ પ્રભુએ માણસને બુદ્ધિ આપીને તાવને હટાવવા માટે દવાની શોધ

કરાવી છે. જેમ તાવનું પરિણામ મરણમાં આવે છે પરંતુ કડવી ગોળી પીવાથી તે દૂર થાય છે તેવી જ રીતે મનુષ્યના પાપનું પરિણામ (વેતન) મૃત્યુ છે. પણ પ્રભુ ઈસુ ખ્રિસ્તને આશરે આપણને જીવન મળે છે. જ્યારે તેમને આપણાં જીવનમાં આવકારીએ છીએ ત્યારે તે આપણાં જીવનમાંથી પાપના ઝેરને નાબૂદ કરે છે, હૃદયને આનંદ, શાંતિ નવા નવા સ્વભાવથી ભરે છે. પ્રેમી ઈસુ તમને પણ પ્રેમ કરે છે અને તમારા જીવનમાં તમારા હૃદયમાં આવવા ચાહે છે. તમને બદલવા ચાહે છે. એટલે જ તેણે તાવના મરણ તથા આજના બંધનમાંથી તમને છોડાવ્યા છે." મીલુએ થોડો લાંબો ઉત્તર આપ્યો. નીચે પડેલો વનવાસી ધ્યાનથી સાંભળી રહ્યો હતો.

"મૂર્ખ છોકરા, તને કોણે કહ્યું કે હું પાપી છું ? તમારા પાપો તથા દોષોના નિવારણ માટેની પૂજા હું કરું છું તેની તને ખબર નથી ?"

"ભૂવાજી, દેવનું વચન કહે છે કે સૌ કોઈએ પાપ કર્યાં છે અને સૌ કોઈ દેવના મહિમાથી વંચિત છે. વળી એમ પણ કહે છે કે આપણે જો એમ કહેતા હોઈએ કે આપણામાં પાપ જ નથી તો આપણે આપણી જાતને છેતરીએ છીએ ! શું આપણાં હૃદયમાં ચોરી કરવાના, ભૂંડું કરવાના, જૂઠું બોલવાના, કોઈનું પડાવી લેવાના, મારી નાખવાના વિગેરે વિચારો ભરેલા પડયાં નથી ?"

જ્યારે મીલુ બોલી રહ્યો હતો ત્યારે જ એક ભયંકર વિચાર કપટી ભૂવાના મનમાં આવ્યો. મીલુ સાથે વાત કરતાં કરતાં તે તેની નજીક સરકવા માંડયો.



"મીલુ, ઈસુ તો ગોરિયાનો દેવ છે, આપણે તેની સાથે શો સંબંધ ?"

"ભૂવાજી, ઈસુ ગોરિયાઓના કે ખ્રિસ્તીઓના જ પ્રભુ નથી પણ તે સમગ્ર જગતનો ઉત્પન્નકર્તા અને પ્રભુ છે. તેમણે પોતાના પ્રાણનું બલિદાન કોઈ એક જાતિ કે દેશ માટે નહિ પરંતુ સમસ્ત જગતને માટે આપ્યું. તેથી તે વિદેશી દેવ નથી પણ આપણા સર્વના પ્રભુ છે."

જમીન પર બંધનાવસ્થામાં પડેલો વનવાસી આ વાર્તાલાપ

ધ્યાનથી સાંભળી રહ્યો હતો. તેને મીલુની વાતમાં રસ પડયો હતો. તે ઈસુ વિશે સાંભળવા ચાહતો હતો. તેણે પૂછયું કે, "ઓ ભાઈ, આ પ્રભુ ઈસુ કોણ છે ?"

મીલુએ તેની સામે જોતાં કહ્યું, "ઈસુ તો પ્રેમી પ્રભુ છે. જેના હ્રદયમાં તે આવે છે તેને પણ પ્રેમથી ભરી દે છે. તે પ્રેમને કારણે જ મેં ભૂવાજીને તમારા બંધનમાંથી છોડાવ્યા અને તમને પણ હું છોડાવવા જ ચાહું છું."

"શું ?" વનવાસી આશ્ચર્યથી બોલી ઊઠયો. તેને માટે આ વાત નવી હતી. કોઈ પોતાના શિકારને છોડી મૂકે તે એક અજાયબી હતી.

"પણ હું તેને ન છોડું તો ?" નજીક આવી ગયેલા ભૂવાએ પોતાના હાથમાં પકડેલા દંડુકા પર પકડ મજબૂત બનાવતાં પ્રશ્ન કર્યો.

"તો.. તો..." મીલુ કશો ઉત્તર આપે તે પહેલાં ભૂવાએ અસાવધ મીલુ પર ઘા કરી દીધો.

# ૨૦ નબાટાની મદદ

કપટી ભૂવાનું કાળું મન હંમેશા શેતાની યોજનાઓ વિચારતું હતું. મીલુએ તેનો પ્રાણ બચાવ્યો ત્યારે તેનો ઉપકાર માનવાને બદલે તેણે મીલુની ઉપર જ હૂમલો કર્યો.

ભૂવાએ મીલુ પર હૂમલો કર્યો ત્યારે મીલુ તદ્દન અસાવધ ન હતો. ભૂવાનો હુમલો થતાં જ તેણે બચવાનો પ્રયત્ન કર્યો પરંતુ તેને સમય થોડો પડયો. ભૂવો ઘા તો ચૂક્યો પણ મીલુ પોતાનું સંતુલન ગુમાવી બેઠો અને જમીન પર પડી ગયો. ભૂવો જાણી ગયો કે હવે જો મીલુને તક મળી ગઈ તો બાજી તેના હાથમાંથી સરી જશે. માટે તેણે તરત જ ચિત્તાની જેમ તરાપ મારી અને બેઠો થવાનો પ્રયત્ન કરતા મીલુને પાછો ભોંયભેગો કરી દીધો. મીલુએ તેની તળેથી સરકી જવાના પ્રયત્નો તો કર્યા પરંતુ પાડા જેવા ભૂવા સામે એક છોકરાનું શું ગજું ? મીલુનો કોઈ ઉપાય ફાવ્યો નહિ અને ભૂવો તેને પણ બાંધવામાં સફળ થઈ ગયો. આ સમગ્ર ધમાલ પેલો વનવાસી અસહાય રીતે જોઈ રહ્યો હતો પણ ખુદ જ બંધનમાં હતો ત્યારે તે શું કરી શકે ?

મીલુને બાંધી રહ્યા પછી ભૂવાએ તેના દાંતને ચમકાવતું વિજયી હાસ્ય કર્યું. હા... હા..હા.. હા. હા.હા...



મીલુનો કોઈ ઉપાય ફાવ્યો નહિ અને ભૂવો તેને પણ બાંધવામાં સફળ થઈ ગયો.

"નાદાન છોકરાં, જંગલ દેવતાનો પૂજારી કદી હાર ખાતો નથી. તારો ગોરિયો દેવ ભલે પાપોની ક્ષમા દેતો હોય મારે તેની જરૂર નથી અને શાંતિ તો મારા માર્ગના કાંટાને દૂર કર્યા વિના મને મળવાની જ નથી. જંગલ દેવતાનો ભોગ ચઢાવ્યા પછી જ મને ખરી શાંતિ મળશે."

મીલુ ચૂપ હતો. પેલો વનવાસી પણ ચૂપ હતો તેમની ચૂપકી જોઈને ભૂવાને વધુ શૂર ચઢયું.

"છોકરા, તારા ગોરિયા દેવને બોલાવ. કેમ તેણે તને મારા હાથમાં સોંપી દીધો ?"

"ભૂવાજી, આ પહેલાં પણ તમારા બંધનમાંથી મારા પરાક્રમી પ્રભુએ મને છોડાવ્યો છે અને તમારે ભૂંડે હાલ નાસવું પડયું છે તે ભૂલી ગયા ?" મીલુએ મસ્તક ઊંચકી જવાબ દીધો.

"ભૂલી નથી ગયો વાંદરા," ભૂવાએ એ વાતનું સ્મરણ કરતાં દાંત કચકચાવ્યા. પણ આજે જંગલ દેવતાએ તને મારા હાથમાં મૂક્યો છે ત્યારે તને એવો પાઠ ભણાવીશ કે જીવનમાં તેં કદી પણ અનુભવ્યો નહીં હોય."

"ભૂવાજી, મારો સમર્થ પ્રભુ મને તમારા હાથમાંથી છોડાવે તો ઠીક, પરંતુ કદાચ ન છોડાવે તોપણ હું તમારાથી ડરતો નથી કેમ કે તેમના વચનમાં લખેલું છે કે તેના પર પ્રેમ કરનારાઓને માટે એકંદરે સઘળી વાતો હિતકારક નીવડે છે."

"ડર ? નથી લાગતો ? કાંઈ વાંધો નહિ આજે તારી જીંદગીમાં પ્રથમ અને છેલ્લીવાર ડર એટલે શું તે તને સમજાવીશ. તું એમ ન માનતો કે હું તને સરળ મોતે મરવા

દઈશ. પણ જેમ તને રીબાવીશ તેમ મારો જંગલ દેવતા વધુ પ્રસન્ન થશે."

"ભૂવાજી, મારા પ્રભુએ કહ્યું છે કે જીવન લેવાનો તથા આપવાનો અધિકાર તેમનો છે. તેમની ઈચ્છા વિના તું મને કાંઈ જ કરી શકવાનો નથી અને મને મૃત્યુનો ભય સહેજ પણ ડરાવતો નથી. મારા માટે જીવવું તે ખ્રિસ્તના મહિમા માટે છે અને મરવું તે પણ લાભ છે કેમ કે ત્યારે તો મને સદાકાળ તેમની પાસે રહેવાનું મળશે."

"હમણાં થોડી જ વારમાં તારો લાભ ચીસોથી જંગલ ગજાવતો હશે અને તારો આ સાથી પણ તેમાં સૂર પૂરવતો હશે."

"ભૂવાજી, હજી પણ મારી વાત માનો નિષ્પ્રાણ જંગલ દેવતાને ભૂલી જાવ. તેને તમારી કશી જ પડી નથી. નહિ તો તેણે તાવ મારી પર મોકલવાને બદલે તમારી પર કેમ મોકલ્યો ? મેં દવાથી તમારા તાવને દૂર કર્યો ન હોત તો તમને મરણનો કોળિયો બની જતાં તમારો જંગલ દેવતા આડો હાથ દેવા આવવાનો ન હતો. સમજ્યાં ? વળી જ્યારે આ લોકોના હાથમાં તમે કેદ હતા ત્યારે પણ તમને જંગલ દેવતાએ નહિ પણ મેં જ મુક્ત કર્યાં છે હોં..."

"ભૂવા, આ છોકરાંએ બબ્બેવાર તારો પ્રાણ બચાવ્યો છે અને તું તેને મારવા બેઠો છે ? થૂ.. ઉ ઉ ઉ... તારી દાનત પર," થૂંકી દેતાં પેલો વનવાસી પણ વાતમાં જોડાયો, "કરેલા

ઉપકારને તો પશુ, પ્રાણી પણ ભૂલતાં નથી અને તું આવો બદલો આપે છે ?"

"'ધડાક્' દેતી એક થપ્પડ ઠોકી દેતાં ભૂવો બરાડયો, "બકવાસ બંધ કર, તક મળે તો શત્રુને છોડવો નહિ એ જંગલનો નિયમ છે. એમાં મેં શું ખોટું કર્યું છે. શત્રુને હણવો એ તો વીરોનું કામ છે. આના જેવા કાયરો તે થોડા કરી શકે છે ?"

ભૂવાની થપ્પડથી ગાલ ચણચણી ગયો હતો પણ વનવાસીથી બોલ્યા વિના રહેવાયું નહી, "ભૂવા, આ છોકરો કાયર નથી. તેણે તો હિંમતથી તને છોડાવ્યો છે પણ તેં કપટથી તેને બંદી બનાવ્યો છે માટે સાચો કાયર તો તું છે."

થાડ... થાડ... થાડ. થાડ.. એમ કેટલાક તમાચા ક્રોધિત ભૂવાએ વનવાસીને મારી દીધા. ઉપરાઉપરી તમાચા વાગવાને કારણે વનવાસી ભાન ગુમાવી બેઠો. પછી તણખા ઝરતી આંખે તે મીલુ તરફ ફર્યો. ત્યારે મીલુ બંધ આંખે પ્રાર્થના કરી રહ્યો હતો.

"તારા ગોરિયા દેવને યાદ કરી લે છોકરાં, હવે તારો અંત આવી ગયો છે." કહી ભૂવાએ પેલા બેહોશ વનવાસીને ઉપાડયો અને એક વૃક્ષના થડ સાથે ઊભો બાંધી દીધો.

મીલુ બંધ આંખે પ્રભુની સમક્ષ પોતાનું હ્રદય રેડી રહ્યો હતો. દેખીતી રીતે તો બચવાનો કોઈ આરો ન હતો. પણ સામર્થ્યવાન ઈસુ પર તેને વિશ્વાસ હતો. તેને ખાત્રી થઈ હતી કે આ વિસ્તારના આદિવાસીઓમાં પ્રભુ તેના દ્વારા કામ કરવા

ચાહતો હતો. પણ હમણાં તો તે બંધનમાં હતો. આ પહેલાં પણ પ્રભુએ તેને તદ્દન અશક્ય લાગતી પરિસ્થિતિઓમાંથી ઉગાર્યો હતો હતો. તો હમણાં કેમ નહીં ઉગારે ? તેના સાચા મિત્ર પ્રભુ ઈસુ તેની સાથે જ હતા અને તેને ભૂવો કાંઈ કરી શકે તેમ ન હતો. ઈસુ તેને બચાવી શકે તેમ હતા તેથી તો મીલુ ચૂપચાપ બંધ આંખે પોતાના સાચા મિત્રને પરિસ્થિતિની જાણ કરી રહ્યો હતો.

ભૂવો કોઈ જુદી જ યોજના કરી રહ્યો હતો. તે બંને કેદીને પોતાના છૂપાવાના સ્થાને લઈ જવા ચાહતો હતો અને પછી પોતાના સાથીઓની સામે પોતાની બહાદુરી પ્રગટ કરવા ચાહતો હતો. તેણે વનવાસીને ત્યાં જ રહેવા દીધો અને બાંધેલા મીલુને ઉપાડયો અને પોતાના છૂપાવાના સ્થાન તરફ ચાલ્યો. તેને પેલા વનવાસીની ચિંતા ન હતી કેમ કે તે બેભાન હતો અને ભાનમાં આવે તો પણ એવો મુશ્કેરાટ બાંધ્યો હતો કે તે નાસી શકે નહીં.

ભૂવાએ તેવી જ કાળજીથી મીલુને પણ બાંધ્યો હતો. ભૂવાએ તેને એક મોટા પથ્થર પર મૂક્યો. અને પેલા વનવાસીને લેવા પાછો વળ્યો.

ભૂવો દૂર ગયો નહિ હોય ત્યાં મીલુએ તેની પાછળ સળવળાટ સાંભળ્યો. કોઈક તેનાં બંધન કાપતું હતું. સાચા મિત્રે તેની પ્રાર્થના સાંભળી લીધી હતી. નબાટા તેને છોડી રહ્યો હતો.

# ૨૧ મિત્ર ક્યાં ?

મીલુને વળાવીને પાછા વળેલા નબાટાએ કેટલાક સમય પછી ભૂવાના મળતિયાઓને ગામમાં પાછા ફરેલા જોયા. તેણે પોતાના એક સાથીને તેમની પાસેથી સમાચાર જાણવા મોકલ્યો. ભૂવાના માણસોએ ભૂવાના પરાક્રમની વાત ગર્વભેર કરી દીધી. જ્યારે નબાટાએ તેમની માહિતી જાણી ત્યારે તેને ચિંતા થઈ આવી. કેમ કે મીલુએ પાછા જવા માટે જે માર્ગ પસંદ કર્યો હતો તે માર્ગમાં જ ભૂવાનું છૂપાવાનું સ્થાન હતું. અજાણ મીલુનો ભેટો ભૂવા સાથે થઈ જાય તો ? દાઝે બળતો ભૂવો તેની શી વલે કરે ? મીલુ જરૂર સંકટમાં આવી જાય. થોડીવાર નબાટાએ પરિસ્થિતિ વિષે વિચાર કર્યો. અને પછી મીલુની મદદે જવાનું નક્કી કરી લીધું. તે પોતાના કૂબામાં ગયો અને પ્રાર્થનામાં ઘૂંટણે પડી ગયો. તેના સદાના સાથી પ્રભુ ઈસુની સમક્ષ તેણે પોતાના મિત્રની સુરક્ષાની યાચના કરી અને પોતાની નાની કટારી કાઢી કમરે લટકાવી અને પછી તીર કામઠી ખભે ચઢાવીને હાથમાં નાનકડો ભાલો લીધો. ટૂંકી પ્રાર્થના સાથે તે જંગલમાં આવ્યો અને સાવચેતીથી તે આગળ વધવા લાગ્યો. ક્યાંક એવું ન બને કે મીલુને સહાય કરવા જતાં તે પોતે જ કોઈનો શિકાર અથવા બંદી બની જાય.

તે થોડે જ દૂર ગયો હશે ત્યાં તેણે કોઈના ધસમસતા આવવાનો અવાજ સાંભળ્યો. આવનાર વ્યક્તિને પોતાનો અવાજ છૂપાવવાની પડી ન હતી. પણ તે ઝડપથી ક્યાંક પહોંચી જવા ચાહતો હતો. નબાટા સાવધ બની ગયો. તેના સ્નાયુઓ તંગ બની ગયા. તેને થયું કદાચ ભૂવો જ તેના વૈરના આવેશમાં આવી રહ્યો હતો. તે હોય તો ભલે તેને મારી ન નાખું પણ જીવનભરનો પાઠ તો ભણાવવો જ જોઈએ. તેણે ઝડપથી કામઠી પર તીર ચઢાવ્યું અને નિશાન લઈને ઊભો રહ્યો. પોતે શત્રુઓથી ઘેરાઈ ગયો છે તેવી ફડક સાથે આગળ નીકળેલો વનવાસી ઝડપથી કોઈ આશ્રયસ્થાન પ્રાપ્ત કરવા ચાહતો હતો અથવા તો સહાય મેળવવા ચાહતો હતો. પોતે પ્રથમ નીકળ્યો એટલે શત્રુનો ભય ઓછો થયો ન હતો. પોતાના સાથીને ઘેરવાને બદલે શત્રુ તેને જ પતાવવા ચાહતો હોય તો ? એટલે ખૂબ જ સાવચેતીથી તે થોડું અંતર ચાલ્યો પણ કશું જ બન્યું નહિ એટલે તેણે પ્રયોગ કરવા માટે થોડી ઝડપ વધારી પણ તો ય કોઈ પાછળ આવ્યું હોય તેમ લાગ્યું નહિ એટલે તેણે અનુમાન લગાવ્યું કે શત્રુએ તેને જવા દીધો છે પણ સાથે સાથે તેનો મિત્ર તો ફસાઈ જ ગયો છે તે તેને સમજાઈ ગયું. તો પણ તેણે થોડીવાર રાહ જોવાનું નક્કી કર્યું. તે નજીકના એક ઝાડ પર ચઢી ગયો અને પોતાના સાથીના આવવાની રાહ જોવા લાગ્યો. ખાસ્સી રાહ જોઈ પણ તેના મિત્રના આવવાના કોઈ ચિહ્ન દેખાયાં નહિ. વૃક્ષની ટોચ ઉપર જઈ તેણે પાછળ શું થયું હશે તે જાણવાનો વ્યર્થ પ્રયત્ન કર્યો. નિરાશાના વાદળ તેના ચહેરા પર ધસી આવ્યાં. શત્રુના હાથમાં પડેલો મિત્ર હવે



તે નજીકના એક ઝાડ પર ચઢી ગયો અને પોતાના સાથીના આવવાની રાહ જોવા લાગ્યો.

બચશે નહિ એ વિચારે તે ગમગીન થઈ ગયો. પોતાના મિત્રની સાથે તેણે જંગલમાં જે પરાક્રમો કર્યા હતાં તે તેને સાંભરી આવ્યાં. પોતે તેને એકલો મૂકીને ચાલ્યો આવ્યો તે બદલ તેને પસ્તાવો થતો હતો. પણ હવે શું થાય ? હવે પાછા જવામાં મૂર્ખતા હતી અને તે તો આપઘાત કરવા જેવું જ હતું, તેમાં કોઈ શાણપણ ન હતું. હા, એક ઉપાય છે. હજી પણ તેને કોઈ સહાય મળી જાય, તેના કોઈ મિત્રો મળી જાય તો તેઓની મદદથી તે પોતાના મિત્રને બચાવી શકે ખરો. આ વિચાર આવતાં જ તે ઝડપથી નીચે ઉતર્યો અને રાહ જોવામાં ગુમાવેલા સમયને પહોંચી વળવા માટે તેણે પૂરજોશમાં દોડવાનું શરૂ કર્યું.

દોડીને તેણે થોડું જ અંતર કાપ્યું હશે, ત્યાં એક વળાંક આગળ તેણે અન્ય જાતિના કિશોરને કામઠી પર તીર ચઢાવીને તેની તરફ તાકીને ઊભો રહેલો જોયો. પળમાત્રમાં તેના મગજમાંથી અનેક વિચારો પસાર થઈ ગયા. પોતાના મિત્રને બહાર લાવવાને બદલે પોતે જ સપડાઈ ગયો હતો. મિત્રને ગુમાવવાનો શોક અને અણધારી પરિસ્થિતિએ તે વનવાસીની શક્તિને હણી લીધી હતી. તેના હાથમાં રહેલા ભાલાનો ઉપયોગ કરવાનું ક્ષણભર તે વીસરી ગયો હતો પણ તોય તેની બુદ્ધિએ વાર કરી લેવા માટેની સૂચના આપી અને તેણે ભાલાનો ઘા કર્યો પણ તે નિશાન સુધી પહોંચી શક્યો જ નહિ વળતી પળે તો શત્રુ હવે ઘા કરશે તો શું થશે તેની કલ્પનાએ તેને ધ્રૂજવી દીધો અને ભાન ગુમાવીને તે ધરતી પર ઢળી પડયો.

નિશાન તાકીને ઊભેલા નબાટાએ તેને ઢળી પડતાં જોયો એટલે તીર છોડવાનું માંડી વાળ્યું. ભૂવાને બદલે આ પડોશી

જાતિનો યુવાન ક્યાંથી ફૂટી નીકળ્યો ? તે અહીં શું કરતો હતો ? તે કેમ નાસી રહ્યો હતો ? તેને કોનો ડર લાગ્યો હતો ? હવે મારે શું કરવું ? તેને એમ જ રહેવા દઈ આગળ વધી મીલુની મદદ માટે જવું કે આ વનવાસીને સહાય કરવી ? આવા અનેક પ્રશ્નોની વણઝાર તેના મનમાં ઊઠવા લાગી. મીલુને મદદ કરવા તે નીકળ્યો હતો તો પછી તે કામ જ તેણે પહેલાં કરવું જોઈએને ? પણ તો પછી આનું શું ?

આવા પ્રશ્નોને લઈને નબાટા ત્યાં જ ઊભો હતો ત્યારે જ તેને મીલુએ આપેલ પુસ્તકમાંથી વાંચેલા ભલા સમરૂનીનું દૃષ્ટાંત યાદ આવ્યું. સમરૂની પણ જ્યારે પેલા રસ્તે ગયો હશે ત્યારે તે કોઈક કામે જ જતો હશે ને ? શું તેણે પોતાનું કામ પૂરું કર્યા પછી જ ઘાયલ યહૂદીને સહાય કરી હતી ? યાઈરસની પુત્રીને સાજી કરવા જતાં માર્ગમાં ઈસુએ પણ પેલી લોહીવાવાળી સ્ત્રીને મદદ કરી ન હતી ? વળી મીલુને મદદની જરૂર છે એવું કોણે કહ્યું ? મીલુ અને ભૂવાનો ભેટો જ ન થયો હોય અને મીલુ સહીસલામત પોતાને ગામ પહોંચી ગયો હોય એવું ન બને ? પોતે આગળ વધે તે દરમ્યાન આ વનવાસી કોઈ હિંસક પ્રાણી અથવા તો જાતિનો ભોગ બની જાય તો જવાબદારી કોની ? પોતે હાથે કરીને જ તેને મૃત્યુના મુખમાં ધકેલ્યો તેવો જ અર્થ થાયને?

નબાટાએ પ્રથમ આ વનવાસીને સહાય કરવાનો નિર્ણય કરી લીધો. તેણે વનવાસીનો ભાલો ઊઠાવી લીધો અને નજીકની ઝાડીમાં છૂપાવી દીધો રખેને તે ભાનમાં આવીને પરિસ્થિતિ સમજ્યા વિના જ તેની પર હુમલો કરી બેસે તો ?

પછી તેણે બીજા ખભા પર લટકાવેલી પાણીની ભંભૂલી કાઢી અને પેલા વનવાસીના ચહેરા પર છાંટયું. પેલાએ હળવે રહીને આંખો ખોલી. પેલા તીર કામઠી તાકીને ઊભેલા કિશોરને તેણે તેની સૂશ્રુષા કરતો જોયો. તેને એકદમ નવાઈ લાગી. તે સફાળો બેઠો થઈ ગયો. નબાટાના મૈત્રીભર્યા સ્મિતને અવગણતાં તે પોતાના ભાલાને શોધવા લાગ્યો.

"ભાલાને શોધવાનો વ્યર્થ પ્રયત્ન કરીશ નહિ મિત્ર, તે મારી પાસે છે." નબાટાએ સ્મિતને વિસ્તારતાં કહ્યું.

"મિત્ર ? હેં ? શું કહ્યું ?" પેલાએ નવાઈ પામતાં પૂછયું.

"હું તારો જાન લેવા માગતો નથી અને સાથે જ મારો જાન પણ ખોવા ચાહતો નથી તેથી તારો ભાલો મારી પાસે રાખ્યો છે. તને જરૂર હોય તો હું તને પાછો આપું." નબાટાએ કહ્યું.

"એ વળી શું ? તું મારો જાન બચાવે અને મને ભાનમાં લાવવાના પ્રયત્નો કરે એ કેવું ?"

"ભાઈ, મારા જીવનમાં પ્રભુ ઈસુ ન આવ્યા હોત તો આજે મેં તને ક્યારનોય ખતમ કરી દીધો હોત. પરંતુ ઈસુએ મને પ્રેમ કરતાં શીખવ્યું છે તેથી જ આજે તું જીવંત છે એ ઈસુ તને પણ પ્રેમ કરવાનું શીખવશે જો તું તેને સ્વીકારે તો."

"કોણ છે એ ઈસુ ?" વનવાસીએ પ્રશ્ન કર્યો.

"તે માનવ સ્વરૂપે આવેલ ઈશ્વરપુત્ર છે. તેને વિષે વધુ માહિતી આ પુસ્તકમાં છે તે તું તારા સમયે વાંચજે હાલમાં તો

તને સારું લાગતું હોય તો હું ઊપડું, મારે મારા મિત્રની મદદમાં જવું છે." નબાટાએ ઝોળીમાંથી સુવાર્તાનું પુસ્તક તેના હાથમાં પકડાવતાં કહ્યું અને પછી ઉમેર્યું, જો પેલી ઝાડીમાં તારો ભાલો પડયો છે તું લઈ લે જે."

"પણ તારો મિત્ર કોણ છે ? તેને શું થયું છે ?" પેલાએ પુસ્તકને પસવારી જોતાં પૂછયું.

"અમારા ગામનો ભૂવો અમારાથી નારાજ થઈને પેલી ટેકરીઓની પાછળની ગુફામાં સંતાયો છે અમારા પ્રત્યે તેને ભારોભાર દ્વેષ છે. મારા મિત્ર મીલુનો તો તે કટ્ટો શત્રુ બની ગયો છે. આજે મારો મિત્ર તે તરફ ગયો છે તેની ઉપર કદાચ હુમલો થાય તો તેને બચાવવો જરૂરી છે." મીલુએ ટૂંકમાં પતાવ્યું.


"એ બાજુ જ મારો મિત્ર પણ ફસાયો છે શું હું તારી સાથે આવું ?" પેલાએ પોતાની વાત ટૂંકમાં કહી દીધી. તેના વર્ણનને ધ્યાનથી સાંભળતાં નબાટાએ કહ્યું, "તો તમારા હાથમાંથી કેદીને છોડાવનાર મારો મિત્ર જ હશે વળી જો તમારો મિત્ર તેની પાસે હશે તો જરૂર સલામત હશે. ચાલો આપણી પાસે વેડફવા માટે સમય નથી. પગ ઉપાડો."

ઝાડીમાંથી ભાલો લઈને બંને ટૂંકા રસ્તે ભૂવાની ગુફાએ પહોંચ્યા.

# ૨૨ ભૂવો છટકયો

બંધન મુક્ત થતાં જ મીલુ-નબાટા ભેટી પડયાં અને ખરે સમયે બંનેનું મિલન થયું તે માટે ઈશ્વરપિતાનો આભાર માનવા લાગ્યાં. બંનેના મનમાં અનેક પ્રશ્નો હતા. પરંતુ અત્યારે સમય ખૂબ જ કિંમતી હતો. તેમણે ભૂવાના હાથમાંથી એક જણને છોડાવવાનો બાકી હતો. તેનો મિત્ર પણ તે માટે ઉતાવળો થઈ રહ્યો હતો. તે તો પોતાના.મિત્રને સતાવનાર ભૂવાને ખતમ કરી દેવા ચાહતો હતો. નબાટા પણ એ જ ચાહતો હતો જેથી તેમના જીવનમાં આડખીલી બનનાર અને મુશ્કેલીઓ લાવનારનો કાંટો સહજ નીકળી જાય. પરંતુ મીલુએ વિરોધ દર્શાવ્યો. તેણે કહ્યું કે, આપણે એવી કોઈ યોજના કરીએ જેથી તે તેમના મિત્રને મૂકીને ડરને કારણે નાસી જાય. તે ખૂનામરકી કે વ્યર્થ રક્તપાત કરવા ચાહતો ન હતો. તેની દલીલો ફળી. ત્રણેએ ભૂવાને ડરાવી દેવાનો નિર્ણય કર્યો. પરંતુ ત્યારે તો મોડું થઈ ગયું હતું.

ખબરદાર... એક અવાજ તેમની પાછળથી આવ્યો. ધાર્યા કરતાં પણ વધુ ઝડપે ભૂવો પાછો આવી ગયો હતો. તેણે પોતાની બાજીને હારમાં પલટાયેલી જોઈ લીધી હતી. ખભા



બંધન મુક્ત થતાં જ મીલુ-નબાટા ભેટી પડયાં

પરના વજન સાથે તેણે અન્ય ત્રણ શત્રુઓનો સામનો કરવાનો હતો. તે તેના માટે મુશ્કેલ કાર્ય જરૂર હતું પણ તેના ફળદ્રુપ ભેજાએ છટકવા માટેની યુક્તિ વિચારી લીધી હતી. ખભા ઉપર લટકેલ વનવાસીની ગરદન પર પોતાનો ધારદાર ભાલો અડકાડી દેતાં ભૂવાએ ત્રાડ નાંખી.

"ત્યાં જ રહેજો. જો કોઈ પણ હલનચલન કરશે તો તમારા સાથીના મૃત્યુનું કારણ બનશો."

નબાટા, મીલુ અને પેલો વનવાસી આ નવી પરિસ્થિતિમાં સ્તબ્ધ થઈ ઊભા હતા. પોતાના મિત્રને છોડાવવાની તેમની યોજના તાત્કાલિક તો નિષ્ફળ ગઈ હતી. કોઈ નવો વ્યૂહ કરવાની જરૂર હતી પરંતુ તે માટે તો વિચારવાની જરૂર હતી અને તેને માટે સમય ક્યાં હતો ? હમણાં તો ભૂવાનો હૂકમ જ માનવો પડે તેમ હતું. ભૂવો તેમની પરિસ્થિતિ જાણી ગયો હતો. તેમને તક મળી જાય તો પછી તેને માટે કોઈ જ તક રહેવાની ન હતી. તેણે તરત જ બીજો હુકમ છોડયો.

"તમારાં હથિયાર નીચે ફેંકી દો અને ઊંધા ફરીને ઊભા રહો." હાથમાં આવેલી બાજી પલટાઈ હતી અને નિરાશામાં ત્રણેય જણે પીઠ ફેરવી.

"તમારા હથિયાર મારી પાસે છે. તમારામાંથી જે પહેલો પાછળ જોશે તે મારો પ્રથમ શિકાર થશે," ભૂવાનો અવાજ આવ્યો.

ભૂવાએ તે કહ્યું પરંતુ આગળ વધીને તેણે તે હથિયાર ઉપાડયા નહિ કેમ કે તેમ કરવામાં જોખમ હતું. ત્રણે સામટાં

તૂટી પડે તો ? એટલે તે પાછો પગે પાછો ખસ્યો અને જેવો વળાંક પાસે આવ્યો એટલે તરત જ ઝડપી ચાલે નદી તરફ વળ્યો. ભૂવો કોઈ છૂપાવાની જગા શોધવા ચાહતો હતો અને વનવાસીને પણ મૂકવા ચાહતો ન હતો. તેના બે ઉપયોગ હતા. એક તો તેના દ્વારા તે પેલી ત્રિપુટીને તેનાથી દૂર રાખી શકે તેમ હતો અને જો તક મળે તો પોતા પર કરેલા હૂમલાનો બદલો લેવા માગતો હતો.

ભૂવાએ શસ્ત્રો લીધાં નથી તે આ ત્રણે જણ જાણતાં હતાં. પણ પાછું વળીને જોવામાં જોખમ હતું. ખીજવાયેલાં ઘોઘર બિલાડા જેવો ભૂવો વાર કરી દે તેમાં નવાઈ નહિ. થોડો સમય પસાર થયો પણ કશું થયું નહિ ભૂવાનો કશો અવાજ આવ્યો નહિ. એટલે ત્રણે જણે સામટી પાછળ નજર કરી તો ભૂવો દેખાયો નહી અને કશો હુમલો પણ થયો નહિ. ભૂવો છટકી ગયો તે સમજતાં તેમને વાર લાગી નહિ.

“મારી વાત માની નહિ અને ભૂવાને મારવાની તક તથા મિત્રના પ્રાણ બંને મેં તો ખોયાં” પેલો વનવાસી બબડતો હતો.

“એવું નથી મિત્ર,” મીલુએ પોતાના શસ્ત્ર ઉપાડતાં કહ્યું, “ભૂવો હવે આપણાં હાથમાંથી ક્યાંય જઈ શકવાનો નથી.”

“એ કેવી રીતે ?” નબાટા તથા પેલા વનવાસીએ એક સાથે પ્રશ્ન કર્યો.

પણ ઉત્તર આપવાને બદલે મીલુ જમીન પર કાન માંડીને કાંઈક સાંભળી રહ્યો હતો. જ્યારે તે ઊભો થયો ત્યારે તેના

ચહેરા પર સ્મિત છવાયેલું હતું. પેલા બંને પ્રશ્નાર્થ નજરે તેની સામે જોઈ રહ્યા હતા.

"મિત્રો, ભૂવો નદીના કોતરો તરફ જઈ રહ્યો છે. તે કોઈ આશ્રયસ્થાનની શોધમાં છે. પણ તેણે ખોટી દિશા પકડી છે. ત્યાં વિશાળ પથ્થરો સિવાય તેને કાંઈ મળવાનું નથી. જુઓ આપણે તેને ત્યાં જ ઘેરી શકીશું અને આપણા મિત્રને બચાવી શકીશું આ વખતે પૂરતી સાવધાની રાખજો. હું કહું તે માર્ગે આગળ વધજો પણ ભૂવો દેખાય એટલે અટકી જજો. જ્યારે તમે મારા મુખેથી ચીબરીના જેવો અવાજ સાંભળો ત્યારે જ બહાર આવજો જરા પણ ઉતાવળ કરવામાં પંખી છટકી જશે અથવા આપણા મિત્રને હાનિ થશે." કહી તેણે બીજી કેટલીક સૂચનાઓ આપી અને તેમને બતાવેલા માર્ગે કેવી રીતે આગળ વધવું તેની દોરવણી આપી. બંને સમજી ગયા પછી તેણે તેમને કહ્યું, "જાઓ આગળ વધો." નબાટા તથા વનવાસી છૂટા પડીને મીલુએ બતાવેલી દિશામાં આગળ વધવા માંડયા તેઓ ગયા એટલે મીલુ ઘૂંટણે પડયો અને પ્રાર્થના કરવા લાગ્યો, "પ્રિય પ્રભુ, તમે જાણો છો, હું બંનેને બચાવવા ચાહું છું તોપણ તમારી ઈચ્છા પ્રમાણે થાઓ. પ્રભુ ઈસુના નામમાં આમેન." પછી ઊભો થઈને મીલુ ફરીથી ધરતીને કાન દઈ સાંભળી રહ્યો. તેના મિત્રો સાચી દિશામાં આગળ વધતા હતા અને ભૂવો ? એ પણ મીલુની કલ્પના પ્રમાણે જ ચાલતો હતો.

# ૨૩ ઈશ્વરની અનોખી રીત

આશ્રયસ્થાન શોધતો ભૂવો એક વિશાળ પથ્થર પર આવી ઊભો હતો, નીચે નદીના પાણી ધસમસતાં જઈ રહ્યાં હતાં. વજન ઊંચકીને ચાલવાને કારણે તે થોડો થાકેલો જણાતો હતો વળી તેને જોઈતું સ્થાન હજી તેની નજરમાં આવ્યું ન હતું. તેને ઉતાવળ હતી કેમ કે પેલી ત્રિપુટી વધુ સમય મૂર્ખ નહીં બને અને તરત જ શોધ આરંભશે. તેઓ તેને પહોંચી જાય તે પહેલાં કોઈ સુરક્ષિત સ્થાનમાં ગોઠવાઈ જવાનો તેનો પેંતરો હતો. હવે અહીંથી ક્યાં જવું તે તેને માટે એક પ્રશ્ન હતો. શું અહીંથી પાછા ફરવું ? તેણે પોતે જે રસ્તેથી આવ્યો હતો તે રસ્તે નજર નાંખી અને તે ચમક્યો. તેણે જોયું તો તે રસ્તેથી મીલુ તેની ઉપર નજર નોંધીને આવી રહ્યો હતો. ભૂવાએ તે આવશે એવી તો કલ્પના કરી હતી પણ તે આટલો જલ્દી આવી જશે તેવો વિચાર તેને આવ્યો ન હતો. તેના ખભા પરનો બેહોશ વનવાસી હવે ભાનમાં આવી ગયો હતો. ભૂવાએ જોયું કે મીલુએ ખભેથી કામઠી ઉતારીને તેની સામે નિશાન લીધું હતું. ભૂવો એવી રીતે ઊભો રહ્યો કે તીર તેના ખભા પરના વનવાસીને જ વાગે.

"મીલુ ત્યાં જ અટકી જા. તારા મિત્રનો પ્રાણ મારા હાથમાં છે. શું તું તેને મારીશ ! ભૂવાએ ઈરાદાપૂર્વક ભાલો ઊંચો કરતા કહ્યું, "ભૂવાજી, હવે તમે છટકી શકવાના નથી. મારા મિત્રને નીચે મૂકી દો અને શરણે આવી જાવ." મીલુએ આગળ વધતાં કહ્યું.

"મૂર્ખ ન બનીશ, મીલુ" ભૂવાએ કહ્યું "હું ખાલી ધમકી આપતો નથી."

"ભૂવાજી તમે ઘેરાઈ ચૂક્યા છો. તમે શરણે આવો તમે કોઈ પણ રસ્તેથી છટકી શકવાના નથી." જુઓ કહી તેણે ચીબરીના જેવો અવાજ કર્યો.

ભૂવાએ જોયું તો ચીબરીના અવાજ સાથે જ એક બાજુથી નબાટા તેની કામઠી સાથે આગળ વધ્યો અને બીજી બાજુથી વનવાસી તેનો ભાલો ભયજનક રીતે હલાવતો આગળ વધવા માંડયો.

"ભૂવાજી, મારા મિત્રને મૂકીને શરણે આવો. અમે તમને મારી નાંખીશું નહિ." મીલુએ બૂમ પાડી.

"છટ્ તારી દયા પર મારે જીવવું નથી. ભૂવાના કાળા મેંશ ચહેરા પર કડવાશ તરી આવી." મારા પર હુમલો કરનારને હું કદી માફ કરતો નથી. જો આ તારો મિત્ર ગયો..."

... એમ કહેતા ભૂવાએ ખભા પરના વનવાસીને ફંગોળીને નદીમાં ઘા કર્યો. પેલો છપાક કરતાં બંધન સાથે પાણીમાં જઈ પડયો. તેની પાછળ જ ભૂવો પણ કૂદી પડયો.

મીલુ, નબાટા અને વનવાસી ત્રણે દોડીને ભૂવાની જગાએ

આવી ગયાં, એક ક્ષણ મૂઢ બનીને ઊભા રહ્યાં ત્યાં જ મીલુએ નિર્ણય લઈ લીધો.

"નબાટા, તું ભૂવા પર નજર રાખજે" કહેતા મીલુએ તીર કામઠી તથા ભાલો ફેંકી દીધાં અને નદીના પાણી પર સ્થિર નજર કરી ઊભો ત્યાં જ પેલા પાણીમાં નાંખેલા વનવાસીને પ્રથમવાર પાણીની સપાટી પર આવેલો જોયો. અંદાજ લગાવીને મીલુએ જોરદાર છલાંગ મારી અને જ્યાં વનવાસી પાછો ડૂબ્યો હતો ત્યાં પડયો. પડતાં જ તેણે શ્વાસ રોકીને ઊંડી ડૂબકી લગાવી પાણીને તળિયે તેણે વનવાસીને શોધી કાઢયો અને પાણીમાં જ તેના હાથના બંધન કાપી નાખ્યા અને પગના પણ કાપ્યાં, ત્યારે જ બંને પાણીની સપાટી પર આવી ગયા અને વળી પાછા પાણીએ જાણે કે તેમને સમાવી લીધાં. બંધન તથા અચાનક પાણીમાં પડવાને કારણે વનવાસી સારું એવું પાણી પી ગયો હતો તે ભાન ગુમાવી રહ્યો હતો. મીલુએ હિંમતથી તેને સહાય કરવાનો પ્રયત્ન કર્યો પણ પેલો તો મીલુને બાઝી જ પડયો. કદાચ તેને તરતાં આવડતું ન હતું. મીલુ છુટો રહેવા ચાહતો હતો કેમ કે ભૂવો પણ તે જ પાણીમાં હતો. ત્યારે તેની નજરે પડી જવાય તો તે વસૂલાત કરવામાં કાંઈ બાકી રાખે તેમ ન હતો તેથી તે પોતાની કટારી છોડવા ચાહતો ન હતો. પણ હવે તે શું કરે ! આમ તો બંને ડૂબી જાય. તેણે કટારી પાણીમાં જ જવા દીધી અને પેલા વનવાસીને લઈને સપાટી પર આવ્યો. નબાટા તથા વનવાસીને તેણે પથ્થર પર ઊભા રહેલા જોયાં તેણે દોરડું નાંખવા ઈશારત કરી નબાટા સમજી ગયો. તેણે કમરે



તે નદીના પાણી પર સતત નજર રાખી રહ્યો હતો

વીંટાળેલ દોરડાને ઝડપથી છૂટું કર્યું અને ગાળિયો બનાવી પાણીમાં જવા દીધો.

મીલુ ધસમસતા પાણી સામે વનવાસીના વજન સાથે ટક્કર લઈ રહ્યો હતો. વનવાસી અદ્ધર શ્વાસે તે જોઈ રહ્યો હતો. નબાટાને ભૂવાના હુમલાની બીક હતી. તે નદીના પાણી પર સતત નજર રાખી રહ્યો હતો પણ ભૂવો એક પણ વાર સપાટી પર આવ્યો ન હતો. ઘણાં પ્રયત્ન પછી મીલુ પેલા બેભાન વનવાસીના હાથોમાં ગાળિયો ભરાવવામાં સફળ થયો. અને પછી છૂટો થયેલો મીલુ એક ઊંડો શ્વાસ ભરીને પાછો પાણીમાં ડૂબકી મારી ગયો. નબાટા સમજી ગયો. મીલુ ભૂવાની શોધમાં હતો તેણે પેલા વનવાસીને તેના સાથી ને ઉપર ખેંચી લેવાનું કહ્યું અને બંનેએ મળીને તેને ઝડપથી પથ્થર ઉપર ખેંચી લીધો અને ઊંધો પાડીને તેના પેટમાંથી પાણી કાઢી લીધું પછી નબાટા તરત જ મીલુની સાથે પાણીમાં કૂદી ડયો અને ભૂવાની શોધ કરવામાં જોડાઈ ગયો પરંતુ લાંબી શોધ કર્યા પછી પણ ભૂવાનો કોઈ પત્તો તેમને લાગ્યો નહિ. આખરે નિરાશ થઈને બંને પાછા કિનારે આવીને પેલા પથ્થર પર તેમના સાથી પાસે આવ્યા. ત્યારે પેલો વનવાસી ભાનમાં આવતો હતો. ભાનમાં આવતાં જ તેણે મીલુ નબાટાનો આભાર માન્યો.

"આભાર તો ઈશ્વરપિતાનો માનવો જોઈએ તે કોઈનો વિનાકારણ નાશ થાય તેમ ચાહતો નથી. તે આપણને નાશમાં જતાં બચાવવા ચાહે છે." મીલુએ કહ્યું.

"પણ આ ઈશ્વરપિતા અને ઈસુ જંગલ દેવતા કરતા મહાન છે?" પેલા બંનેએ પૂછયું. તેના ઉત્તરમાં નબાટા-મીલુએ ઈશ્વર

પિતાના અજાયબ પ્રેમ તથા તેના અનુપમ ઉદ્ધારની વાત જણાવી અને તારણ પામવા માંટે આહવાન આપ્યું ત્યારે તે બંનેએ ઘણાં પ્રેમ તથા દીનતાથી પ્રભુ ઈસુનો વ્યક્તિગત ઉદ્ધારકર્તા તરીકે સ્વીકાર કર્યો. બંનેના હ્રદયમાં અજબ શાંતિનો તથા આનંદનો અનુભવ થયો. બંનેએ તેમને તેમના ગામમાં "ઈસુની વાત" કહેવા આવવા માટે આમંત્રણ આપ્યું અને વિદાય થતી વખતે તેમની સાથે ઘણી ટ્રાક્ટો અને સુવાર્તાઓ લઈ ગયા, તેઓ ગયા પછી મીલુ તથા નબાટાએ ઈશ્વરપિતાની ઉપકારસ્તુતિ કરી. "મીલુ જે ગામમાં આપણે સુવાર્તા લઈને જવાના હતા ત્યાં તો આપણાં જતાં પહેલા જ સુવાર્તા પહોંચી ગઈ નહિ ?" "ઈશ્વરના માર્ગો તો આપણાં માર્ગો કરતાં જુદા હોય છે. આપણે સીધા જ તે ગામમાં ગયાં હોત કદાચ આપણે માટે મુશ્કેલીઓ આવત અને સુવાર્તા કોઈ સાંભળત જ નહિ પણ હવે તો પ્રભુના કામને માટે માર્ગ મોકળો થઈ ગયો છે. ભૂવાનો અવરોધ એ આપણા લાભમાં જ થયો ને !"

"ભૂવો તો પાણીમાં ક્યાંય દેખાયો જ નહિ, તે મરી ગયો હશે ?"

"ઓહ, તે જીવન પામ્યો હોત તો કેવું સારું ?" ખિન્ન થતાં મીલુ બોલી ઉઠયો. "આપણે તો તેને બચાવવાનો ઘણો પ્રયત્ન કર્યો."

બંનેએ ફરીથી ઘૂંટણો પર ઈશ્વરપિતાનો આભાર માન્યો અને મિશનેરી સેવામાં દ્રઢતા સાથે આગળ વધવાનાં દઢ નિર્ણય સાથે છૂટા પડયાં.

◆◆◆

## ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીના પ્રકાશનો

| ક્રમ | પુસ્તકનું નામ | કિંમત |
|---|---|---|
| ૧. | માર્કનો સંદેશો | |
| ૨. | અયૂબ | |
| ૩. | ટેકરીઓનો સાદ | |
| ૪. | વિશ્વવ્યાપી જળપ્રલય | |
| ૫. | પ્રાર્થના પરાયણ જોન હાઈડ | ૩૦-૦૦ |
| ૬. | રાજાધિરાજને ચરણે-છ ભાગ | ૨૮-૦૦ |
| ૭. | બારાબ્બાસ | ૩૦-૦૦ |
| ૮. | પ્રેષિતોના કૃત્યો | ૮૦-૦૦ |
| ૯. | ચિત્રમય બાઇબલ અભ્યાસક્રમ સેટ | ૧૫-૦૦ |
| ૧૦. | ધી રોબ | ૨૦-૦૦ |
| ૧૧. | પ્રબોધકો અને તેના કાર્યો | ૨૦-૦૦ |
| ૧૨. | ઝબકાર અને ઝાંખી | ૨૦-૦૦ |
| ૧૩. | સભાશિક્ષક | ૩૦-૦૦ |
| ૧૪. | અનેક માની આંસુભરી પ્રાર્થનાના પરિણામ | ૧૫-૦૦ |
| ૧૫. | યાત્રાકારી | ૨૦-૦૦ |
| ૧૬. | વધસ્તંભના સપ્તવચન | ૧૫-૦૦ |
| ૧૭. | કૌટુંબિક વેદી | ૧૦-૦૦ |
| ૧૮. | બેનહર | ૩૦-૦૦ |
| ૧૯. | વધામણીની વાતો | ૧૦-૦૦ |
| ૨૦. | પવિત્રશાસ્ત્રનો અભ્યાસી | ૬૦-૦૦ |
| ૨૧. | ફિલિપીઓના પત્રનો સંદેશો | ૪૦-૦૦ |
| ૨૨. | અરમાન નાટયસંગ્રહ | ૪૦-૦૦ |
| ૨૩. | ટૈટસ | ૩૫-૦૦ |
| ૨૪. | શબ ગુફાનો શહીદ અને ઓરિસ્સાની પ્રજ્વલિત શહાદત | ૧૫-૦૦ |

1BGS2

**Published by:**
**GUJARAT TRACT AND BOOK SOCIETY**
**Sahitya Sewa Sadan, Ellisbridge,**
**Ahmedabad - 380 006. INDIA**